પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
# અબતક ®
સાંધ્ય દૈનિક
ગ્રામ્ય આવૃત્તિ પાના:૧૪
તા. ૧૬-૧૦-૨૦૨૬, શુક્રવાર વર્ષ: ૧૫, અંક : ૧૯૧
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

16
વાંચકોનો અખંડ વિશ્વાસ જ અમારી સફળતાનો સિમ્બોલ




તુકારામનો 'તુક્કો'...?

## છૂટક મસાલાના વેચાણ ઉપર મહારાષ્ટ્રમાં પ્રતિબિંધ લગાવાયો

### કેન્સરકારક રંગો અને કેમિકલની ભેળસેળ પકડાતા કાર્યવાહી: આ નિર્ણયથી નાના વેપારીઓમાં ભારે કચવાટ

**અબતક, નવી દિલ્હી**

મહારાષ્ટ્રમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ખુલ્લા મસાલાના વેચાણ પર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાજ્યના વિવિધ ભાગોમાંથી લેવાયેલા મસાલાના સેમ્પલોમાં કેન્સર નોતરે તેવા ઔદ્યોગિક રંગો અને હાનિકારક કેમિકલની ભેળસેળ હોવાનું સામે આવ્યા બાદ આ મોટો નિર્ણય લેવાયો છે. બીજી તરફ એવી પણ ચર્ચા ઉઠી છે કે શુ છૂટક મસાલા વેચવા વાળા જ હરામી ? નાના વેપારીઓ જે પોતાની બ્રાન્ડ ઉભી કરી શકવા સક્ષમ નથી તેઓને આ નિર્ણયથી મોટો માર પડવાનો છે. બીજી તરફ અનેક મોટી બ્રાન્ડ માટે પણ હરિફાઈનું મેદાન મોકળું થઈ ગયાની ચર્ચાએ જોર પકડ્યું છે.

મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તુકારામ મુંઢેએ ગુરુવારે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યભરના વિક્રેતાઓ પાસેથી લેવામાં આવેલા મસાલાના નમૂનાઓમાં સુદાન ડાઈ, મેટાનીલ યલો અને લીડ ક્રોમેટ જેવા ખતરનાક ઔદ્યોગિક રંગો મળી આવ્યા છે. આ તમામ તત્વો કેન્સરકારક છે, જે માનવ શરીર માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. મસાલાના જથ્થાને વધારવા માટે તેમાં લાકડાનો વેર, કૃત્રિમ સ્ટાર્ચ અને ઈંટોના પાવડર જેવી વસ્તુઓ ઉમેરનારાઓ સામે પણ હવે લાલ આંખ કરવામાં આવી છે. મસાલામાં કૃત્રિમ રંગો અને રસાયણોનો ઉપયોગ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

નવા આદેશ મુજબ, એફડીએ દ્વારા મસાલા બનાવતા એકમો અને ફેક્ટરીઓના પરિસરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવશે. ઉત્પાદકોને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો તેઓ આ નિર્દેશોનું ઉલ્લંઘન કરતા ઝડપાશે, તો તેમની સામે કડક કાનૂની કાર્યવાહી થશે અને તેઓ પોતાનું ઉત્પાદન લાયસન્સ પણ હંમેશા માટે ગુમાવી શકે છે. આ ઉપરાંત, મસાલા અને કૃત્રિમ રંગો કે કેમિકલ્સ જો એક જ જગ્યાએ સંગ્રહિત થયેલા જોવા મળશે, તો પણ ફેક્ટરી માલિકો કે વેપારીઓ સામે તંત્ર દ્વારા શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

મસાલાના ઉત્પાદન અને સંગ્રહની પ્રક્રિયામાં સ્વચ્છતાના ધોરણો જાળવવા માટે પણ કડક સૂચનાઓ અપાઈ છે. રાજ્યમાં હવેથી રસ્તાઓ પર, ગટરોની નજીક અથવા અન્ય કોઈપણ અસ્વચ્છ સ્થળોએ મસાલા સુકવવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ સાથે જ મસાલાના સ્ટોરેજ (સંગ્રહ) માટેના નિયમો પણ કડક બનાવવામાં આવ્યા છે. ભૂતકાળમાં મસાલામાં કૃત્રિમ રંગોના ઉપયોગથી નાગરિકોના સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચ્યું હોવાના અનેક કિસ્સાઓ સામે આવતા લોકોના જીવના જોખમને ટાળવા માટે તંત્રએ આ આખરી અને સખત નિર્ણય લીધો છે.

## SIR વિવાદ વચ્ચે ગુજરાત સહિત ૧૭ રાજ્યોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમની જાહેરાત

### ૧ જાન્યુઆરી ૨૦૨૭ને લાયકાતની તારીખ ગણીને નવા મતદારોને જોડાવા અને ભૂલો સુધારવા તક મળશે: આગામી ૪ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ

**અબતક, નવી દિલ્હી**

દેશમાં ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીમાં ખાસ સુધારો કરવા માટે 'વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણ' (એસએસઆર) યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને વધુ સચોટ બનાવવાનો અને નવા યુવા મતદારોને તેમાં જોડવાનો છે. ચૂંટણી પંચે આ પ્રક્રિયા માટે ૧ જાન્યુઆરી ૨૦૨૭ને લાયકાતની તારીખ તરીકે નક્કી કરી છે, જેના આધારે મતદાર યાદી અપડેટ કરવામાં આવશે. આગામી ૪ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ (અનુ. આઠમા પાને)

### એસઆઈઆર અને એસએસઆર પ્રક્રિયા વચ્ચે શું તફાવત છે?

એસએસઆરમાં મુખ્યત્વે નવા પાત્ર લોકોને ઉમેરવા અને સામાન્ય સુધારા કરવા પર ધ્યાન અપાય છે, જેમ કે સરનામું બદલવા માટે જાતે ફોર્મ ભરવું પડે છે. જ્યારે એસઆઈઆર એક બહુ વ્યાપક પ્રક્રિયા છે. (અનુ. આઠમા પાને)

શૌર્ડસ વિણાટ દેશી
કાઠિયાવાડી
ખમણ નમકીન
કરીયાણાના વેપારી
મોલ-સુપર માર્કેટ માટે ઓફર
અપ્પુ ચણાદાળ
ડીલર એજન્ટ જોઈએ છે
વિણાટ ચણા મળશે
9824200970

## વારસો અને વિશ્વાસ અમારી જવાબદારીને વધુ મહત્વપૂર્ણ બનાવે છે, નાણાકીય શિસ્ત અમારા ડીએનએમાં: ઈશા અંબાણી

### નબળી ઈન્ટરનેટ કનેક્ટિવીટીના અનુભવ બાદ 'જિયો'ની શરૂઆતનો વિચાર જાગ્યો





**અબતક, રાજકોટ**

ઈસા અંબાણીએ જણાવ્યું હતું કે, આ વાત લગભગ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ની છે. આકાશ અને હું અમેરિકામાં કોલેજમાં અભ્યાસ કરતા હતાં. રજાઓ દરમિયાન અમે મુંબઈમાં ઘરે આવ્યાં હતાં. મારે એક અસાઈનમેન્ટ ઑનલાઈન સબમિટ કરવાનું હતું. મેં અસાઈનમેન્ટ સબમિટ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ દુર્ભાગ્યવશ ઈન્ટરનેટ કામ કરતું નહોતું અને હું મારું અસાઈનમેન્ટ સબમિટ કરી શકી નહીં. ત્યારબાદ અમારી વચ્ચે એક ચર્ચા શરૂ થઈ-ભારત વિકાસની આ દોડમાં પાછળ કેમ રહે? પશ્ચિમી દેશોમાં અમને જે પ્રકારની કનેક્ટિવિટીનો અનુભવ થતો હતો, તેવી કનેક્ટિવિટી ભારતમાં કેમ ઉપલબ્ધ નહોતી?

આકાશને દૃઢ વિશ્વાસ હતો કે આ સમસ્યાનો જવાબ અને ઉકેલ એક એવી ડિજિટલ ટેક્નોલોજી પ્લેટફોર્મ કંપની બનાવવામાં છે, જે ભારતની આ જરૂરિયાત પૂરી કરી શકે.

વર્ષ ૨૦૧૬માં જિયોની શરૂઆત થઈ અને આજે આપણે વર્ષ ૨૦૨૬માં છીએ. સૌપ્રથમ, અમારા દરેક વિચારની પાછળ લાંબા ગાળાની દૃષ્ટિ હોય છે. રિલાયન્સમાં અમે માત્ર આજના કે આવતીકાલના દિવસ માટે બિઝનેસ ઊભો કરતા નથી. અમે દાયકાઓ પછી શું થવાનું છે અને ભવિષ્યમાં કઈ તકો ઊભી થશે, તે વિશે પણ ઊંડાણપૂર્વક વિચારીએ છીએ. બીજું મહત્ત્વપૂર્ણ પાસું છે-સ્કેલ એટલે કે વિશાળ પાયે કામગીરી અને વિકાસ. અમારા માટે મુખ્ય પ્રશ્ન એ હોય છે કે આપણે કયા સ્તરનો વ્યાપ અને ક્ષમતા ઊભી કરવી જોઈએ, જેથી જે ઉદ્યોગમાં અમે કાર્ય કરીએ છીએ તેની આર્થિક વ્યવસ્થામાં મૂળભૂત પરિવર્તન લાવી શકાય. ત્રીજું પાસું છે-અમલીકરણ રિલાયન્સને સમજવા માટે એ સમજવું જરૂરી છે કે અમે મૂળભૂત રીતે એક ટેકનોલોજી અને એન્જિનિયરિંગ આધારિત કંપની છીએ.

અમારી સમગ્ર સંસ્થામાં અસરકારક અમલીકરણ એક મજબૂત આદત બની ગયું છે. આ જ ક્ષમતા અમને અમારા લક્ષ્યો હાંસલ કરવામાં અને અમારા મિશન પ્રત્યેની પ્રતિબદ્ધતા જાળવવામાં મદદ કરે છે. નાણાકીય શિસ્ત અમારા ડીએનએમાં જ વણાયેલી છે. વર્ષ ૨૦૧૯માં મારા પિતાએ રિલાયન્સના તમામ શેરહોલ્ડર્સને એક પ્રતિબદ્ધતા આપી હતી. તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૧ સુધીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને નેટ ડેટ-ફ્રી કંપની બનાવવામાં આવશે, એટલે કે કંપનીનું ચોખ્ખું દેવું શૂન્ય કરવામાં આવશે. ત્યારબાદ વર્ષ ૨૦૨૦ આવ્યું અને તેની સાથે કોવિડ-૧૯ મહામારી તથા વૈશ્વિક આર્થિક મંદી પણ આવી. આટલા મોટા પડકારો હોવા છતાં, નિર્ધારિત સમયમર્યાદા કરતાં નવ મહિના વહેલાં આ વચન પૂરું કરવામાં આવ્યું. રિલાયન્સમાં શેરહોલ્ડર્સને આપેલી પ્રતિબદ્ધતાનો અર્થ અમારા માટે આ જ છે-પરિસ્થિતિ ગમે તેવી હોય, આપેલું વચન પૂરું કરવું. નાણાકીય કામગીરીની બાબતમાં અમે અમારા વ્યવસાયને બે મુખ્ય ધ્યેયો તરફ દોરીએ છીએ.

પ્રથમ, અમે એવી મજબૂત બેલેન્સ શીટ ઊભી કરવા અને તેને સુરક્ષિત રાખવા માગીએ છીએ, જે કોઈપણ પડકારજનક પરિસ્થિતિનો સામનો કરી શકે. બીજું, અમે અમારા વ્યવસાયને એવી દિશામાં આગળ વધારીએ છીએ કે તે સતત વધતો રહે અને લાંબા ગાળે ફ્રી કેશ ફ્લોનું સર્જન કરે. વર્ષો દરમિયાન આ અભિગમે અમને એક સતત વિકાસચક્ર ઊભું કરવામાં મદદ કરી છે-બિઝનેસનું નિર્માણ કરવું, તેમાં રોકાણ કરવું, તેનો વ્યાપ વધારવો, રોકડ પ્રવાહ ઊભો કરવો અને ત્યારબાદ ફરીથી વિકાસમાં રોકાણ કરવું. 'ગ્રોથ ઈસ લાઈફ'-વિકાસ એ જ જીવન છે-અમારું સૂત્ર છે. રિલાયન્સમાં અમે હંમેશાં આ સૂત્રને ધ્યાનમાં રાખીને આગળ વધીએ છીએ. વર્ષ ૧૯૭૭માં મારા દાદા ધીરુભાઈ અંબાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને શેરબજારમાં લિસ્ટેડ કંપની બનાવી હતી. આજે એ ઘટનાને લગભગ ૫૦ વર્ષ થવા આવ્યાં છે. ત્યારથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ વાર્ષિક ધોરણે ૨૯%નું વળતર આપ્યું છે.

આજે હું મારા દાદાને ખૂબ જ પ્રેમ અને કૃતજ્ઞતા સાથે યાદ કરું છું. તેમના માટે રિલાયન્સ માત્ર એક કંપની નહોતી. રિલાયન્સ એક પ્રતિજ્ઞા હતી-દરેક ભારતીયને ભારતના વિકાસમાં ભાગ લેવાની, દેશની સમૃદ્ધિમાં પોતાનો હિસ્સો મેળવવાની અને વધુ સારા ભવિષ્યમાં વિશ્વાસ રાખવાની તક મળવી જોઈએ. મારા દાદા ફૂટબોલનાં વિશાળ સ્ટેડિયમોમાં હજારો લોકોને એકત્રિત કરતા અને તેમને વધુ મજબૂત, આત્મવિશ્વાસુ અને સમૃદ્ધ ભારતનું સ્વપન જોવાની પ્રેરણા આપતા હતા. તેમનો સંદેશ સરળ હતો, પરંતુ ખૂબ જ શક્તિશાળી હતો, મોટાં સપનાં જોવાની હિંમત રાખો, નિર્ભય બનો, વિશાળ દૃષ્ટિકોણ સાથે વિચારો અને સતત નવીનતા દ્વારા શ્રેષ્ઠતા હાંસલ કરો.

ત્રણ પેઢીઓ પછી પણ આકાશ, અનંત અને હું અમારા સૂત્ર 'ઋદ્ધિં વિં શત કશરય' પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. અમે માત્ર અમારા દાદાનું વિઝન જ આગળ ધપાવી રહ્યાં નથી, પરંતુ લાખો શેરહોલ્ડર્સના વિશ્વાસને પણ આગળ લઈ જઈ રહ્યાં છીએ. આ શેરહોલ્ડર્સે તેમના વિઝનમાં વિશ્વાસ મૂક્યો અને તેને પોતાનું વિઝન બનાવ્યું. આ જ વારસો અને વિશ્વાસ અમારી જવાબદારીને વધુ મહત્ત્વપૂર્ણ બનાવે છે.



### જિયો પ્લેટફોર્મ્સ લીમીટેડનો આઈપીઓ આવી રહ્યો છે ત્યારે ડિરેક્ટર ઈશા અંબાણીએ જિયોની શરૂઆત અંગે માહિતી આપી હતી









### મ્યાઉં બોલતી મમતાની ભાષા, જીવદયા શીખવતી કુદરતની પરિભાષા

# બિલાડીની મીઠાશમાં માનવતાનો મહેકતો અહેસાસ: વિશ્વમાં ૭૦થી વધુ પ્રજાતિઓ

## બિલાડીઓ મ્યાઉં, પ્યુરિંગ, શરીરની સ્થિતિ અને પૂંછડીની હિલચાલ દ્વારા વાતચીત કરે છે: ભારતમાં સામાન્ય રીતે જોવા મળતી દેશી બિલાડી, ઉપરાંત પર્શિયન, સિયામીઝ, મેઈન કૂન, બંગાળ, રશિયન બ્લુ અને સ્કોટિશ ફોલ્ડ જેવી વિદેશી નસલો પ્રખ્યાત છે

બાળપણમાં આપણે એક બિલાડી જાડી આ ગીત ઘણી વખત ગાયું છે, આપણા આંગણાના પશુઓ માં તે પણ આપણી સાથે પ્રાચીન કાળથી રહે છે. મોટાભાગના લોકોને પ્રશ્ન થાય કે કાળી બિલાડીને અશુભ કેમ ગણવામાં આવે છે ? ભારતમાં કાળી બિલાડી આડી ઉતરે તો અપશુકન મનાય છે, પણ આ માન્યતા વૈજ્ઞાનિક નથી. આ માન્યતાનું મૂળ મધ્યયુગીન યુરોપમાં છે, ત્યાં કાળી બિલાડીને ડાકણ અને દુષ્ટ શક્તિઓ સાથે જોડવા માં આવતી હતી. રાત્રે કાળી બિલાડી દેખાતી ન હોવાથી અકસ્માતનો ભય રહેતો, તેથી લોકો રોકાઈ જતા. ભારતમાં આ વાત વહેમ તરીકે આવી. હકીકતમાં ઈંગ્લેન્ડ અને જાપાનમાં કાળી બિલાડીને શુભ અને નસીબદાર માનવામાં આવે છે. તેનો રંગ માત્ર મેલેનિન પિગમેન્ટને કારણે કાળો હોય છે.

ઈતિહાસકારોના મતે બિલાડીને સૌપ્રથમ ઈ.સ. પૂર્વે ૭૫૦૦ આસપાસ સાયપ્રસ ટાપુ પર પાળવામાં આવી હતી. પરંતુ સંગઠિત રીતે પાળવાની શરૂઆત પ્રાચીન ઈજિપ્તમાં થઈ, જ્યાં તેને દેવી બાસ્ટેટનું સ્વરૂપ માની પૂજા થતી હતી. ઈજિપ્તમાં બિલાડીને મારવી એ ગુનો હતો. ત્યાંથી વેપારી જહાજો મારફતે બિલાડી ગ્રીસ અને રોમ પહોંચી. ભારતમાં સંસ્કૃત ગ્રંથોમાં તેને માર્જાર કહેવામાં આવી છે. ૧૯૬૦ના દાયકા સુધી બિલાડીને માત્ર ખેતી ઉપયોગી પ્રાણી ગણવામાં આવતી, હવે તે વિશ્વનું બીજું સૌથી લોકપ્રિય પાલતુ પ્રાણી બની ગઈ છે. વિશ્વમાં બિલાડીઓના મુખ્ય બે વર્ગ છે, જંગલી અને પાળતુ. વૈજ્ઞાનિક રીતે ઘરની બિલાડીને ફેલીસ કેટ કહેવાય છે. પાળતુ બિલાડીઓમાં ૭૦થી વધુ માન્ય પ્રજાતિઓ છે. ભારતમાં સામાન્ય રીતે જોવા મળતી દેશી




### પર્શિયન બિલાડી તેના લાંબા વાળ અને શાંત સ્વભાવ માટે, જ્યારે સિયામીઝ તેની વાતોડી પ્રકૃતિ અને વાદળી આંખો માટે જાણીતી છે: દરેક નસલનો સ્વભાવ, રોગપ્રતિકારક શક્તિ અને આયુષ્ય અલગ હોય છે

બિલાડી, ઉપરાંત પર્શિયન, સિયામીઝ, મેઈન કૂન, બંગાળ, રશિયન બ્લુ અને સ્કોટિશ ફોલ્ડ જેવી વિદેશી પ્રજાતિઓ જાણીતી છે. પર્શિયન બિલાડી તેના લાંબા વાળ અને શાંત સ્વભાવ માટે, જ્યારે સિયામીઝ તેની વાતોડી પ્રકૃતિ અને વાદળી આંખો માટે જાણીતી છે. દરેક નસલનો સ્વભાવ, રોગપ્રતિકારક શક્તિ અને આયુષ્ય અલગ હોય છે.

માણસ અને બિલાડીનો સંબંધ લગભગ ૧૦ હજાર વર્ષ જૂનો છે. શરૂઆતમાં બિલાડી ખેતરોમાં અનાજને ઉંદરથી બચાવવા માટે પાળવામાં આવી હતી. આજે તે માત્ર ઉંદર પકડનાર પ્રાણી નથી, પણ એક કુટુંબના સભ્ય તરીકે સ્થાન પામી છે. મનોવિજ્ઞાનના અભ્યાસો કહે છે કે બિલાડીને પંપાળવાથી માનસિક તણાવ ઘટે છે અને બ્લડપ્રેશર નિયંત્રણમાં રહે છે. બિલાડી ક્યારેય માલિકની ગુલામ નથી બનતી, તે સહજીવનમાં માને છે, એટલે જ તેને સ્વતંત્રતાનું પ્રતીક પણ કહેવાય છે. જંગલી બિલાડી જેવી કે જંગલ કેટ, કેરાકલ કેટ બોબકેટ, કદમાં મોટી, વધુ આક્રમક અને નિશાચર શિકારી હોય છે. તેના પગના પંજા મજબૂત અને કાન સતેજ હોય છે. જ્યારે ગામ કે શહેરની પાળતુ બિલાડી હજારો વર્ષના પાલનને કારણે માણસ પર નિર્ભર બની છે. તેનો શિકારનો વિસ્તાર નાનો છે, અવાજ ધીમો છે અને તે મ્યાઉં અવાજ ખાસ માણસ સાથે વાતચીત કરવા માટે જ વિકસાવ્યો છે. જંગલી બિલાડી એકલી રહે છે, જ્યારે શહેરી બિલાડી કોલોનીમાં પણ અનુકૂલન સાધી લે છે. તે તેના બચ્ચાને લઈને અલગ અલગ ઘર ફરે છે. છેલ્લા દસકામાં ભારતમાં પેટ કલ્ચરમાં મોટો બદલાવ આવ્યો છે. કૂતરા કરતાં બિલાડી પાળવી સરળ છે. તેને ફરવા લઈ જવાની જરૂર નથી, નાની જગ્યામાં રહી શકે છે, અને દિવસમાં ૧૨ થી ૧૬ કલાક ઊંઘે છે, જે નોકરિયાત વર્ગ માટે અનુકૂળ છે. સોશિયલ મીડિયા પર કેટ વીડિયો અને મીમ્સે યુવાનોમાં તેનો ક્રેઝ વધાર્યો છે. ઉપરાંત, બિલાડીનો ખર્ચ કૂતરા કરતાં ૩૦ થી ૪૦ ટકા ઓછો આવે છે, અને તે વધુ સ્વચ્છ પ્રાણી છે, જે પોતાની જાતે જ સાફ સફાઈ કરી લે છે. બિલાડીને 'નવ જીવ' કહેવાની પાછળ વૈજ્ઞાનિક કારણ છે. તેની રોગપ્રતિકારક શક્તિ તેજ હોય છે. બિલાડીના શરીરમાંથી નીકળતો ઘુરઘુરાટ અવાજ ૨૫ થી ૧૫૦ હર્ટ્ઝની ફ્રિકવન્સી પર હોય છે, જે તેના હાડકા અને સ્નાયુઓને ઝડપથી રિપેર કરે છે. તે અત્યંત ચપળ છે અને ઊંચાઈ પરથી પડતી વખતે શરીરને સંતુલિત કરી લે છે. વળી, તે ખાવા-પીવામાં ખૂબ જ પસંદગી યુક્ત હોય છે, વાસી કે શંકાસ્પદ ખોરાક તરત સૂંઘીને છોડી દે છે, જેનાથી ચેપનું જોખમ ઘટે છે. સામાન્ય ઘરેલુ બિલાડીઓ પણ રંગ, કદ, સ્વભાવ અને રૂંવાટીની દૃષ્ટિએ એકબીજાથી અલગ હોય છે. બિલાડીઓની રાત્રિદૃષ્ટિ મનુષ્ય કરતાં ઘણી સારી હોય છે, તેમની મૂછો આસપાસની જગ્યાનો અંદાજ મેળવવામાં મદદ કરે છે અને કાનની મદદથી તેઓ અત્યંત ઝીણા અવાજો પણ સાંભળી શકે છે. તેમની જીભ પરના નાના, કાંટા જેવા પેપિલા રૂંવાટી સાફ કરવામાં મદદ કરે છે. તેમનું 'મ્યાઉં' બોલવું ઘણી વાર માણસ સાથે સંવાદ સાધવાનું માધ્યમ બને છે, પ્રત્યેક પ્રજાતિનો પોતાનો એક અલગ જ અનોખો મિજાજ હોય છે, જે ઘરના વાતાવરણને જીવંત અને આનંદિત બનાવે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### બિલાડીઓ વિશે રસપ્રદ તથ્યો

બિલાડીઓ દિવસમાં ૧૨ થી ૧૬ કલાક ઊંઘે છે, જે લગભગ કોઈપણ સામાન્ય પાલતુ પ્રાણી કરતાં વધુ છે.બિલાડીના નાકની પેટર્ન દરેક વ્યક્તિ માટે અનન્ય હોય છે જેમ માનવ ફિંગરપ્રિન્ટ હોય. બિલાડીઓ મ્યાઉં, પ્યુરિંગ, શરીરની સ્થિતિ અને પૂંછડીની હિલચાલ દ્વારા વાતચીત કરે છે.બિલાડી ઓ ખૂબ ઓછા પ્રકાશમાં પણ સ્પષ્ટ જોઈ શકે છે.

આ લક્ષણ તેમના જંગલી પૂર્વજો પાસેથી વારસામાં મળ્યું છે.પ્રાચીન ઈજિપ્તમાં, બિલાડીઓ ને આદરણીય અને રક્ષણાત્મક દેવતાઓ સાથે સાંકળવામાં આવતી હતી, જે ઈતિહાસમાં સૌથી પ્રાચીન માનવ-બિલાડીના બંધનોમાંના એકને પ્રતિબિંબિત કરે છે. વિશ્વભરમાં અંદાજે ૬૦૦ મિલિયન બિલાડીઓ છે, જેમાંથી મોટાભાગની બિલાડીઓને ઘરેલુ પાલતુ તરીકે રાખવામાં આવે છે.

# નિષ્ફળતાનો ડર અને ભવિષ્યની ચિંતા આપે છે માનસિક તણાવ

### માનસિક તણાવમાંથી મુક્તિ મેળવવા માટે વિચારસરણી બદલાવવી ખૂબ જ જરૂરી

**ડો.બી.આર.વાઘેલા**
**પ્રમુખ : શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ - રાજકોટ**

માનસિક સ્વાસ્થ્ય એ માનસિક રોગ કે બીમારીનો કોઈ અભાવ જોવા મળતો નથી. પણ તે આપણે શું અને કેવું વિચારીએ? આપણે શું અનુભવીએ? કે પરિસ્થિતિનું આપણે સામનો કરીએ છીએ,એ વિવિધ ક્ષમતાઓ છે. જે આપણા શરીરને સ્વસ્થ કેવી રીતે રહેવું તે જરૂરી બતાવે છે.તેમજ જીવનમાં ઘણીવાર માનસિક તણાવ માટે આપણે વ્યક્તિગત વ્યવસાયિક અને સમાજને લગતા કારણોને જોતા હોઈએ છીએ. આજના યુગમાં લોકોનો માનસિક તણાવ ખૂબ જોવા મળે છે. છે ગંભીર રીતે લોકો તેનાથી પીડાય છે આપણા રોજિંદા જીવનને કઈ રીતે સુધારવું, કઈ રીતે કામ કરવું એ બધી જ વાત પર ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. લોકોના જીવન પર ખૂબ જ ખરાબ અસર થાય છે. આપણા જીવનની નિષ્ફળતાનો ડર આપણને બીવડાવતો હોય છે ભવિષ્યમાં શું થશે એ ચિંતા અથવા ખરાબ ઘટનાઓ વિશેનું સતત વિચારવું એ પણ આપણને તણાવ ગ્રસ્ત બનાવે છે. આપણે જે કામ કરતા હોઈએ તે નોકરી કે વ્યવસાયમાં વધુ કામથી કે સમય મર્યાદા ને ધ્યાનમાં રાખીને કામ પૂરતું ન થાય તો તે કામથી સંતોષ પણ નથી મળતો અને એ ચિંતાથી માનસિક તણાવ થાય છે. એવી જ રીતે કુટુંબ-પરિવાર કે જીવનસાથી,મિત્રો કે કર્મચારીઓ સાથેના અણુ બનાવતી પણ ચિંતા થતી જોવા મળે છે. એવી જ રીતે આપણી પોતાની જીવનશૈલી પણ સરખી ના હોય જેમ કે પૂરતી ઊંઘ નથી મળતી કે આપણે આરોગ્યને ધ્યાનમાં રાખવા માટેના યોગ્ય સારો ખોરાક ન લઈ શકતા હોય કે જીવનમાં આપણે કસરત ને સારું એવો સમય પણ ભાગ ભજવે છે જે આપણે નથી કરતા એ કસરત યોગ ધ્યાન માટે સમય કાઢતા નથી. એથી પણ માનસિક તણાવ થતો જણાય છે. જેમાંથી વધુ રોગનો ભોગ આપણે બની શકીએ છીએ. માનસિક તણાવતી રોગપ્રતિકારક શક્તિમાં પણ ઘટાડો જોવા મળે છે. જેનાથી શરીર નબળું પડે છે અને આપણે રોગનો ભોગ બનીએ છીએ.

આપણને જીવનમાં ઘણીવાર રિજેક્શન પણ જોવા મળે છે. એમાં હતાશા પણ આપણને ખાવા દોડે છે. જેનાથી આપણે સતત ઉદાસ રહીએ છીએ, અને અસ્વસ્થાને આપણે અનુભવીએ છીએ. જેનાથી ચીડિયા પણું થાય છે અને વાત વાતમાં ગુસ્સો આવે છે. આપણે મનથી અકળાઈ ગયા હોય એમ થવું, જેનાથી સતત વિચારવું, બેસી રહેવું, રડવું,કોઈ સાથે વાત ન કરવી. એ બધાથી આપણને પીઠ કે સ્નાયુનો ખેંચાણ થવું છે એનાથી દુખાવો રહે થાકનો અનુભવ કરવો માથું દુખવું એ વગેરે આપણે અનુભવતા હોઈએ છીએ. આ બધા માનસિક તણાવની નિશાની છે.

આપણે આ બધી જ માનસિક સમસ્યાથી પીડાતા હોય એ છીએ. એમાં આપણે બહાર નીકળવું ખૂબ જરૂરી છે. આમાં આપણે આપણી જીવનશૈલી બદલવી ખૂબ જરૂરી છે. જેમાંથી એકલાપણું ને મૂકી, અને આપણે પરિવારના સભ્યો વચ્ચે રહેવું ખૂબ જરૂરી, જેમાં લોકો સાથે વાત કરવી, હળી મળીને રહેવું, આપણા મનને હંમેશા અટકેલું મન રાખ્યા વગર લોકો વચ્ચે રહેવું જરૂરી છે. આપણા મનને કામમાં પરોવાની કોશિશ કરવી. સવારે વહેલા ઊઠીને કસરત કરવી, ચાલવું, દોડવું, પ્રાણાયામ યોગ કરવા. જેનાથી શરીરના હોર્મોન્સ રિલીઝ થાય અને નબળા માંથી આપણે સબળા બન્યા.

આપણી શ્વાસ લેવાની પ્રક્રિયાને આપણે સમજીને સુધાર કરવો જેમાં પ્રાણાયામ દ્વારા પ્રયાસ કરી શકાય છે. રોજ આપણે આરોગ્યને ધ્યાનમાં રાખીને સંતુલિત આહાર નો ઉપયોગ કરવો. ચા કોફીનો ઉપયોગ ઓછો કરવો. કઠોળ, લીલા શાકભાજી, તથા સારા સિઝનલ ફળોનો ઉપયોગ કરવો.

જે વ્યક્તિ તણાવયુક્ત છે એ વ્યક્તિએ પોતાની માનસિક અને શારીરિક પરિસ્થિતિને બદલવાનો ખૂબ પ્રયાસ કરવો જોઈએ. સાથોસાથ વિચારસરણીને પણ બદલવી ખૂબ જરૂરી છે.

આપણે લોકોનું તથા પોતાનું સાચું અને સારું અને સકારાત્મક વિચારવું જે પરિસ્થિતિ હાથમાં છે તે પરિસ્થિતિને સુધારી અને કામ કરવું. જે સમસ્યાનો ઉકેલ નથી તેમાં મથવું નહીં. અને જે પરિસ્થિતિને આપણે બદલી જ નથી શકવાના એ પરિસ્થિતિની ચિંતા કરવી નહીં. આપણે કામના ભારણને સમજીને ના પાડતા શીખવું જોઈએ. જેનાથી આપણે માનસિક તણાવ ઘટાડી શકીએ છીએ. ખુદની લાગણીઓને સમજવી લોકો પ્રત્યે પ્રેમભાવના રાખીને પરિવાર તથા મિત્રો સાથે વાતો શેર કરવી. પોતાના શોખ શું છે જેમ કે પુસ્તકો વાંચવા,સંગીત સાંભળવું, ફરવા જવું,સારી રસોઈ કરવી,વગેરે આપણને તળાવ મુક્ત કરી શકે છે. જેમાં સ્ક્રીન ટાઈમ ને આપણે જીવનમાં થોડું ઘટાડવું જરૂરી છે. જેમાં પિક્ચર જોવું સીરીયલ જોવી ગેમ્સ રમવી મોબાઈલમાં રીલ જોવી વગેરે ઓછું કરવુ સોશિયલ મીડિયાનો અતિશય ઉપયોગ થી આપણે મન તથા માનસિક રોગી બની જાય છે પ્રકૃતિને ધ્યાનમાં રાખીને રહેવું પણ જરૂરી છે.

વધુ સમય આપણે નેચર માં પણ વિતાવો જોઈએ આપણે ઘરમાં વધુ સમય જે જગ્યાએ હોય એ જગ્યા ને વધારે નેચરયુક્ત રાખવી જેમાં ફૂલ છોડ વાવેલા હોય,હવા ઉજાસ હોય, પૂરતો સૂર્યપ્રકાશ આવતો હોય આ આ જગ્યાએ તણાવયુકત માણસે સમય વિતાવો ખુબ જરૂરી છે. ઘણીવાર માનસિક રોગીને એક મનોચિકિત્સક સુધારી શકે છે એ વાત વિચારવી ખોટી છે. એવું જરૂરી પણ નથી. આપણે જીવનશૈલી આપણે સુધારીએ તો આપણે પોતે તળાવ મુક્ત થઈ શકીએ છીએ.

# જૂનાગઢ એસ.ટી. નિગમ દ્વારા ગેરરીતિ આચરનારાઓ સામે કડક કાર્યવાહી

### બસ સ્ટેશનના પરિસરમાં ધ્રુમપાન કરનારા અને ગંદકી ફેલાવનારા ૪૧૪ લોકોને દંડ ફટકારાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) ના જૂનાગઢ વિભાગ દ્વારા મુસાફરોની સુરક્ષા, એસ.ટી. પરિસરમાં સ્વચ્છતા તેમજ કાયદાકીય શિસ્તનું પાલન થાય તે માટે સતત સઘન તપાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. માહે સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી ખાસ ચેકિંગ કામગીરી દરમિયાન વિવિધ ગેરરીતિઓ અને નિયમભંગ બદલ કડક પગલાં ભરવામાં આવ્યા છે.

જૂનાગઢ વિભાગીય નિયામક વી.બી. ડાંગરના જણાવ્યા અનુસાર, માહે સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન વિભાગ દ્વારા હાથ ધરાયેલ ઝુંબેશ દરમિયાન મુસાફરો પાસેથી રૂ. ૧૦ ની રકમ વસૂલ કરી ટિકિટ ન આપનાર ૦૧ કંડક્ટરને વિજિલન્સ ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો, જેની સામે નિગમના ધારાધોરણ મુજબ ખાતાકીય તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, બસમાં ટિકિટ લીધા વિના મુસાફરી કરતા ૨૭ જેટલા અનધિકૃત મુસાફરોને પકડી પાડી તેમની પાસેથી સ્થળ પર જ રૂ. ૮,૫૨૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.જાહેર આરોગ્ય અને સ્વચ્છતા પ્રત્યે ગંભીરતા દાખવતા, જૂનાગઢ વિભાગ હેઠળના તમામ ૦૯ ડેપો, બસ તથા બસ સ્ટેશન પરિસરમાં ધૂમ્રપાન કરનારા અને પાન-માવો ખાઈને ગંદકી ફેલાવનારા ૪૧૪ લોકો સામે કેસ દાખલ કરી રૂ. ૫,૮૮૫ નો દંડ વસૂલ કરાયો છે. સાથે જ, એસ.ટી. વિભાગના વિસ્તારમાં ટ્રાફિક અડચણરૂપ અને નો-પાર્કિંગ હેઠળ પાર્ક કરેલા ૩૫ વાહનોને ડિટેઈન કરી રૂ. ૧,૦૧,૨૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

# અમરેલી અને ખાખરિયામાં મહિલા કિસાન દિવસની ઉજવણી કરાઈ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા મથક અને બાબરા તાલુકાના ખાખરિયા ગામે 'મહિલા કિસાન દિવસ-૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવી હતી. 'વિકસિત કૃષિ અને વિકસિત ભારતના નિર્માણમાં મહિલા ખેડૂતોની ભૂમિકા'ની થીમ સાથે યોજાયેલા કાર્યક્રમમાં મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી, ખેત પેદાશોના વેચાણ અને કૃષિ આધારિત વ્યવસાય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આત્મા અને પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત આયોજનમાં યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં આત્માના પ્રોજેક્ટ ડિરેક્ટર એમ.ઝેડ. ઝીડ, કે.વી.કે.નાં વડા ડો. મીનાક્ષીબેન બારૈયા, ડીપીડી દિલીપભાઈ ચાવડા સહિત કૃષિ વિભાગના અધિકારીઓ અને નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

## કાર્યક્રમોની યાદી
અબ તક CHANNEL

**તારીખ ૧૬-૧૦-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હું અને તું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેનીલા હની પેન કેક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ દિકરીના સપનાની નવરાત્રી -
**અબતક સુરભી રાસોત્સવ ૨૦૨૬ (લાઈવ)**

**તારીખ ૧૭-૧૦-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ) લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૭-૧૦-૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** આસો શુદ સાતમ સાતમુ નોરતુ વૃધ્ધિ તિથિ
**નક્ષત્ર** મૂળ
**યોગ** અતિગંડ **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૪૫ **સુર્યાસ્ત:** ૬.૨૦
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા**
કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા**
લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૯ થી ૧૨.૫૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૫ | ૬ | ૨ | | | | |
| | | | ૩ | | | | | ૬ |
| | ૩ | | | | ૯ | | ૪ | |
| | ૨ | | | | ૬ | | ૫ | |
| ૭ | | | | ૫ | | | | ૩ |
| | ૫ | | | | | ૭ | | |
| | ૪ | ૮ | | ૬ | ૧ | | | |
| ૬ | | | ૪ | | | | ૨ | |
| | ૧ | | | ૮ | | | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ | ૪ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ |

## તા.૧૭/૧૦ ને શનિવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, આસો સુદ સાતમ, મૂળ નક્ષત્ર, અતિ, યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ભાગ્ય ની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.
**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**કર્ક (ડ,હ) :** શત્રુઓથી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.
**સિંહ (મ,ટ) :** સંતાન અંગે સારું રહે,અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
**તુલા (ર,ત) :** નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.
**વૃશ્ચિક (ન,ય) :** આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.
**મકર (ખ,જ) :** ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળીને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
**કુંભ (ગ,સ,શ ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
**મીન (દ,ચ,ઝ,થ) :** નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# પાકિસ્તાનના પાસપોર્ટ કરતાં રાજકોટના ગરબાના પાસનું મૂલ્ય વધુઃ હર્ષ સંઘવી

## ‘‘મુસ્કુરાઈએ આજ સે આપ ભારત કે નાગરિક હૈ..’’ નાયબ મુખ્યમંત્રીના હસ્તે ૩૧૯ વિસ્થાપિતોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત

**અબતક, રાજકોટ**

‘‘મુસ્કુરાઈએ આજ સે આપ સબ ભારત કે નાગરિક હૈ..‘‘ પાકિસ્તાનમાંથી વિસ્થાપિત એવા ૩૧૯ લોકોને જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉપરના શબ્દો સાથે નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કર્યું ત્યારે તેઓના આનંદનો પાર ન રહ્યો.. તેમના જીવનમાં આજે જાણે ‘‘દશેરા પહેલા જ દિવાળી‘‘નો માહોલ સર્જાયો. અનેક લોકોની આંખો ભીની થઈ ગઈ તો અનેક ગળગળા થઈ ગયા.

રાજકોટમાં પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતેના આજના કાર્યક્રમમાં ભાવનાત્મક દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે અહીં ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ યોજવામાં આવ્યો હતો.




પાકિસ્તાનમાં વર્ષો સુધી યાતના અને પીડા વેઠીને, જીવ બચાવીને ગુજરાતમાં આશ્રય લેનાર પરિવારોને સુરક્ષાનું આશ્વાસન આપતા યુવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ‘‘મુસ્કુરાઈએ આજ સે આપ સબ ભારત કે નાગરિક હૈ..‘‘

આ તકે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારતીય નાગરિકતા પ્રાપ્ત કરનાર ૩૧૯ પરિવારો માટે આજે પાંચમા નોરતાનો દિવસ દિવાળીના ઉત્સવ સમાન ગણાવ્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે, આપ સૌના ઘરમાં આજે દિવાળીના દીપ પ્રગટાવવાનું કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મક્કમ નિર્ણય અને સી.એ.એ.ના અમલીકરણથી થયું છે.

પાકિસ્તાનમાંથી વિસ્થાપિત

(અનુ. આઠમા પાને)













## તંત્રી લેખ

# મોંઘવારીના માર વચ્ચે સામાન્ય માનવી માટે "કસોટી જિંદગી કી"

વૈશ્વિક સ્તરે આર્થિક અસ્થિરતા વચ્ચે ભારતનો જીડીપી ગ્રોથ ૭ ટકા જાળવી રાખવાનો લક્ષ્યાંક ભલે આશાસ્પદ ચિત્ર ઉપસાવતો હોય પરંતુ ધરાતલ પર ચિત્ર તદ્દન અલગ છે. એક તરફ આર્થિક વૃદ્ધિના દાવા થઈ રહ્યા છે, તો બીજી તરફ ફુગાવો અને સતત વધતી મોંઘવારીએ દેશના સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે.

હાલમાં અખાતના યુદ્ધ જેવી ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને કારણે કાચા તેલના ભાવ ઊંચકાઈ રહ્યા છે.જેના પરિણામે પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારાનું જોખમ તોળાઈ રહ્યું છે. વાહનવ્યવહાર મોંઘો થતાં જ તેની સીધી અસર ખાદ્ય તેલ, અનાજ અને રોજિંદી ઘરેલું ચીજવસ્તુઓ પર પડે છે. આ સિવાય, અપૂરતા અને અનિયમિત વરસાદને કારણે કૃષિ ઉત્પાદન ઘટી રહ્યું છે, જે શાકભાજી તથા ખાદ્ય પદાર્થોના ભાવ વધારીને ફુગાવાની આગમાં ઘી હોમી રહ્યું છે.આગામી સમયમાં વિવિધ તહેવારો આવી રહ્યા છે. તહેવારો આનંદ અને ઉત્સાહનો પ્રસંગ હોય છે, પરંતુ આવકની મર્યાદા વચ્ચે આ ગગનચુંબી મોંઘવારીમાં ઘર ચલાવવું એ ગૃહિણીઓ અને પરિવારના વડા માટે 'કસોટી જિંદગી કી' જેવી સ્થિતિ બની ગઈ છે. મર્યાદિત આવકમાં વધતા જતા ખર્ચાઓ સામે બે છેડા ભેગા કરવા એ હવે સામાન્ય નાગરિક માટે લોઢાના ચણા ચાવવા સમાન છે. શિક્ષણ, આરોગ્ય અને દૈનિક ખાદ્ય સામગ્રીના ખર્ચમાં સતત થઈ રહેલો વધારો સામાન્ય માણસની બચત ગળી રહ્યો છે.માત્ર આંકડાકીય વિકાસથી સામાન્ય નાગરિકની થાળી ભરાતી નથી. આર્થિક નીતિઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે જરૂરી છે. જો સરકાર દ્વારા ઇંધણ પરના કરવેરામાં રાહત, પુરવઠા શૃંખલાનું યોગ્ય વ્યવસ્થાપન અને સંગ્રહખોરી સામે કડક પગલાં લેવામાં નહીં આવે, તો ફુગાવાનો આ રાક્ષસ તહેવારોનો રોનક છીનવી લેશે.વિકાસ દરના ઉજળા ચિત્ર સાથે રોજિંદી મોંઘવારીમાંથી સામાન્ય જનતાને રાહત મળે તેવી અસરકારક અને નક્કર નીતિઓની આજે સખત જરૂરિયાત છે.

# જૂનાગઢઃ પાણીપુરી ખાવ એટલે બિમારીની ગેરેન્ટી, ૨૯ એકમોમાં ગંદકી જોવા મળી

## શહેરને પ્લાસ્ટીક મુકત અને સ્વચ્છ બનાવવા સેનિટેશન અને ફુડ શાખા દ્વારા સંયુકત ડ્રાઈવ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ શહેરને સ્વચ્છ, સુંદર અને પ્લાસ્ટિક મુક્ત બનાવવા તેમજ શહેરીજનોનું આરોગ્ય ન જોખમાય તે હેતુથી જૂનાગઢ મહાનગરપાલિકાની સેનિટેશન અને ફૂડ શાખા દ્વારા સઘન સંયુક્ત ડ્રાઈવ યોજવામાં આવી હતી. અને શહેરમાં પાણીપૂરી બનાવતા તથા વેચતા ૨૯ એકમોને ન્યુસન્સ અને સ્વચ્છતાના નિયમભંગ બદલ રૂ. ૪૪,૫૦૦ નો દંડ ફટકારાયો હતો.

મનપા કમિશનર આઈ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ ઝુંબેશ અંતર્ગત માંગનાથ, વેરાવળ પીપલ્સ બેંક સામે અને દિવાન ચોક ખાતે આવેલી ગાયત્રી પાણીપૂરી અને દેવેન્દ્ર ચાઈનીઝ, ભરડાવાવ પાસે આઈસ્ક્રીમ સહિતની ફાસ્ટફૂડ રેકડીઓ, ભવનાથ દત ચોક તથા ભવનાથ અને જલારામ સોસાયટી ખાતે આવેલી ગાયત્રી પાણીપૂરી, હાઉસિંગ બોર્ડમાં આવેલી શિવ શંકર ભેલ પાણીપૂરી, હનુમાન નગર તેમજ તળાવ દરવાજા પાસે અને આઝાદચોક લાઈબ્રેરી પાસે આવેલી કાર્તિક પાણીપૂરી, ભવનાથમાં આવેલી બોમ્બે સ્ટાઈલ સેવપૂરી,



દીવાન ચોક ખાતે મળતા મસ્તાન દાળ પકવાનની દુકાન, વાંઝાવાડમાં આવેલી જલારામ સ્વીટસ તથા દિવાન ચોક ખાતે આવેલી શ્રી રામ સ્વીટસ, મધુરમ રોડ પર આવેલી શ્યામ પાણીપૂરીની રેકડીઓ, કાળવા ચોક આગળ આવેલી દિલખુશ પાણીપૂરી, સૈયદવાળા ખાતે આવેલી જયરાજ બેકરી, ફુલીયા હનુમાન રોડ અને દેવવાડી પાછળ આવેલી દાબેલી-વડાપાઉંની દુકાનો, ઉપરકોટ ખાતે આવેલી ગણેશ પાણીપૂરી, દિવાન ચોક ખાતે આવેલું દોસ્તાના ફાસ્ટ ફૂડ, મોટી શાક માર્કેટમાં આવેલ જય જલારામ ફરસાણ, ભવનાથ તળાવ પાસે આવેલું મહાદેવ પાઉંભાજી, સર્કલ ચોક ખાતે આવેલી બાલાજી પાણીપૂરી, ભવનાથ મંદિર પાસે આવેલી શિવ શકિત - ક્રિષ્ના પાણીપૂરી, જમાલવાડી અને પોલીસ લાઈન પાછળની દિલખુશ પાણીપૂરી તેમજ ગીરીરાજ બસસ્ટેન્ડ પાછળ આવેલું રાજુભાઈ ઢોસાની દુકાન સહિત કુલ ૨૯ જેટલા એકમોની તપાસ કરવામાં આવી હતી.

જે સ્થળોએ તપાસ કરતા ખરાબ બટાકા, ચણા, વટાણા, પ્રતિબંધિત ફૂડ કલર, ખરાબ પાણી, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, જાહેર માર્ગો પર ગંદકી ફેલાવી ન્યુસંસ સર્જવા અને ફૂડ વિભાગના નિયમોનો ભંગ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે બેદરકારી દાખવવા બદલ અંદાજે ૨૬ કિલોગ્રામ ખરાબ સડેલા અને બિન ઉપયોગી બટાકા, વટાણા અને ચણા તથા ૧૦૦ ગ્રામ ફૂડ કલર સ્થળ પર જ નાશ કરી મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા કુલ રૂ. ૪૪,૫૦૦ નો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી કરવા સાથે દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

# સરહદ ડેરીએ દૂધના ખરીદ ભાવમાં વધારો કર્યો

## આજથી પશુપાલકોને ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે ૮૫૦ રૂપિયા મળશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સરહદ ડેરી ની ૧૭મી વાર્ષિક સાધારણ સભા તેમજ મિલ્ક ડે કાર્યકર્મ દરમિયાન સરહદ ડેરી ના ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ દ્વારા તારીખ ૧૬ ઓક્ટો.થી દૂધ ના ભાવ પ્રતિ કિલો ફેટે ૮૫૦/- રૂ. કરવાનું વચન આપ્યું હતું. જે વચન નું પાલન પણ કરવામાં આવ્યું છે. અને પશુપાલકોને પ્રતિ કિલો ફેટે ૮૫૦/- રૂ. તારીખ ૧૬.૧૦.૨૦૨૬ થી મળતા થઈ જશે. આ ભાવ સરહદ ડેરી ના ઈતિહાસ માં ઐતિહાસિક છે જે મહત્તમ ભાવ છે. આ નિર્ણય થી પશુપાલકો ને દર મહિને ૧ કરોડ રૂ. વધુ મળશે જ્યારે વાર્ષિક ૧૨ કરોડ રૂ. વધારે મળશે. કચ્છ જીલ્લા ના પશુપાલકો સરહદ ડેરી માં દૂધ ભરાવી ને સારી એવી આવક મેળવી રહ્યા છે. દૂધ ઉત્પાદકો દૂધ ના વ્યવસાય થકી આર્થિક વિકાસ હાંસલ કરી શકે તે માટે સરહદ ડેરી દ્વારા પશુપાલકો ના હિત માં નિર્ણય લેવાયો છે. દૂધ ના ખરીદ ભાવ માં પ્રતિ કિલો ફેટે રૂ. ૧૦ નો વધારો કરવાનો મહત્વનો નિર્ણય કરાતા પશુપાલકો માં ખુશી જોવા મળી રહી છે. તેમજ તમામ મંડળી સંચાલકોને આગામી તારીખ ૧૬ ઓકટો.થી દૂધના ભાવો કોમ્પ્યુટરમાં અપડેટ કરવા તેમજ પશુપાલકોએ નવા ભાવોની દૂધના મેસેજમાં ખરાઈ કરવા માટે વલમજી હુંબલે એક યાદીમાં જણાવ્યુ હતું.

# જસદણના ચિતલિયા રોડથી આટકોટ રોડને જોડતા પાકા રસ્તાનું નિર્માણ કરવા માંગ

## માર્ગ અને મકાન વિભાગ તેમજ મામલતદાર કચેરી ખાતે તાત્કાલિક કાર્યવાહી કરવા આવેદનપત્ર પાઠવાયું

**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**

હાલમાં જસદણ શહેરમાં વધતા વાહન વ્યવહાર અને શહેરી વિસ્તારના વિકાસને ધ્યાનમાં રાખીને ચિતલીયા રોડથી આટકોટ રોડને જોડતો નવો પાકો રસ્તો બનાવવાની આવશ્યકતા છે. ખાસ કરીને આટકોટ રોડથી ચિતલીયા રોડ તરફ અથવા જસદણ શહેરના વોર્ડ નં.૫માં જવા-આવવા માટે હાલમાં કોઈ યોગ્ય મુખ્ય જોડાણ માર્ગ ઉપલબ્ધ નથી. આના કારણે સ્થાનિક રહેવાસીઓ ખેડૂતો - વેપારીઓ તથા અન્ય વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને લાંબો રસ્તો પસાર કરવાની ફરજ પડી શકે છે.



જસદણ શહેરના ચિતલીયા રોડથી આટકોટ રોડ સુધી નવા જોડાણ માર્ગના નિર્માણ માટે સ્થળ તપાસ જરૂરી સર્વે જમીનની ઉપલબ્ધતા અને ટેકનિકલ શક્યતાઓની ચકાસણી કરાવી યોગ્ય સરકારી પ્રક્રિયા હાથ ધરી આ માર્ગને મંજૂરી આપી તેનું પાકું બાંધકામ કરાવવા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

# બોટાદના 'અબતક'ના પત્રકાર વિપુલ લુહારનો જન્મ દિવસ



બોટાદ જિલ્લાના રાણપુર ખાતે રહેતા અને છેલ્લા ૧૬ વર્ષથી પત્રકારત્વ ક્ષેત્રે સતત કાર્યરત એવા યુવા, નીડર અને નિષ્ઠાવાન પત્રકાર વિપુલભાઈ લુહારનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસના અવસરે સમગ્ર બોટાદ જિલ્લા સહિત ગુજરાતભરમાંથી રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, મિત્રો, શુભેચ્છકો અને ચાહકો દ્વારા તેમને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. પત્રકારત્વ ક્ષેત્રે નાની ઉંમરમાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર વિપુલભાઈ લુહાર માટે આજનો દિવસ શુભેચ્છાઓ અને આનંદનો અવસર બની રહ્યો છે.

# વિઠલપુરના નટખટ હિતાર્થી અને હેતાશીનો જન્મદિવસ



વિઠલપુર ગામ ના આશિષ ભાઈ પરમાર ની લાડકી પુત્રીઓ હિતાર્થી અને હેતાશીનો જન્મદિવસ છે. મમ્મી નિરુપા બેન, દાદા.કાનજીભાઈ દાદી-શાંતિ બેન ફઈ- પ્રિયા બેન ફુવા સૌરવ ભાઈ ,અભીભાઈ મામા ભગીરથ ભાઈ મામી .કાજલ બેન સમગ્ર પરિવારે હેતાંશીબા અને હિતાર્થીબા જન્મદિવસની શુભકામનાઓ અને આશીર્વાદનો પાઠવે છે. સૌરવભાઈ મોરી દ્વારા જન્મદિવસ ની શુભકામના પાઠવામાં આવી હતી.

## સમસ્ત પાટીદાર સમાજ દ્વારા આયોજીત

# માણાવદરના ઉમા-ખોડલ નવરાત્રી મહોત્સવમાં બાળાઓએ પ્રાચીન ગરબા રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા

**અબતક,જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદરના મીતડી રોડ સ્થિત એન.જી. મિલ ખાતે સમસ્ત પાટીદાર સમાજ દ્વારા આયોજિત 'માં ઉમા-ખોડલ નવરાત્રી મહોત્સવ' ભારે શ્રદ્ધા, ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવાઈ રહ્યો છે. પાવન ધાર્મિક માહોલ વચ્ચે યોજાઈ રહેલા આ રાસોત્સવમાં ખેલૈયાઓ અને દર્શકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીની આરાધનામાં લીન બની રહ્યા છે.



આ નવરાત્રી મહોત્સવ દરમિયાન પરંપરાગત પરિધાનમાં સજ્જ થઈને આવેલી નાની-નાની બાળાઓએ પ્રાચીન ગરબો ''માયે ગરબો કોરાવ્યો ગગન ગોખમારે '' રજૂ કર્યો હતો. બાળાઓના તાલબદ્ધ સ્ટેપ્સ અને ભાવપૂર્ણ પ્રસ્તુતિ જોઈ સમગ્ર પરિસર ગુંજી ઊઠ્યું હતું. બાળાઓના આ અદભૂત પ્રાચીન ગરબાએ ઉપસ્થિત તમામ લોકોના દિલ જીતી લીધા હતા અને સૌ કોઈ મંત્રમુગ્ધ બની ગયા હતા. દર્શકો અને ગરબા રસિકોએ તાળીઓના ગડગડાટ સાથે નાની બાળાઓને પ્રોત્સાહિત કરી વધાવી લીધી હતી.

માણાવદરના અગ્રણી ઉદ્યોગપતિ રાજુભાઈ ઝાટકીયા તેમજ જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ બાળાઓની કલાને બિરદાવી હતી અને સંસ્કૃતિને જીવંત રાખતા આ ભવ્ય આયોજન બદલ સમસ્ત પાટીદાર સમાજના કાર્યકરો તથા આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

# વિસાવદરના માંડાવડ ગામે બાળાઓમાં ખોડિયાર માતાજીના સાક્ષાત દર્શન

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

માંડાવડ ગામે આજે પણ માતાજીના નવલા નવરાત્રીમાં ગામની બાળાઓ દ્વારા અર્વાચીન ગરબા લેવામાં આવે છે. માં ખોડિયારના પોસાકમાં હાથમાં ત્રિશુલધારી બાળાઓ દ્વારા સુંદર રાસ લેવામાં અઆવેલ આજના આ યુગમાં સંસ્કૃતિની પરંપરા જાળવી રાખવી તે પણ એક સંસ્કાર છે.



નાની-મોટી બાળાઓ ટ્રેડીશનલ ડ્રેસ તેમજ પરંપરાગત પહેરવેશમાં માં ભગવતીની રાસ રમતા રમતા આરાધના કરી છે.

## આઈશ્રી ખોડિયાર ગરબી મંડળ આયોજીત

# માણાવરદમાં વાલ્મીકીનગરની પ્રાચીન ગરબીમાં બાળાઓએ મનમોહક રાસ થકી માતાજીની આરાધના કરી

### વાલ્મીકી સમાજ દ્વારા ગરબી મહોત્સવમાં મુખ્ય દાતા અનુસુયા ગૌધામના ટ્રસ્ટી હરેશ શેઠનું મોમેન્ટો આપી સન્માન કરાયું

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર શહેરમાં આવેલા વાલ્મિકીનગરમાં 'આઈ શ્રી ખોડીયાર ગરબી મંડળ' દ્વારા નવરાત્રી પર્વ નિમિત્તે પ્રાચીન ગરબીની ભવ્ય પરંપરાને જીવંત રાખવામાં આવી છે. આજના અર્વાચીન યુગમાં પણ અહીં નવ દિવસ સુધી નાની નાની બાળાઓ શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક મા ભગવતીની આરાધના કરી રહી છે. આ ગરબી મહોત્સવમાં પરંપરાગત ઢબના ગરબા અને સંસ્કૃતિનું દર્શન થઈ રહ્યું છે.

ગરબીમાં નાની બાળાઓ વિવિધ સ્ટેપ અને લયબદ્ધ તાલ સાથે મનમોહક રાસ રજૂ કરી રહી



છે. બાળાઓના તાલબદ્ધ રાસ અને માતાજી પ્રત્યેની તેમની નિષ્કપટ ભક્તિ ભાવિકોના મન મોહી લે છે. આ પ્રાચીન આયોજન દ્વારા નવી પેઢીને ધાર્મિક પરંપરાઓ અને સંસ્કારો સાથે જોડવાનો સાર્થક પ્રયાસ થઈ રહ્યો છે.

આ સમગ્ર ગરબી મહોત્સવના મુખ્ય દાતા તરીકે 'અનસુયા ગૌધામ ચેરીટેબલ ટ્રસ્ટ' સેવા આપી રહ્યું છે. આઈ શ્રી ખોડીયાર ગરબી મંડળના આ આયોજનનો તમામ ખર્ચ અનસુયા ગૌધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉઠાવવામાં આવ્યો છે, જે તેમના ધાર્મિક અને સામાજિક સેવા પ્રત્યેના સમર્પણને દર્શાવે છે.

કાર્યક્રમ દરમિયાન અનસુયા ગૌધામના ટ્રસ્ટી હરેશભાઈ શેઠનું વાલ્મિકી સમાજ દ્વારા ઢોલ-નગારા સાથે ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે શ્રદ્ધાપૂર્વક માતાજીની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. આ તકે સમસ્ત વાલ્મિકી સમાજ દ્વારા હરેશભાઈ શેઠને મોમેન્ટો અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં, આ ઉત્કૃષ્ટ સહયોગ બદલ વાલ્મિકી સમાજના આગેવાનોએ હિતેનભાઈ શેઠ તેમજ અનસુયા ગૌધામ ચેરીટેબલ ટ્રસ્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# લખતરના સવલાણા ગામે નવરાત્રીમાં ૧૨૦ વર્ષથી રમાતી ભવાઈની પરંપરા અકબંધ

## પ્રાચીન લોકકલા ભવાઈના માધ્યમથી માતાજીની આરાધના કરાઈ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાના સવલાણા ગામ પ્રાચીન સંસ્કૃતિ અને અતૂટ આસ્થાનું એક જીવંત ઉદાહરણ પૂરું પાડે છે. જેમાં સવલાણા ગામે માઈ મંડળ દ્વારા છેલ્લા અંદાજે ૧૨૦ વર્ષથી એક અદભુત અને ઐતિહાસિક પરંપરા જાળવી રાખવામાં આવી છે.

દર વર્ષે આસો મહિનાની નવરાત્રિના પાવન પર્વ પર મંડળ દ્વારા ગુજરાતની પ્રાચીન લોકકલા એવી ભવાઈના માધ્યમથી માં ભગવતીની વિશેષ આરાધના કરવામાં આવે છે.

સવલાણા ગામે યોજાતી ભવાઈ માત્ર એક મનોરંજનનું



સાધન નથી પરંતુ માતાજીની ભકિત કરવાનું અને તેમને રીઝવવાનું એક પવિત્ર માધ્યમ છે.

એક સદી કરતાં પણ વધુ સમયથી પેઢી દર પેઢી ચાલી આવતી આ ધાર્મિક પરંપરામાં ગામના લોકો આજે પણ ભારે ઉત્સાહ અને શ્રદ્ધાભેર જોડાયને આ પરંપરાને જાળવી રહયા છે.

સવલાણા ગામના માઈ મંડળની આ ૧૨૦ વર્ષ જૂની પરંપરા ખરા અર્થમાં માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા, ગામની એકતા અને વિસરાતી જતી ભવાઈની કલાને આજે પણ ધબકતી રાખવાનો એક અત્યંત સરાહનીય પ્રયાસ છે.

# સાવરકુંડલામાં ૭૯ વર્ષથી પ્રાચીન સંસ્કૃતિને જાળવતું 'જય ખોડીયાર બાળ મંડળ'

## અર્વાચીન યુગમાં પ્રાચીન પરંપરા જાળવતી નાની બાળાઓની અદભુત રાસ-ગરબાની રમઝટ

**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને ભાતીગળ વિરાસતને વિસરાતી અટકાવીને તેને અક્ષુણ્ણ રાખતું સાવરકુંડલા શહેરનું સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક 'જય ખોડીયાર બાળ મંડળ' સફળતાપૂર્વક ૭૮ વર્ષ પૂર્ણ કરી ૭૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. આ પવિત્ર પ્રસંગે દેવળા ગેટ, સર્વોદય નગર ખાતે આસો નવરાત્રી ઉત્સવનું અત્યંત આસ્થા, ભક્તિ અને ઉત્સાહભેર ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

પવિત્ર નવરાત્રી મહોત્સવ



દરમિયાન નાની-નાની બાળાઓ તેમજ ત્રણ પેઢીથી ચાલતી આ પરંપરા યુવાનો અને માતા બહેનો પણ આ પરંપરાગત પ્રાચીન રાસ-ગરબા અને ભાતીગળ ગરબીની રમઝટ બોલાવવામાં આવે છે જે પ્રેક્ષકો અને માઈભક્તો માટે એક અદભુત દિવ્ય અનુભવ બની રહેશે.

# સુત્રાપાડાઃ પ્રશ્નાવડા ગામે ભવાની માતાજીના શારદીય નવરાત્રી યજ્ઞનું આયોજન

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામમાં સમસ્ત જાદવ પરિવારનાં કુળદેવી ભવાની માતાજીના શારદીય નવરાત્રી પર્વ નિમિત્તે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક કાર્યક્રમ સોમવાર, તા.૧૯/૧૦/૨૦૨૬ના રોજ યોજાશે. યજ્ઞનો પ્રારંભ સવારે ૮:૦૦ કલાકે કરવામાં આવશે અને બપોરે ૧૨:૦૦ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ થશે.




# કોટડાસાંગાણીમાં 'જય બાલિકા ગરબી' મંડળમાં નાની બાળાઓએ રાસ-ગરબા થકી કરી 'માં'ની આરાધના

**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણી શહેરની મધ્યમાં આવેલ મુખ્ય બજાર (મેન બજાર) ખાતે 'જય બાલિકા ગરબી મંડળ' દ્વારા પરંપરાગત અને ભક્તિસભર વાતાવરણમાં નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

આ ગરબી મંડળે સફળતાપૂર્વક ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે, જે સમગ્ર શહેર માટે ગૌરવની બાબત છે.

જય બાલિકા ગરબી મંડળ દ્વારા આયોજિત આ નવરાત્રી મહોત્સવમાં નાની નાની બાળાઓ દ્વારા પરંપરાગત રાસ-ગરબાની




રમઝટ બોલાવવામાં આવી રહી છે. ભાવિક ભક્તો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીની આરાધના અને બાળાઓના ગરબા નિહાળવાનો ધર્મલાભ લઈ રહ્યા છે.

# ચોટીલામાં ચામુંડા માતાજીના મંદિરે ધ્વજારોહણ કરતા હર્ષ સંઘવી

## સુરેન્દ્રનગર જિલ્લા પોલીસની વર્ષો જૂની પરંપરા મુજબ પાંચમા નોરતે ધ્વજારોહણઃ નાયબ મુખ્યમંત્રીએ શ્રદ્ધાપૂર્વક ચોટીલા ડુંગરનાં પગથિયાં ચડી માઁ ચામુંડા માતાજીનાં દર્શન કર્યા





**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલામાં નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે મા ચામુંડા માતાજીના મંદિરે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ પરિવાર દ્વારા વર્ષો જૂની પરંપરા મુજબ પાંચમા નોરતે ધજારોહણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ચોટીલા ડુંગર પર બિરાજમાન મા ચામુંડા માતાજીનાં દર્શન કરી ધજા ચડાવી આશીર્વાદ મેળવ્યા હતા.

ચોટીલા યાત્રાધામ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના આગમન સમયે ડુંગરની તળેટીમાં પગથિયાં પાસે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. નાની બાળાઓ દ્વારા પૂજા-અર્ચના સાથે તેમનું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે રાવળદેવ દ્વારા પરંપરાગત રીતે ડાકલા વગાડવામાં આવતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ડાકલાના તાલે હર્ષ સંઘવી પણ ભક્તિભાવમાં જોડાયા હતા. ત્યારબાદ હર્ષ સંઘવીએ શ્રદ્ધાપૂર્વક ચોટીલા ડુંગરનાં પગથિયાં ચડી મા ચામુંડા માતાજીનાં દર્શન કર્યા હતા અને માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ પરિવાર દ્વારા આયોજિત ધજારોહણના ધાર્મિક કાર્યક્રમમાં પણ તેમણે ઉપસ્થિતિ નોંધાવી હતી.ઉલ્લેખનીય છે કે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ દ્વારા દર વર્ષે નવરાત્રિના પાંચમા નોરતે મા ચામુંડા માતાજીને ધજા ચડાવવાની પરંપરા નિભાવવામાં આવે છે. આ વર્ષે પણ પોલીસ પરિવાર દ્વારા શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ધજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેમજ નાગરિકોનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. આ ધાર્મિક પ્રસંગે રાજકોટ રેન્જના આઈ.જી. નિર્લિપ્ત રાય, સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલું, સુરેન્દ્રનગરના સાંસદ ચંદુભાઈ સિહોરા, ચોટીલાના ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, ભાજપના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં પોલીસ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મા ચામુંડા માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ભક્તિભાવ વચ્ચે ધજારોહણનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

**LCs ને બદલે RUB/LHS ની જોગવાઈ અને વિવિધ અન્ય કામ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૪૧ અને ૪૨ (ઈએલ) તારીખ : ૧૪-૧૦-૨૦૨૬

| અનું. નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/ ૨૦૨૬-૨૦૨૭/૪૧ | (A) રાજકોટ ડિવિઝન - લુણસરીયા-વાંકાનેર વચ્ચે કિ.મી. ૬૯૮/૧-૨ ખાતે LC નં. ૯૨ ને બદલે LHS ની જોગવાઈ (B) રાજકોટ ડિવિઝન : LC નં. ૨૬ (કિ.મી. ૬૦૪/૦-૧), ૩૩ (કિ.મી. ૬૧૬/૮-૯), ૪૧ (કિ.મી. ૬૩૨/૩-૪), ૪૨ (કિ.મી. ૬૩૩/૯-૬૩૪/૦), ૪૯ (કિ.મી. ૬૪૦/૨-૩) ખાતે RUB/LHS ની જોગવાઈ (C) રાજકોટ ડિવિઝન :- વિરમગામ-ઓખા :- કિ.મી. ૬૦૨/૯-૬૦૩/૦ ખાતે LC નં. ૨૫ ખાતે RUB/LHS ની જોગવાઈ (D) રાજકોટ ડિવિઝન : LC નં. ૬૧ (કિ.મી. ૬૫૭/૪-૫), ૬૫ (કિ.મી. ૬૬૩/૨-૩), ૬૬ (૬૬૪/૫-૬), ૮૦ (કિ.મી. ૬૮૭/૨-૩), ૮૧ (કિ.મી. ૬૮૮/૭-૮) ખાતે RUB/LHS ની જોગવાઈ, (E) રાજકોટ ડિવિઝન : LC નં. ૯૩ (કિ.મી. ૬૯૯/૫-૬), ૯૪ (કિ.મી. ૭૦૦/૬-૭), ૧૦૪ (૭૧૯/૧-૨), ૧૧૫ (કિ.મી. ૭૩૩/૩-૪) ખાતે RUB/LHS ની જોગવાઈ, (F) રાજકોટ ડિવિઝન : LC નં. ૧૧૩, કિ.મી. ૭૨૭/૪-૫ ખાતે RUB/LHS ની જોગવાઈ અને (G) રાજકોટ ડિવિઝન : 'C' ક્લાસ LC ગેટ્સ (i) ભાટેલ-ભોપલ્કા સેક્શનના કિ.મી. ૯૧૧/૯-૯૧-૨૧૦ ખાતે LC -૨૫૮, (ii) ખંભાડિયા સેક્શનના કિ.મી. ૮૯૨/૪-૫ ખાતે LC ગેટ - ૨૪૧ અને (iii) જામનગર-લાખાબાવળ સેક્શનના કિ.મી. ૮૩૩/૬-૭ ખાતે LC ગેટ - ૨૦૩ ના LC - ઈન્ટરલોકિંગના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. | ૪૩,૩૫,૬૫૫/- | ૮૬,૭૦૦/- |
| ૦૨ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/ ૨૦૨૬-૨૦૨૭/૪૨ | (A) રાજકોટ ડિવિઝન :- મકનસર-મોરબી વચ્ચે કિ.મી. ૨૬/૧-૨ ખાતે 'C' ક્લાસ LC ગેટ નં. ૨૮ નું ઈન્ટરલોકિંગ (B) રાજકોટ ડિવિઝન - જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી LC ગેટ નં. ૨૭, ૩૦ અને ૩૩ (વિરમગામ-સુરેન્દ્રનગર) ખાતે નવી LC ગેટ હટ સુધી S&T ગીયર્સનું સ્થળાંતર અને LC ગેટ - ૨૬, ૩૦, ૩૧ અને ૩૨ (વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શન) ના ૪ નંગ ખાતે ELB અને અન્ય ગેટ ઉપકરણનું બદલીકરણ કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા, (C) રાજકોટ ડિવિઝન - જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝ થી LC ગેટ નં. ૨૬૧, ૨૬૮, ૨૮૫ અને ૨૯૦ (રાજકોટ-ઓખા સેક્શન) ખાતે S&T ગીયર્સનું સ્થળાંતર કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા, (D) જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી LC ગેટ નં. ૩૪,૫૨, ૬૪ અને ૭૦ ખાતે નવી LC ગેટ હટ સુધી ખાતે S&T ગીયર્સનું સ્થળાંતર કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા અને (E) રાજકોટ ડિવિઝન - LC ગેટ નં ૨૭ અને ૩૩ (વાંકાનેર-નવલખી સેક્શન) - જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી S&T ગીયર્સનું સ્થળાંતરણ કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા. | ૩૫,૧૮,૩૬૧/- | ૭૦,૪૦૦/- |

**ઉપરોક્ત બંને ટેન્ડરો માટે : ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૦૫-૧૧-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી. **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-164

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


પોઝિટિવ ન્યુઝ ઈન્ફોર્મેટિવ ન્યુઝની ટેગ લાઈન સાથે પ્રસિધ્ધ થતા અબતક દૈનિકને દિલથી શુભકામના



શ્રી કિશન જે. ટીલવા
કોર્પોરેટરશ્રી, વોર્ડ નં. ૧૨
રાજકોટ મહાનગરપાલિકા

સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની ધડકન અબતક સાંધ્ય દૈનિકને અનેકાનેક શુભેચ્છા



શ્રી કેતનભાઈ પટેલ
ચેરમેનશ્રી શિશુ કલ્યાણ, ખાસ ગ્રાન્ટ સંચાલીત યોજના અને અગ્નિ શામક દળ સમિતિ
રાજકોટ મહાનગરપાલિકા

મૂલનિષ્ઠ પત્રકારત્વને વરેલા અબતક દૈનિકને અઢળક શુભકામના



શ્રી કિશોરભાઈ રાઠોડ
પૂર્વ મહામંત્રી શ્રી
રાજકોટ શહેર ભાજપ

સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની ધડકન અબતક સાંધ્ય દૈનિકને અનેકાનેક શુભેચ્છા



શ્રી વીરેન્દ્રસિંહ ઝાલા
પૂર્વ મહામંત્રીશ્રી
રાજકોટ શહેર ભાજપ
ક્ષત્રિય સમાજના આગેવાન

પ્રજાનાં પ્રહરી સમા સાંધ્ય દૈનિક અબતકને જન્મ દિવસની હાર્દિક શુભકામના...



શ્રી રાજુભાઈ ધ્રુવ
સૌરાષ્ટ્ર કચ્છ ભાજપ પ્રવક્તા
પૂર્વ ઉપાધ્યક્ષશ્રી
યાત્રાધામ વિકાસ બોર્ડ ,ગુજરાત સરકાર


RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY
SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT

**જાહેર હિતની નોટીસ**

આથી રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નીચે મુજબની સાઇટ ખાતે ફાળવેલ આવાસો પૈકી નીચેની યાદી મુજબના આવાસધારકો દ્વારા રૂડાનાં હપ્તા પેટે બાકી રહેતી રકમ આજદિન સુધી ભરવામાં આવેલ નથી. આ બાબતે લાભાર્થીશ્રીઓને અત્રેની કચેરીએથી વારંવાર જાણ કરવામાં આવેલ છે. પરંતુ આજદિન સુધી આવાસધારકો દ્વારા રૂડામાં રકમ જમા કરાવેલ નથી. તેથી સદરહુ બાબતે રૂડાની બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આ પ્રકારના આવાસધારકોનાં આવાસ રદ કરવામાં આવે છે.

| ક્રમ | સોસાયટીનું નામ | ફ્લેટ નંબર |
|---|---|---|
| ૧ | અવધ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૮૯) | B-705 |
| ૨ | વૃંદાવન હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૯૫) | C-803 |
| ૩ | ઓમ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૩૩/એ) | D-1002 |
| ૪ | આદર્શ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૦, એફ.પી.૩૨/એ ) | B-804 |

આ બાબતે કોઇપણ પ્રકારનાં વાંધાવચકા કે રજુઆતો હોય તો જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં રૂડા કચેરીનાં કામકાજનાં દિવસો દરમ્યાન આવાસ શાખાનો સંપર્ક કરવો.

-SD-
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

માહિતી -રાજ-૯૭૪ -૨૬-૨૭


મૂલનિષ્ઠ પત્રકારત્વને વરેલા અબતક દૈનિકને અઢળક શુભકામના



શ્રી નરેન્દ્રસિંહ જાડેજા
પૂર્વ ડેપ્યુટી મેયર, કોર્પોરેટરશ્રી
વોર્ડ નં.૩ રાજકોટ મહાનગરપાલિકા

વાંચકોને અડિખમ અવાજ એવા "અબતક" દૈનિકને શુભકામના



શ્રી અશ્વિનભાઈ પાંભર
પૂર્વ ચેરમેનશ્રી - વોટર વર્ક્સ સમિતિ
રાજકોટ મહાનગરપાલિકા

## નજરબાગ રેલવે સ્ટેશન નજીકથી બિયરના ૨૪ ટીન સાથે યુવક ઝડપાયો: સપ્લાયરનું નામ ખુલ્યું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પેટ્રોલિંગ દરમિયાન નજરબાગ રેલવે સ્ટેશનથી આગળ જુના રફાળિયા રોડ પર શંકાસ્પદ હાલતમાં ઊભેલા રાહુલ શંકરભાઈ ધોળકિયા ઉવ.૨૯ રહે.ભડીયાદ કાંટા પાસે મોરબી-૨ વાળાની તપાસ કરતાં તેની પાસેથી કિંગફિશર બિયરના ૨૪ ટીન કિ.રૂ.૩,૦૦૦/- મળી આવ્યા હતા. આ સાથે પોલીસે મુદ્દામાલ કબજે કરી આરોપી રાહુલની ધરપકડ કરી હતી. ત્યારે પકડાયેલ આરોપીની પૂછપરછમાં તેણે આ બિયરનો જથ્થો અનીશ સલીમભાઈ પંજવાણી રહે. સો ઓરડી જારીયા પાનવાળી શેરી મોરબી-૨ પાસેથી મેળવ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે આરોપી અનીશને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. આ મામલે બન્ને આરોપીઓ સામે પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ત્રાજપર ગામે અવેડા પાસે તીનપત્તિનો જુગાર રમતા બે ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી બી-ડિવિઝન પોલીસની ટીમે ત્રાજપર ગામના અવેળા પાસે દરોડો પાડ્યો હતો. દરમિયાન જાહેરમાં તીનપત્તિનો જુગાર રમતા સંજય ઉર્ફે ચનો સવજીભાઈ કુવરીયા ઉ.વ.૩૫ રહે. ત્રાજપર અવેળા પાસે મોરબી-૨ અને કરમણભાઈ સતાભાઈ ઝાપડા ઉ.વ.૩૬ રહે.મોરબી વાળાને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.૧,૨૦૦/- સહિતનો મુદામાલ કબ્જે કરી બંને સામે જુગારધારા કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપાની સામાન્ય સભામાં પ્રાથમિક સુવિધાઓના મુદ્દે હોબાળો

### સ્ટ્રીટ લાઈટ, બિસ્માર રસ્તા અને બાંધકામ મંજૂરીમાં વિલંબ મુદ્દે કોર્પોરેટરોનો આક્રોશ: ૬ કોર્પોરેટરોએ ૧૪થી વધુ પ્રશ્નો ઉઠાવ્યા





**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં શહેરની પ્રાથમિક સુવિધાઓ અને વહીવટી કામગીરીને લઈને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ અધિકારીઓ સમક્ષ અનેક સવાલો ઉઠાવ્યા હતા. માત્ર બે નામકરણના એજન્ડા સાથે મળેલી સભામાં ૬ કોર્પોરેટરોએ ૧૪થી વધુ પ્રશ્નો રજૂ કરતાં સ્ટ્રીટ લાઈટ, રસ્તાઓની હાલત, બાંધકામની મંજૂરીઓ અને વિકાસકાર્યોમાં વિલંબ જેવા મુદ્દે ચર્ચા ગરમાઈ હતી. અધિકારીઓના જવાબોથી અસંતોષ વ્યક્ત થતાં સભામાં રોષનો માહોલ જોવા મળ્યો હતો.

કોર્પોરેટર ભૂપતભાઈ જારીયાએ છેલ્લા પાંચ મહિનામાં કેટલી બાંધકામ મંજૂરીઓ આપવામાં આવી તે સહિતના પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમના જણાવ્યા મુજબ, મંજૂરીઓમાં વિલંબને કારણે છેલ્લા અઢી વર્ષથી બાંધકામ ઉદ્યોગને અસર થઈ રહી છે. જ્યારે મહાનગરપાલિકા હસ્તકની આશરે ૧૦૭ ઈમારતોમાંથી મોટાભાગની ઈમારતોમાં સીસીટીવી કેમેરા ન હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. હાલ સીસીટીવી લગાવવાની કામગીરી ચાલુ હોવાનું પણ જણાવાયું હતું.મહાનગરપાલિકાના કુલ ૬૬ વાહનોમાંથી માત્ર ચાર વાહનોમાં જ જીપીએસ સિસ્ટમ લગાવાઈ હોવાનું સામે આવ્યું હતું. બાકીનાં વાહનો ક્યાં અને કઈ કામગીરી માટે ઉપયોગમાં લેવાય છે તેનું ટ્રેકિંગ ઉપલબ્ધ ન હોવાનો મુદ્દો ઉઠ્યો હતો. પ્રતિબંધિત પ્લાસ્ટિક સામેની ઝુંબેશ દરમિયાન મહાનગરપાલિકા બન્યા પછી અત્યાર સુધીમાં ૧,૫૦૦ કિલોથી વધુ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે, જોકે, તેનો યોગ્ય નિકાલ થયો ન હોવાનું ચર્ચાયું હતું.

કોર્પોરેટર કેયુર પંડ્યાએ મહાનગરપાલિકાનાં વાહનોમાં પેટ્રોલ-ડીઝલ ક્યાંથી અને કયા ભાવે ભરાવવામાં આવે છે તે અંગે પ્રશ્ન કર્યો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ, પંચાસર રોડ પર આવેલા નીલકંઠ પેટ્રોલ પંપ પરથી ઈંધણ ભરાવવામાં આવે છે. સેનિટેશન વિભાગનું માસિક બિલ અંદાજે રૂ. ૧૦ લાખ અને વર્કશોપનું રૂ. ૩૫ હજાર આવતું હોવાનું જણાવાયું હતું. ટેન્ડરની શરત મુજબ બજારભાવ કરતાં પ્રતિ લિટર એક રૂપિયો ઓછા ભાવે ઈંધણ મળતું હોવાનું પણ જણાવાયું હતું. મંજુર થયેલ કામ બાબતે શહેરના આલાપ રોડનું કામ છ મહિના પહેલાં મંજૂર થયું હોવા છતાં શરૂ ન થયું હોવાનો મુદ્દો ઉઠ્યો હતો. એ જ રીતે કેનાલ રોડ પર પાણીની પાઈપલાઈન નાખવાનું કામ ત્રણ મહિના પહેલાં લેખિતમાં સોંપાયું હોવા છતાં કામગીરી શરૂ થઈ ન હતી. અધિકારીઓએ રોડની જગ્યા ઉપલબ્ધ ન હોવાનો બચાવ કર્યો હતો.

# મોરબી: બજારમાં ખરીદી કરવા ગયેલી સગીરા ભેદી રીતે લાપતા

### ૧૭ વર્ષીય કિશોરી ઘરે પરત નહીં આવતા પિતાની ફરિયાદના આધારે અપહરણનો ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના નવલખી રોડ પર વાડી વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષિય સગીરા બજારમાં ખરીદી કરવા જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતાં તેના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ, ગત ૨૩ સપ્ટેમ્બરના રોજ સવારે સાડા નવ વાગ્યે શ્રમિક પરિવારની ૧૭ વર્ષીય દીકરી ઘરેથી મોરબી બજારમાં ખરીદી કરવા જવાનું કહી નીકળી હતી. જોકે, બપોર સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. સગાસંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં તપાસ કરવા છતાં તેનો પત્તો ન લાગતાં આખરે ભોગ બનનારના પિતાએ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, તેમની દીકરી ઘરેથી નીકળી ક્યાંક જતી રહી હોવાની, ગુમ થઈ હોવાની અથવા કોઈ અજાણી વ્યક્તિ દ્વારા અપહરણ કરાયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલ પોલીસે અજાણ્યા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોરબી: ઈવીએમ વેરહાઉસનું નિરિક્ષણ કરતા કલેક્ટર સ્વપ્નિલ ખરે



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ ચૂંટણીલક્ષી સાધન-સામગ્રીની સુરક્ષા અને જાળવણીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાના ભાગરૂપે મોરબી જીલ્લા કલેક્ટર સ્વપ્નિલ ખરે દ્વારા મોરબી ખાતે આવેલા ઈવીએમ વેરહાઉસની પ્રત્યક્ષ મુલાકાત લેવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન કલેક્ટરે વેરહાઉસ ખાતે સુરક્ષા બંદોબસ્ત, સીસીટીવી કેમેરા મોનિટરિંગ, રજીસ્ટર તથા અન્ય જરૂરી વ્યવસ્થાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, ચૂંટણીલક્ષી મશીનોના સ્ટોરેજ, તેની યોગ્ય જાળવણી અને સુરક્ષા ધોરણોનું પાલન ચકાસીને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી હતી.

## મોરબી જીલ્લા પંચાયત દ્વારા સઘન રસીકરણ ઝુંબેશ

### ૧૭થી ૨૨ ઓકટો. સુધી સિરામિક વિસ્તારો, માઈગ્રન્ટ વસ્તી અને આરોગ્ય કેન્દ્રો પર સત્રો યોજાશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન રસીકરણથી અટકાવી શકાય તેવા રોગો (વીપીડી), ખાસ કરીને ઓરીના કેસોની ચિંતાજનક સ્થિતિને ધ્યાને રાખીને જીલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા વિશેષ સઘન રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. મોરબી જીલ્લામાં રસીકરણથી વંચિત રહી ગયેલા બાળકોને સંપૂર્ણપણે સુરક્ષિત કરવાના ઉદ્દેશથી આગામી તા. ૧૭ થી તા. ૨૨ ઓકટોબર દરમિયાન ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

સઘન ઝુંબેશ અંતર્ગત તા. ૧૭ ઓક્ટોબરના રોજ સિરામિક ફેક્ટરીઓ અને વાડી વિસ્તારોમાં ઉત્તર પ્રદેશ, બિહારથી આવતી માઈગ્રન્ટ વસ્તીના ૯ માસથી ૧૦ વર્ષ સુધીના રસીથી વંચિત બાળકો માટે 'સિરામિક સ્પેશ્યલ ડ્રાઈવ' યોજાશે. તા. ૧૮ ઓક્ટોબરે જીલ્લા હોસ્પિટલ, પેટા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સી.એચ.સી. અને પી.એચ.સી. ખાતે ખાસ 'ફિક્સ્ડ ડે સેશન' યોજાશે. જ્યારે તા. ૨૧ ઓક્ટોબર (મમતા દિવસ) ના રોજ તમામ આઉટ-રીચ વિસ્તારોમાં સઘન કામગીરી તથા તા. ૨૨ ઓક્ટોબરે ચોથા ગુરુવાર નિમિત્તે માઈગ્રન્ટ વિસ્તારોમાં ખાસ રસીકરણ ડ્રાઈવ હાથ ધરાશે.

# અર્વાચિન કલ્ચરની બોલબાલા વચ્ચે વડિયામાં પરંપરાગત રાસની રમઝટ

### દસથી પણ વધુ શેરી ગરબીઓમાં ગરબે ઘૂમતી બાળાઓમાં ભક્તો કરે છે માતાજીના સાક્ષાત દર્શન

**અબતક, માહિર સુમરા, વડિયા**

સમગ્ર દેશમાં હાલ હિન્દૂ ધર્મનો માતાજીની આરાધના કરવાનો પવિત્ર તહેવાર નવરાત્રીની ઉજવણી થઇ રહી છે. તેમાં ગુજરાતના ગરબા ખુબ મહત્વ ધરાવે છે. સમયની સાથે આજે આધુનિક ગરબા માટે પાર્ટીપ્લોટ ક્લચર વધતું જોવા મળે છે સામે પરંપરાગત ગરબીઓ હવે ધીમે ધીમે ઘટતી જાય છે.

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આજે પણ પરંપરાગત ગરબીઓમાં ગરબા રમીને માતાજીના નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર વડિયામાં દસથી પણ વધુ શેરી ગરબીઓ થાય છે. જેમા નાની બાળાઓ ગરબે ઘૂમી માતાજીની આરાધના કરતી જોવા મળે છે.

તો બીજી બાજુ ગરબે ઘૂમતી બાળાઓને માતાજી સ્વરૂપ ગણી દાન પૂર્ણયનુ ભાથું બાંધવા લોકો પ્રસાદી ભેટ રૂપી વિવિધ ખાદ્ય ચીજોની લ્હાણી પણ આપતા જોવા મળે છે.

## મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા ૨૫ જરૂરિયાતમંદ માતાઓને રાશન કિટનું કરાયું વિતરણ

### 'એડોપ્શન ઓફમાં' પ્રોજેક્ટ અંતર્ગત ચાર વર્ષથી દર મહિને સેવાયજ્ઞ



**અબતક, ઋષી મહેતા, મોરબી**

નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે મુસ્કાન વેલ્ફેર સોસાયટી, મોરબી દ્વારા ૨૫ જરૂરિયાતમંદ માતાઓને રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા છેલ્લા ચાર વર્ષથી 'એડોપ્શન ઓફમાં' પ્રોજેક્ટ અંતર્ગત દર મહિને નિયમિત રીતે ૨૫ માતાઓને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવે છે.

આ પ્રોજેક્ટ હેઠળ વૃદ્ધ, એકલવાયી, શારીરિક અસમર્થતા ધરાવતી તથા આર્થિક રીતે નબળી પરિસ્થિતિમાં જીવતી અને કમાઈ શકવા અસમર્થ માતાઓને સહાય કરવામાં આવે છે.

## ગુંગણ ગામે ટ્રેક્ટર - રોટાવેટર વચ્ચે દબાઈ જતાં યુવાનનું કમકમાટીભર્યું મોત

### ખેતરમાં કામ કરતી વેળાએ અકસ્માત સર્જાયો: ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ખસેડાયો પણ જીવ ન બચ્યો, પરીવારમાં કલ્પાંત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના ગુંગણ ગામે ખેતરમાં કામ કરતી વખતે અકસ્માતમાં ગંભીર ઈજા થતાં યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. હાલ તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે મરણ નોંધ નોંધી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.મોરબી તાલુકાના ગુંગણ ગામની સીમમાં ખેતરમાં કામ કરતી વખતે ટ્રેક્ટર અને રોટાવેટર વચ્ચે આવી જતા ૨૦ વર્ષીય જયપાલસિંહ જયેન્દ્રસિંહ જાડેજાને અકસ્માતે ઈજા થઈ હતી. જેથી તાત્કાલિક તેમને સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન જયપાલસિંહનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# લોધિકામાં મહિલા કાયદા જાગૃતિ સુરક્ષા અને સરકારી યોજના અંગે નારી સંમેલન યોજાયું

### જિલ્લા પંચાયતના પ્રમુખ સંજય પીપળિયા, પ્રાંત અધિકારી હર્ષવર્ધનસિંહ જાડેજા સહિતનાઓ ઉપસ્થિત રહ્યા



**અબતક, બી.એમ. ગોસાઈ, લોધીકા**

ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને આઈ.સી.ડી.એસ. લોધિકા તાલુકાના સંયુક્ત ઉપક્રમે મહિલાઓમાં કાયદાકીય જાગૃતિ લાવવા, મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા તેમજ મહિલાલક્ષી વિવિધ સરકારી યોજનાઓની માહિતી પૂરી પાડવાના હેતુથી નારી સંમેલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રાંત અધિકારી હર્ષવર્ધનસિંહ જાડેજા, મહિલા અને બાળ યુવા પ્રવૃત્તિ સમિતિના ચેરમેનના પ્રતિનિધિ વિજયદાન માવલ, જિલ્લા પંચાયત સદસ્ય દિલીપભાઈ ધીરુભાઈ સરવૈયા, લોધિકા તાલુકા પંચાયત પ્રમુખ કાજલબેન તારપરા, ઉપપ્રમુખ શૈલેષભાઈ રાઠોડ, રાજકોટ આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર, તાલુકા ભાજપ પ્રમુખ ડો. પ્રકાશભાઈ વીરડા, તાલુકા ભાજપના અગ્રણી દિલીપભાઈ કુગશીયા, જિલ્લા યુવા મોરચાના અધ્યક્ષ મોહિતભાઈ દાફડા, તાલુકા વિકાસ અધિકારી લોધિકા પ્રતિનિધિ સંજીવકુમાર ગણાત્રા, બાળ વિકાસ યોજના અધિકારી શોભનાબેન લાડાણી તેમજ લોધિકા આઈ.સી.ડી.એસ.ના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.તાલીમ સત્રમાં વિવિધ નિષ્ણાતો દ્વારા મહિલાઓને કાયદાકીય અધિકારો, સુરક્ષા અને સ્વાવલંબન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી એસ. એમ. ગજેરા દ્વારા ઘરેલું હિંસાથી મહિલાઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ અંગે માહિતી આપવામાં આવી હતી. શ્રીમતી મીનાબેન ચૌહાણ દ્વારા નારી અદાલતની કામગીરી અને તેના મહત્વ અંગે સમજ આપવામાં આવી હતી. શ્રીમતી કૃપાલીબેન ચૌધરી દ્વારા મહિલાઓની સુરક્ષા માટેની ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન વિશે માહિતી આપવામાં આવી હતી. જેવીનાબેન પટેલ દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાવવા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મોરબીમાં બેફામ સ્કોર્પીયો ચાલકનો આતંક: ભવાની ચોકમાં ગરબીમાં અફરાતફરી

### યુવાનને ઠોકરે ચડાવ્યો, અન્ય એક વ્યકિત પર કાર ચડાવી દેવાનો પ્રયાસ: ખુરશીઓ હવામાં ફંગોળાઈ





**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી શહેરમાં ભવાની ચોક ખાતે યોજાતી ગરબીમાં બેફામ સ્કોર્પિયો કાર લઈને ઘૂસી આવેલા અજાણ્યા ઈસમે અફરાતફરી મચાવી હોવાનો બનાવ સામે આવ્યો છે.

ગરબીના સ્થળે બેફામ રીતે કાર હંકારીને આવેલા ચાલકે ખુરશીઓનો ઉલાળિયો કરી નાખ્યો હતો અને ત્યારબાદ ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવ દરમિયાન નજીકમાં જ બેઠેલાં બાળકોનો આબાદ બચાવ થયો હતો. વધુમાં, કારચાલકે એક વ્યક્તિને અડફેટે લીધી હોવાની વિગતો સામે આવી છે, જ્યારે અન્ય એક વ્યક્તિ પર પણ કાર ચડાવવાનો પ્રયાસ કર્યાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

સમગ્ર બનાવના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જાહેર કાર્યક્રમમાં બેફામ વાહન ચલાવવાના આ બનાવને પગલે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

હવે આ મામલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે કે કેમ અને જવાબદાર કારચાલક સામે શું કાર્યવાહી થાય છે તે જોવું રહ્યું.

# જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિની સંગઠનાત્મક શિબિરમાં નિવૃત્ત આઈપીએસ અધિકારીએ આપ્યું માર્ગદર્શન



**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જૂનાગઢ તાલુકા અને શહેર કોંગ્રેસના પ્રમુખો, મંડળ પ્રમુખો તેમજ વોર્ડ પ્રમુખો માટે સંગઠનાત્મક તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને નિવૃત્ત ઈજ્જ અધિકારી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના ઉપાધ્યક્ષ કુલદીપ શર્માજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત હોદ્દેદારો અને કાર્યકરોને સંગઠનને વધુ મજબૂત, સક્રિય અને લોકાભિમુખ બનાવવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કુલદીપ શર્મા એ હોદ્દેદારો અને કાર્યકરોને સંબોધતાં સંગઠનમાં શિસ્ત, જવાબદારી, એકતા અને સમર્પણનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે સંગઠનના દરેક હોદ્દેદારે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ તથા સામાન્ય નાગરિકો, ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને સમાજના વંચિત વર્ગોના પ્રશ્નોને વાચા આપવા માટે સતત જનતાની વચ્ચે રહીને કાર્ય કરવું જોઈએ તેવો સંદેશ આપ્યો હતો.

# વઢવાણ-કોઠારીયા રોડ પરથી દારૂ બિયરના મોટા જથ્થા સાથે બેલડી ઝડપાઈ: રૂ.૧૦.૧૩ લાખનો મુદામાલ કબ્જે

### દારૂની ૨૦૮૯ બોટલ, બિયરના ૩૬૨ ટીન, કાર, મોબાઈલ જપ્ત: બુટલેગર અને સપ્લાયરની શોધખોળ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એલસીબી પોલીસે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું જેમાં વઢવાણ-કોઠારિયા રોડ પર કારના શો-રૂમની બાજુમાં આવેલ અવાવરુ જગ્યામાં ઈંગ્લીશ દારૂનો સંગ્રહ અને વેચાણ થતું હોવાની બાતમીના આધારે રેઈડ કરી હતી.

જે રેઈડ દરમિયાન સ્થળ પર થી બે શખ્સો જાહિદ ઉર્ફે લાલો અબ્બાસભાઈ લાખવા અને હસનભાઈ ખલીલભાઈ શેખ, બન્ને રહે.સુડવેલ સોસાયટી વાળાને ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ ૨૦૮૯ કિંમત રૂ.૪,૦૭,૯૫૬ તથા બીયર ટીન નંગ ૩૬૨ કિંમત રૂ.૪૫૨૫૦ સહિત રૂ.૪,૫૩,૨૦૬, ૦૨ મોબાઈલ કિંમત રૂ.૬૦,૦૦૦ અને કાર કિંમત રૂ.૦૫ લાખ સહિત કુલ રૂ.૧૦,૧૩,૨૦૬ નો મુદામાલ કબજે કર્યો હતો અને ઝડપાયેલ શખ્સોની પૂરછપરછ કરતા રાજુ મારવાડી (રહે.સાંચોર) વાળા પાસેથી ઈંગ્લીશ દારૂ મંગાવ્યો હોવાની જુની હાઉસિંગ બોર્ડમાં રહેતા રિયાઝ ઉર્ફે રોકી ઉર્ફે પ્રફુલ મહેબુબભાઈ સાથે મળી સંગ્રહ અને વેચાણ કરતા હોવાની કબુલાત કરી હતી. આથી એલસીબી પોલીસે ઝડપાયેલ બે શખ્સો અને હાજર મળી નહી આવેલ શખ્સો સહિત કૂલ ૦૪ શખ્શો વઢવાણ પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વ્યાજખોરીનાં દુષણ સામે આરપારની લડાઈ લડવા રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર : હર્ષ સંઘવી

## શાપરમાં નવનિર્મિત વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું નાયબ મુખ્યમંત્રીનાં હસ્તે લોકાર્પણ

## આત્મહત્યા જેવા નકારાત્મક વિચારો દૂર કરી ૭૦૦થી વધુ લોકોને કાઉન્સેલિંગ દ્વારા નવું જીવન પૂરૂ પાડનારી રાજકોટ ગ્રામ્ય પોલીસની વિશેષ પહેલ પ્રેરણા- નવા જીવનની અહેવાલનું વિમોચન





**અબતક, રાજકોટ**

રાજ્યના નાયબ મુખ્યમંત્રી ગઈકાલે રાજકોટનાં પ્રવાસે આવ્યા હતા. ત્યારે હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજકોટના શાપર ખાતે વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ ભુમાફિયા અલ્પેશ દોંગા આણી ટોળનીનો ભોગ બનેલા ૫૫ ખેડૂતોની રૂ. ૧૦૦ કરોડથી વધુ કિંમતની ૫૦૦થી વધુ વિઘા જમીનના દસ્તાવેજો ખેડૂતોને પરત સોંપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વ્યાજખોરી કરતા દૂષણખોરો સામે આરપારની લડાઈ લડવાનો ગુજરાત સરકારનો મક્કમ નિર્ધાર છે. રાજકોટ પોલીસે ૫૫ ખેડૂતોની અંદાજે ૧૦૦ કરોડથી વધુ રકમની જમીન પરત અપાવવામાં ઐતિહાસિક સફળતા મેળવી છે. દેશના ઈતિહાસમાં આટલા મોટા પ્રમાણમાં ખેડૂતોને જમીનો પરત અપાવવાનો આ પ્રથમ કિસ્સો છે.

સાથે જ, નાયબ મુખ્યમંત્રીએ ઉપસ્થિત ખેડૂતો અને નાગરિકોને અપીલ કરી હતી કે, વ્યાજખોરોને હંમેશા પોલીસ અને કાયદાનો ભય રહેવો જોઈએ. ખેડૂત પોતાની આખી જિંદગી મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હોય છે. મુશ્કેલીના સમયે વ્યાજે લીધેલા નાણાં સામે વિશ્વાસઘાત કરીને વ્યાજખોરો અને ભૂમાફિયાઓ ખેડૂતોની જીવનભરની મૂડી સમાન જમીનો કબજે કરી લેતા હોય છે. ખેડૂતોએ વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે નાણાં લેવાને બદલે સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવો જોઈએ અને વ્યાજખોરોના વિષચક્ર સામે સાવચેત રહેવું જોઈએ. દસ્તાવેજોમાં જો સહી કરતી વખતે સાવચેતી ન રાખવામાં આવે તો ભવિષ્યમાં ન્યાય અપાવવો ખૂબ મુશ્કેલ બને છે. આ પ્રસંગે તેમણે પોલીસમિત્રો અને તેમના પરિવારોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે ભગવાનને પ્રાર્થના કરી હતી.

શાપર, પડવલા, હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સૌજન્યથી નિર્માણ પામેલી વિભાગીય પોલીસ અધિકારી, રાજકોટ ગ્રામ્ય ડિવિઝન કચેરી કાર્યરત થવાથી શાપર-વેરાવળ સહિતના મહત્વના ઔદ્યોગિક તેમજ ગ્રામીણ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી વધુ સુદઢ બનશે અને સ્થાનિક નાગરિકોને જરૂર પડ્યે પોલીસની સેવાઓ વધુ ઝડપથી મળી રહેશે.

આ તકે નાયબ મુખ્યમંત્રીએ ઈશ્વરની આરાધના સાથે દીપ પ્રજ્વલિત કરી નવનિર્મિત કચેરીનું લોકાર્પણ કર્યું હતું.

આ અવસરે તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત નાયબ મુખ્યમંત્રીના હસ્તે રાજકોટ પોલીસે સબ રજિસ્ટ્રાર કચેરીના સહયોગથી ભૂમાફિયાઓ તેમજ વ્યાજખોરો સામે ચલાવાયેલી કડક ઝુંબેશના ભાગરૂપે, દગાબાજી અને છેતરપિંડીથી પડાવી લેવાયેલી ૫૫ જેટલા ખેડૂતોની અંદાજે રૂ.૧૦૦ કરોડની ૫૦૦થી વધુ વિઘા જમીનના ૫૫ દસ્તાવેજો મૂળ માલિક ખેડૂતોને સન્માનપૂર્વક પરત સોંપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત લોકોમાં આત્મહત્યા જેવા નકારાત્મક વિચારો દૂર કરી ૭૦૦થી વધુ લોકોને કાઉન્સેલિંગ દ્વારા નવું જીવન પૂરું પાડનારી રાજકોટ ગ્રામ્ય પોલીસની વિશેષ પહેલ પ્રેરણા- નવા જીવનની અહેવાલનું પણ આ તકે નાયબ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ પૂર્વે રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા નાયબ મુખ્યમંત્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની સ્વાગત વિધિ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા કરવામાં આવી હતી તેમજ આભારવિધિ મદદનીશ પોલીસ અધિક્ષક, ધોરાજી ડિવિઝન સીમરન ભારદ્વાજે કરી હતી. આ પ્રસંગે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલાળા, ગીતાબા જાડેજા, જયેશભાઈ રાદડિયા, ઉદયભાઈ કાનગડ, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા સહિતના પદાધિકારીઓ, રાજકોટ ડીઆઈજી નિર્લિપ્ત રાય, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના વરિષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને નાગરિકો સહભાગી થયા હતા.

## મંદિરોમાં જવાથી જેટલાં આશિર્વાદ ન મળે એટલા આશિર્વાદ આજે એસપી વિજયસિંહને ખેડૂતોએ આપ્યા

### ભુમાફિયાએ પડાવી લીધેલી ૧૦૦ કરોડથી વધુ કિંમતની જમીનો ખેડૂતોને પરત આપવાની કામગીરીને હર્ષ સંઘવીએ બિરદાવી

શાપર મુકામે હર્ષ સંઘવીની ઉપસ્થિતમાં અનેક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મુખ્યત્વે કુખ્યાત ભુમાફિયા અલ્પેશ દોંગા આણી ટોળકીએ ખેડૂતોને ધિરાણનાં નામે ફસાવી દગાખોરીથી જગતનાં તાતની જમીનો પડાવી લીધી હતી. તે તમામ ૫૫ ખેડૂતો પાસે ભુમાફિયાએ જમીનના કરાવી લીધેલા દસ્તાવેજો રદ્દ કરાવી રૂ. ૧૦૦ કરોડથી વધુ કિંમતની ૫૨૨ વીઘા જમીનના દસ્તાવેજો ખેડૂતોને પરત આપવામાં આવ્યા હતા. ત્યારે હર્ષ સંઘવીએ રાજકોટ ગ્રામ્ય પોલિસની કાબિલેદાદ કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, જે ખેડૂતોએ પોતાની જમીન પરત મેળવવાની આશા પણ છોડી દીધી હતી તેવા ખેડૂતોનો પોલીસે સામેથી સંપર્ક કરી તેમને જમીન પરત અપાવી છે. આ સાથે જ હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરને કોઈપણ મંદિરમાં જવાથી જેટલા આશિર્વાદ નહીં મળ્યા હોય તેના કરતા વધુ આશિર્વાદ ખેડૂતોએ આપ્યા હશે.

## રાજકોટ ગ્રામ્ય પોલીસની સિદ્ધિ : આઈએસઓ પ્રમાણપત્ર મેળવનાર રાજ્યનો પ્રથમ જિલ્લો

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનાં અધ્યક્ષસ્થાને ગઈકાલે યોજાયેલા કાર્યક્રમમાં સમગ્ર રાજકોટ જિલ્લા પોલીસ તંત્રને આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ ૨૪ પોકીસ સ્ટેશન, કચેરીઓ અને અલગ અલગ શાખાઓને ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રમાણપત્ર મેળવનારો રાજકોટ જિલ્લો સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ જિલ્લો બન્યો છે.

## ભુમાફિયા અલ્પેશ દોંગાએ દગાખોરીથી પડાવી લીધેલી ૫૫ ખેડૂતોની ૧૦૦ કરોડથી વધુ કિંમતની જમીનનાં દસ્તાવેજ પરત અપાયા

# પોરબંદરના બખરલામાં નવરાત્રી મહોત્સવમાં રાજકીય-સામાજિક આગેવાનોની ઉપસ્થિતિથી ગરિમા વધી

## કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના પુત્ર પાર્થભાઈ મોઢવાડિયા, મહેર સમાજના અગ્રણીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો અને ભાજપના આગેવાનો નવરાત્રી મહોત્સવમાં જોડાયા





**અબતક પોરબંદર**

પોરબંદર તાલુકાના બખરલા ગામે નવરાત્રી મહોત્સવ ૨૦૨૬ની ઉજવણી ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ચાલી રહી છે. મહોત્સવના પાંચમા નોરતે રાજકીય, સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. ગામમાં યોજાયેલા આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં વિવિધ ક્ષેત્રના આગેવાનો જોડાયા હતા અને નવરાત્રીની પરંપરાગત ઉજવણીમાં સહભાગી બન્યા હતા.પાંચમા નોરતે સુદામા ડેરીના ચેરમેન આકાશભાઈ રાજશાખા, ગાંધીનગરના સચિવ વદર , કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના પુત્ર પાર્થભાઈ મોઢવાડિયા, જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન ભુરાભાઈ કેશવાલા, ઈન્ટરનેશનલ મહેર સુપ્રીમ કાઉન્સિલના ઉપપ્રમુખ કારાભાઈ કેશવાલા અને જિલ્લા પંચાયતના સભ્ય કેશુભાઈ ઓડેદરા ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત મહેર સમાજના આગેવાન મેરામણ આતા મહેર, દેવશીભાઈ ઓડેદરા, તાલુકા પંચાયતના સભ્ય આતિયાભાઈ કારાવદરા, કિશનભાઈ કારાવદરા, અરવિંદભાઈ પાંજરી અને ગીગનભાઈ બોખીરીયાએ પણ હાજરી આપી હતી.કાર્યક્રમમાં નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર દિલીપભાઈ ઓડેદરા, કુતિયાણાના ભાજપ આગેવાન પુંજાભાઈ ઓડેદરા, ભાજપના યુવા આગેવાન દીપકભાઈ ઓડેદરા, કાસાબડના નાગાજણભાઈ ઓડેદરા, ભીખુભાઈ ગોસ્વામી, વિરમભાઈ પરમાર અને સુબાભાઈ સહિતના અગ્રણીઓ જોડાયા હતા.આ પ્રસંગે આશાપુરા જ્વેલર્સના મેનેજર અને તમામ સ્ટાફ તેમજ અન્ય નામી-અનામી આગેવાનોની ઉપસ્થિતિ રહી હતી. બખરલા ગામે યોજાયેલા નવરાત્રી મહોત્સવમાં વિવિધ ક્ષેત્રના આગેવાનોની સહભાગિતાએ સામાજિક એકતા અને પરંપરાગત ઉત્સવની ઉજવણીને વિશેષ મહત્ત્વ આપ્યું હતું.

# દારૂ ઢોળાઈ જતાં પતિનું રાક્ષસી કૃત્ય : પતિને એસિડ પીવડાવી હત્યાની કોશિશ

## જામકંડોરણાનાં ચિત્રાવડ ગામે ચકચાર મચાવતો કિસ્સો : પ્રેમલગ્ન કરનારી પરિણીતાને પતિએ પરાણે એસિડ પીવડાવ્યું

### પત્નિએ દારૂ ઢોળી દીધાની શંકા રાખી ઢસડીને બેફામ મારમારી જીવલેણ હુમલો કર્યો : ૩૦ વર્ષીય પરિણીતા ગંભીર રીતે ઘાયલ, પોલીસે હત્યાની કોશિશ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો

**અબતક, રાજકોટ**

જામકંડોરણાના ચિત્રાવડ ગામે ચકચાર મચાવતો બનાવ સામે આવ્યો છે. દારૂડિયા પતિનો દારૂ પત્નિએ ઢોળી નાખ્યાની શંકા કરી પત્નિને પરાણે એસીડ પીવડાવી હત્યાનો પ્રયાસ કરતાં પોલીસ દોડી ગઈ હતી અને રાક્ષસી પતિ સામે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો હતો. મોડી રાતે દારૂની બોટલ સાથે ઘરે આવેલ પતિએ સવારે જાગીને જોયું તો તેનો શરાબ ઢોળાઈ ગયેલ હતો, પત્ની પર શંકા કરી ઢસડીને બેફામ મારમારી જીવલેણ હુમલો કરતાં ૩૦ વર્ષીય પરિણીતા ગંભીર રીતે ઘાયલ થતાં સારવારમાં ખસેડાઈ હતી.

બનાવ અંગે જામકંડોરણાના ચિત્રાવડ ગામે રહેતાં નિકીતાબા યોગરાજસિંહ ઉર્ફે રાજા ભાવુભા ચુડાસમા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે યુવરાજસિંહ ઉર્ફે રાજા ભાવુભા ચુડાસમા (રહે.ચિત્રાવડ જામકંડોરણા) નું નામ આપતાં પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી તેના પતિ સાથે રહે છે અને ઘરકામ કરે છે. તેણીએ ચાર વર્ષ પહેલા પ્રેમલગ્ન કરેલ છે. સાસુ જયોતિબા તથા દિયર બ્રિજરાજસિંહ બન્ને મંદબુધ્ધી (અસ્થીર) મગજ ના છે, જે બન્ને તેઓની સાથે રહે છે, તેણીનું પિયર ભુજનું ગુંદિયારી ગામ છે.

ગઈ તા.૧૪ ના બપોર ના સાડા બારેક વાગ્યે તેણી તથા તેના પતિ ઘરે હતા ત્યારે તેઓ જામનગર પોલીસ સ્ટેશને નિવેદન લખાવવાનુ કહીને ગયેલ હતા અને તેઓ રાત્રીના અઢી ત્રણ વાગ્યે ઘરે આવેલ અને ત્યારે પતિ દારૂ પીધેલ હાલતમાં હતા. તેની પાસે એક કાળુ પ્લાસ્ટીકનુ ઝબલુ હતુ અને તેમા પાણીની તથા એક દારૂની બોટલ હતી. જે તેમણે ટેબલ ઉપર મુકી દિધેલ અને પછી મને જમવાનુ આપવાનુ કહેતા તેઓને જમવાનુ આપેલ હતું. બાદ તેઓ જમી સુઈ ગયેલા અને તેણી પણ સુઈ ગયેલ હતી.

ગઈકાલે વ્હેલી સવારના તેણી સાત વાગ્યે અને પતિ નવેક વાગ્યે જાગેલ અને તેઓએ ટેબલ ઉપર મુકેલ ઝબલામા જોઈ તેણીને કહેલ કે, તે મારો દારૂ કેમ ઢોળી નાંખેલ જેથી તેને કહેલ કે, મે દારૂ ઢોળેલ નથી, તો તે ઉશ્કેરાય ગયેલ અને આ દારૂના ઝબલાનો ઘા તેણી તરફ કરેલ અને તેણી સાથે ઝઘડો કર્યો હતો. જેથી તેણી મોટા સસરા હાલુભા ચુડાસમાના ઘરે જવા નીકળતી હતી ત્યારે પતિએ પીઠના ભાગે થાપો મારી દિધેલ અને જાળી સાથે ભટકાડેલ અને ઢીકા પાટુ મારી ત્યા ઓસરીમા પાડી દઈ કહેવા લાગેલ કે, આજે તો તને મારી જ નાંખવી છે તેમ કહી તેણીનો હાથ પકડી ઢસડી બાથરૂમમા લઈ ગયેલ અને ત્યા એસીડનો શીશો પડેલ હોય જે શીશો લઈ તેણીનું મોઢુ પકડી તેણીને મારી નાખવાના ઈરાદે એસીડ પીવડાવવા લાગેલ અને બળજબરીથી એક ઘૂંટડો એસીડ પીવડાવી દિધેલ હતો.

તેણી રાડારાડી કરી તેને ધક્કો મારી બીજા રૂમમા જતી રહેલ અને ત્યાથી જામકંડોરણા પોલીસ સ્ટેશને ફોન કરી દિધેલ અને ત્યારબાદ મોટા સાસુ ચંદ્રાબા ચુડાસમાને ફોન કરી કહેલ કે, મને મારા પતિએ એસીડ પીવડાવી દિધેલ છે,

તમે તાત્કાલીક આવો તેમ જાણ કરતી હતી ત્યારે પતિ ત્યાં પણ ઘસી આવી ફોન આંચકી લઈ માથામાં ફોન મારતા લોહી નીકળવા લાગેલ અને આ દરમ્યાન ચંદ્રાબા ચુડાસમા સહિતના લોકો આવી ગયેલ અને પોલીસ આવી જતા તેણીને ૧૦૮ મારફત સારવારમાં જામકંડોરણા સરકારી દવાખાને લાવેલ અને ત્યા પ્રાથમિક સારવાર મેળવી વધુ સારવાર માટે જુનાગઢ સિવીલ હોસ્પિટલમા સારવારમા દાખલ થયેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી જામકંડોરણા પોલીસે ગુનો નોંધી આરોપી પતિ યોગરાજસિંહ ચુડાસમાને સકંજામાં લઈ કાર્યવાહી કરી હતી.

# ચુડા અને વઢવાણમાંથી ગેરકાયદે રેતી ખનનનો પર્દાફાશ: રૂ.૪.૪૫ કરોડનો મુદામાલ જપ્ત

## રાજકોટ રેન્જ આઈજી ટીમનો દરોડો: ત્રણ વોશ પ્લાન્ટ, ૧૨ ડમ્પર, ત્રણ લોડર અને ત્રણ હિટાચી ઝડપાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં મોટા પ્રમાણમાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું ખનન અને વહન થતું હોવાની ફરિયાદોને ધ્યાને લઈને રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાયની ટીમ દ્વારા ચુડા તાલુકામાં ચેકીંગ તેમજ રેઈડ કરવામાં આવી હતી. જેમાં ચુડા તાલુકાના સમઢિયાળા ગામે ભોગાવો નદીના પટમાં રેઈડ કરી હતી. જેમાં સ્થળ પર થી ૦૩ વોશ પ્લાન્ટ, ૧૦ ડમ્પર (૦૫ ડમ્પર સાદી રેતી ભરેલ અને ૦૫ ખાલી ડમ્પર), ૦૩ લોડર સાદી રેતીનું ખનન અને વહન કરતા ઝડપી પાડ્યા હતા અને તપાસ દરમિયાન ગેરકાયદેસર સાદી રેતીનું ખનન (૧) મેહુલભાઈ હરિસંગભાઈ ગોહિલ (૨) ભરતભાઈ આપાભાઈ ખાચર (૩) જાગશીભાઈ લખમણભાઈ ઝાપડા, તમામ રહે.સમઢિયાળા વાળા કરવામાં આવતું હોવાનું સામે આવતા નિયમો મુજબ કાર્યવાહી હાથ ધરી છે.



જ્યારે બીજા બનાવમાં ચુડા તાલુકાના મોરવાડ ગામેથી પણ ગેરકાયદેસર બ્લેક ટ્રેપનું ખનન કરતા ૦૩ હીટાચી મશીન સહિતનો મુદામાલ કબજે કર્યો હતો અને તપાસ દરમિયાન મશીન રમેશભાઈ નથુભાઈ પરમાર, રહે.રાજકોટ વાળાના હોવાનું માલુમ પડ્યું હતુ અને મશીન મહેશભાઈ ગેલાભાઈ જોશીએ ભાડે આપી રાખ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ ઉપરાંત વઢવાણ તાલુકાના ભોગાવો નદીના કાંઠે મઢાદ ગામની સીમમાં પણ ગેરકાયદેસર સાદી રેતીનું વહન કરતા ૦૨ ડમ્પર ને ઝડપી પાડ્યા હતા. આમ અલગ અલગ ત્રણ જગ્યાએ રેઈડ કરી ગેરકાયદેસર બ્લેક ટ્રેપ અને રેતીનું વહન કરતા ૦૩ વોશ પ્લાન્ટ, ૧૨ ડમ્પર, ૦૩ લોડર મશીન અને ૦૩ હીટાચી મશીન સહિત કૂલ રૂ.૪.૪૫ કરોડનો મુદામાલ કબજે કર્યો હતો અને આગળની કાર્યવાહી માટે ખાણ ખનીજ વિભાગની ટીમને જાણ કરી હતી.

# મોટી સાણુગાર ગામે સાંસ્કૃતિક હોલ પાસે દબાણ કરનાર શખ્સોની દાદાગીરી: ઉપસરપંચને ખુનની ધમકી

## દબાણ હટાવવાનું કહેતા ઉશ્કેરાયેલા શખ્સોએ બેફામ વાણી વિલાસ કર્યો : ઈંટ લઈ મારવા દોડ્યા એટ્રોસિટીની ફરિયાદમાં ફસાવી દેવાનું કહી ધમકાવ્યા

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના મોટી બાણુગાર ગામે સંયુક્ત સાંસ્કૃતિક હોલની ફરતે કરવામાં આવેલા દબાણને દૂર કરી રસ્તો ખુલ્લો કરાવવાના મુદ્દે વિવાદ સર્જાયો છે. આ દબાણ દૂર કરવા સમજાવવા ગયેલા ગ્રામજનોને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની તેમજ ખોટી એટ્રોસિટી ફરિયાદમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવી હોવાના આક્ષેપ સાથે ૬૧ વર્ષના ખેડૂતે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મોટી બાણુગાર ગામના રહેવાસી અને ખેતીકામ કરતા સુરેશભાઈ નારણભાઈ ગામીએ પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગામના મુખ્ય પ્રવેશદ્વાર પછી આવેલા સંયુક્ત સાંસ્કૃતિક હોલની ફરતે કેટલાક લોકોએ કાચી ઈંટોની દીવાલ બનાવી દબાણ કર્યું છે. તેના કારણે ગામમાં આવવા-જવાનો રસ્તો સાંકડો થઈ ગયો છે અને માત્ર ટુ-વ્હીલર પસાર થઈ શકે તેટલો જ રસ્તો ખુલ્લો રહ્યો છે.

આ દબાણ દૂર કરી રસ્તો ખુલ્લો કરાવવા માટે ગ્રામજનો દ્વારા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, કલેક્ટર કચેરી તેમજ ગ્રામ પંચાયતમાં અરજીઓ કરવામાં આવી હતી. ગ્રામ પંચાયતના તલાટી-મંત્રી દ્વારા પણ આ જગ્યાએ દીવાલ બનાવી દબાણ કરવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ કરાયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

દરમિયાન, તા. ૧૩ ઓક્ટોબરના રોજ બપોરે આશરે ૧૧:૩૦ વાગ્યે સુરેશભાઈ ગામી સહિત નીલેશભાઈ ગામી, દુષ્યંતભાઈ સાપરીયા, ખીમજીભાઈ વાસજડીયા, ઈરફાનભાઈ તુર્ક સહિતના ગ્રામજનો સાંસ્કૃતિક હોલ પાસે ગયા હતા. ત્યાં હાજર લોકોને દબાણ જાતે દૂર કરી રસ્તો ખુલ્લો કરવા સમજાવતાં ઉગ્ર બોલાચાલી થઈ હતી.

ફરિયાદ મુજબ, આ દરમિયાન રમેશ રાજાભાઈ પારિયા, મુકેશ હીરાભાઈ મકવાણા, મહેશ જીવાભાઈ પારિયા, રાજા માવાભાઈ પારિયા,ગૌતમ દામજીભાઈ પારિયા, ગૌતમ ઉર્ફે ગીધો અમરશી મકવાણા, ધીરુ કારાભાઈ પારિયા, દીપક લાખા, નૈતિક સુરેશભાઈ, નિકુંજ મુકેશભાઈ, પીરૂ દામજી અને પીન્ટુ નાથા સહિતના લોકો હાજર હતા. તેમણે ગાળો આપી દબાણ દૂર નહીં કરવાની વાત કરી હતી તેમજ ફરિયાદ કરશો તો ખોટી એટ્રોસિટી ફરિયાદમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ દરમિયાન રાજા માવાભાઈ પારિયા જમીન પર આળોટવા લાગ્યા હતા, જ્યારે રમેશ રાજા પારિયા ઈંટ લઈને ગામના ઉપસરપંચ ખીમજીભાઈ તરફ મારવા દોડ્યા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ગૌતમ દામજી પારિયાએ અન્ય લોકોને ઉશ્કેર્યા હોવાનો આક્ષેપ પણ કરાયો છે. બનાવને પગલે ગ્રામજનોએ ૧૧૨ નંબર પર ફોન કરતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્યાં હાજર લોકો વિખેરાઈ ગયા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, ગ્રામજનો પોલીસ સ્ટેશન તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં દેવરાજ ગોહિલ નામના વ્યક્તિએ પોતે ખીમરાણા ગામનો અને દલિત સમાજનો આગેવાન હોવાનું જણાવી સુરેશભાઈને ગાળો આપી હતી. તેમજ સમાજના લોકો વિરુદ્ધ ફરિયાદ કરશો તો પતાવી દેવાની અને એટ્રોસિટી ફરિયાદમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. આ ડરના કારણે અગાઉ ફરિયાદ કરી ન હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

સાંસ્કૃતિક હોલ પાસેના રસ્તા પરથી પસાર થતી મહિલાઓને પણ જાહેરમાં ગાળો ભાંડવામાં આવતી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૧, ૩૫૧(૩), ૧૮૯, ૧૯૦ અને ૧૯૧ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉછીના પૈસા પરત માગતાં યુવાન પર છરીથી હુમલો: બંને હાથના કાંડા અને કપાળે છરકા માર્યા

## યુવાને પૈસા પરત માંગતા ઉશ્કેરાયેલો શખ્સ મિત્ર સાથે મળી સાધના કોલોનીમાં રહેતા યુવાન પર તુટી પડ્યો

**અબતક, જામનગર**

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં ઉછીના આપેલા નાણાં પરત માગવાનું એક શખસને ભારે પડ્યું હતું. સાતથી આઠ મહિના પહેલાં આર્થિક મદદ માટે આપેલી રકમની ઉઘરાણી કરતાં ઉશ્કેરાયેલા શખસે પોતાના એક મિત્ર સાથે મળી ફરિયાદીને ગાળો ભાંડી હતી અને ત્યારબાદ છરી વડે હુમલો કરી બંને હાથના કાંડા પાસે તથા કપાળના ભાગે છરકા મારી લોહીલુહાણ કરી દીધાની ફરિયાદ સિટી 'સી' ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.

પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, જામનગરના રણજીતસાગર રોડ પર આવેલી સાધના કોલોનીમાં રહેતા અને ખાનગી નોકરી કરતા ૪૨ વર્ષીય જીજ્ઞેશભાઈ ધીરજલાલ શેઠે ગોકુલનગર વિસ્તારમાં રહેતા કુલદીપ વિજયભાઈ ગુજરાતી સહિતના શખસો સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આશરે સાતથી આઠ મહિના પહેલાં જીજ્ઞેશભાઈએ કુલદીપના માતા-પિતાને સંબંધના નાતે આર્થિક મદદરૂપ થવા માટે જુદા જુદા સમયે હપ્તાવાર નાણાં આપ્યાં હતાં. આ નાણાં પરત માગતાં કુલદીપ ઉશ્કેરાઈ ગયો હતો અને તેના એક અજાણ્યા મિત્ર સાથે મળી જીજ્ઞેશભાઈને નાણાં પરત આપવાનાં નથી તેમ કહી ગાળો ભાંડી હતી. ત્યારબાદ બંને શખસોએ છરી વડે હુમલો કરી જીજ્ઞેશભાઈના બંને હાથના કાંડા પાસે તથા કપાળના ભાગે છરકા મારતાં લોહી નીકળતી ઈજાઓ થઈ હતી. આ બનાવ અંગે જીજ્ઞેશભાઈ શેઠની ફરિયાદના આધારે સિટી 'સી' ડિવિઝન પોલીસે કુલદીપ વિજયભાઈ ગુજરાતી અને એક અજાણ્યા શખસ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કલોલ છત્રાલ જીઆઈડીસીની કેમિકલ કંપનીમાં બ્લાસ્ટ થતા ચારના મોત

## પાઈપ ફિટિંગની કામગીરી દરમિયાન ૮૦ ડિગ્રી સેલ્સિયસ ગરમ કેમિકલના અચાનક ભારે પ્રેશરથી શ્રમિકો ફંગોળાયા

**અબતક, રાજકોટ**

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ છત્રાલ જીઆઈડીસી માં ફેઝ ૪ માં અત્યંત ગંભીર ઘટના સામે આવી હતી જેમાં કોવિકા ડાયસ એન્ડ ઈન્ટરમિડીયેટ કંપનીમાં ગઈકાલે કામકાજ દરમિયાન અચાનક કેમિકલ ફેક્ટરીના પાઈપ ફીટીંગ દરમિયાન ભારે પ્રેશર આવતા મોટો અકસ્માત સર્જાયો હતો જ્યાં ચાર શ્રમિક કામદારોના ઘટના સ્થળ પર મોત નીપજ્યા હતા ઘટનાને પગલે ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમો દોડી ગઈ હતી અને મૃતદેહોને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા

આ અંગે મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા માં આવેલ છત્રાલ જીઆઈડીસી માં ફેઝ ૪ માં કોવિકા ડાયસ એન્ડ ઈન્ટરમિડીયેટ કંપનીમાં ગઈકાલે સાંજે કેમિકલ ની પાઈપ ફિટ કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક ભારે પ્રેશર આવતા ગરમ કેમિકલ પ્રેસર સાથે શ્રમિકો ફગોળાયા હતા જેમાં શ્રમિકોને શરીર પર કેમિકલ પડતા ચાર શ્રમિકો ગંભીર રીતે ઘવાયા હતા અને ઘટના સ્થળ પર જ ઝારખંડના વિનોદકુમાર નંદલાલસિંહ ઉંમર વર્ષ ૪૨, સિકંદર લખન દેહરિ, તેડા કાલુ દેહરી ઉંમર વર્ષ ૧૮, ઉદયપુર નો લક્ષ્મણ મીણાનું મોત નીપજ્યું હતું જેથી કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ અને ફાયર બ્રિગેડ ૧૦૮ ની એમ્બ્યુલન્સનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા આ અંગે કેમિકલ કંપનીમાં પાઈપ ફીટીંગ દરમિયાન કંપનીમાં ૭૦ થી ૮૦ ડિગ્રી સેલ્સિયસ ઊંચા તાપમાનમાં ગરમ કેમિકલની પ્રોસેસ ચાલી રહી હતી તે દરમિયાન દુર્ઘટના સર્જાય હતી જેમાં મૃતક શ્રમિકો ગરમ કેમિકલ માથે પડતા કાળા પડી ગયા હતા આ અંગે એફએસએલની ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી અને કંપનીના પ્લાન્ટમાં કયા કારણોસર ખામી સર્જાય, કંપની પાસે ફાયર સેફ્ટીના સાધનો તેમજ મંજૂરી અને સલામતી માટે કયા પ્રકારના પગલાં લેવામાં આવ્યા હતા નિયમનું પાલન થતું હતું કે નહીં તે દિશામાં આગળ તપાસ ચાલુ છે ટેકનિકલ કારણો ની તપાસ બાદ સ્પષ્ટ થશે આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

## પોલીસ, ફાયર બ્રિગેડ એફએસએલની ટીમો ઘટના સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી

# જામજોધપુર: એ.વી.ડી. એસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટી અને આપતિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અપાયું

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**



શ્રીમતી એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ખાતે આજ રોજ, તા. ૧૫ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૮:૩૦ કલાકે જામજોધપુર ફાયર બ્રિગેડ દ્વારા વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી (અગ્નિ સુરક્ષા), આગથી બચવાના ઉપાયો અને આપત્તિ વ્યવસ્થાપન અંગે નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડો. અલ્કેશ વાછાણીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને અગ્નિ સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન અંગે ઉપયોગી વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન જામજોધપુર ફાયર બ્રિગેડના કર્મચારીઓ દ્વારા આગ લાગવાની પરિસ્થિતિમાં રાખવાની સાવચેતી, આગથી બચવાના ઉપાયો અને કટોકટીના સમયે સુરક્ષિત રીતે બહાર નીકળવા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ વિવિધ બચાવ અને જીવનરક્ષક સાધનોનો પરિચય આપવામાં આવ્યો હતો. આ નિદર્શન દરમિયાન લાઈફ રિંગ, લાઈફ જેકેટ તેમજ કૂવામાંથી વ્યક્તિને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે ઉપયોગમાં લેવાતાં વિવિધ બચાવ સાધનો દ્વારા પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ સાધનોનો ઉપયોગ કઈ પરિસ્થિતિમાં અને કેવી રીતે કરવામાં આવે છે તે અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ફાયર બ્રિગેડના કર્મચારીઓએ અગ્નિ સુરક્ષા અને બચાવ કામગીરીનું મહત્વ સમજાવીને વિદ્યાર્થીઓમાં સલામતી અંગે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આગ જેવી આકસ્મિક પરિસ્થિતિમાં સાવચેતી રાખવા, અગ્નિ સુરક્ષાના નિયમોનું પાલન કરવા, જીવનરક્ષક સાધનોના યોગ્ય ઉપયોગ અંગે જાણકારી મેળવવા તથા આપત્તિના સમયે સ્વબચાવ અને અન્યની મદદ કરવા માટે સજ્જ બનાવવાનો હતો. આ કાર્યક્રમના સંયોજક તરીકે ડો. પ્રવિણભાઈ ચૌધરીએ જવાબદારી નિભાવી હતી.

# કાલાવડમાં સાંસદ પૂનમ માડમ દ્વારા ૪૩ ગરબીની ૨૦૦૫ બાળાઓને લ્હાણી વિતરણ



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

જામનગર / દેવભૂમિ દ્વારકા ના લોકપ્રિય સાંસદ પુનમબેન માડમ દ્વારા કાલાવડ શહેરની ૪૩ ગરબી ની ૨૦૦૫ બાળાઓને તથા લેઉવા પટેલ કન્યા છાત્રાલયની ૧૫૦૦ બાળાઓને લાણી વિતરણ કરવામાં આવ્યું હતું.આ તકે કાલાવડ શહેર ભાજપના પ્રમુખ નિરવભાઈ ભટ્ટ, પૂર્વ શહેર પ્રમુખ હસુભાઈ વોર,મહામંત્રી મીતભાઈ ફળદુ,કિશોરભાઈ નિમાવ્રત,પ્રફુલ્લભાઈ રાખોલિયા,નરેશભાઈ સોંદરવા, રાકેશભાઈ લીંબાણી, અલ્પેશભાઈ વેકરિયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામજોધપુર : કોંગ્રેસ દ્વારા ટ્રાફિક સમસ્યા અંગે નગરપાલિકા અને પોલીસ સ્ટેશને કરાઈ રજૂઆત



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર શહેરમાં તહેવારોમાં ગાંધીચોક આઝાદ ચોક મીની બસસ્ટેન્ડ વિસ્તારમાં વાહનોનું આવન જાવન ખુબ રહેવાનું હોય તેમજ દિવાળી સમયે વેપારી બજારમાં ગ્રાહકોની ભીડ રહેવાની હોય જેથી આવા વિસ્તારોમા ભારે વાહનોની એન્ટ્રી બંધ કરાવી લોકોની સરળતા માટે ટ્રાફિક પોલીસ મુકવાની માંગ સાથે જામજોધપુર શહેર મહિલા પ્રમુખ સુકેતાબેન ધરસંડીયા આગેવાની નીચે જામનગર જિલ્લા મહિલા પ્રમુખ કૃપા બા. જાડેજા. જામજોધપુર શહેર પ્રમુખ સચિનભાઈ ચોટાઈ. તાલુકા લીગલ સેલ પ્રમુખ રાબડીયા સાહેબ એડવોકેટ. જિલ્લા યુથ ઉપપ્રમુખ રાજદિપ સિંહ જેઠવા તાલુકા સંગઠન મંત્રી જમનભાઈ કંટારીયા. શહેર ઓબીસી પ્રમુખ નારદભાઈ મકવાણા. તથા ઉકાભાઈ ચાવડા અને કોંગ્રેસના આગેવાનો ની ઉપસ્થિતીમાં નગરપાલિકા તેમજ પોલીસ સ્ટેશન મુકામે રજુઆત કરાઈ.

# ખીમરાણ ગામે તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

## પંચકોશી એ ડિવિઝન પોલીસની રેડમાં રોકડા રૂ. ૧૭,૧૫૦ કબજે

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના ખીમરાણ ગામના વીડી વિસ્તારમાં વોકરાના કાંઠે જાહેરમાં લાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમી રહેલા પાંચ શખ્સોને પંચકોશી એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસની કાર્યવાહી દરમિયાન જુગારના સ્થળેથી રોકડા રૂ. ૧૭,૧૫૦ અને ગંજીપાનાંનાં ૫૨ પત્તાં મળી કુલ રૂ. ૧૭,૧૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તા. ૧૫ ઑક્ટોબરના રોજ પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન ખીમરાણ ગામના વીડી વિસ્તારમાં વોકરાના કાંઠે કેટલાક શખ્સો ગંજીપાનાં વડે તીનપત્તીનો જુગાર રમી પૈસાની હારજીત કરતા હોવાની ખાનગી બાતમી મળી હતી. આથી પોલીસે બે પંચોને સાથે રાખી સ્થળ પર તપાસ કરતાં પાંચ શખ્સો જુગાર રમતા મળી આવ્યા હતા.

પોલીસે દરોડા દરમિયાન નરેન્દ્રભાઈ હિરજીભાઈ ધારવીયા (ઉં.વ. ૪૦), હરીલાલ તુલસીભાઈ કટેશિયા, ભગવાનજીભાઈ વીરજીભાઈ માંડવિયા (ઉં.વ. ૪૫), જીવરાજભાઈ કાળુભાઈ ચૌહાણ (ઉં.વ. ૬૦) અને પ્રેમજીભાઈ ભાણજીભાઈ ધારવીયા (ઉં.વ. ૫૮)**ને ઝડપી લીધા હતા. તમામ ખીમરાણ ગામના રહેવાસી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પોલીસે આરોપીઓ પાસેથી મળેલી રોકડ રકમ તથા જુગારના સ્થળેથી મળી આવેલી રોકડ સહિત કુલ રૂ. ૧૭,૧૫૦ અને ગંજીપાનાંનાં ૫૨ પત્તાં કબજે કર્યા હતા. આ મામલે પાંચેય આરોપીઓ સામે જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી, પંચનામાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ રાત્રે ૧:૧૫ વાગ્યે તેમની અટકાયત કરવામાં આવી હતી. ફરિયાદ પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ગીરીરાજસિંહ કિરીટસિંહ જાડેજાએ નોંધાવી છે.

(પહેલા પાનાનું ચાલું)

### મતદાર યાદી સુધારણા...

આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ અંગે તમામ સંબંધિત રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને પત્ર લખીને જાણ કરી દેવામાં આવી છે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ની કલમ ૨૧ મુજબ ચૂંટણી પંચ પાસે વિધાનસભાની મુદત પૂરી થવાના ૬ મહિના પહેલાં પણ ચૂંટણી યોજવાની સત્તા રહેલી છે. જેને પગલે આગામી સમયમાં જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, ત્યાં સમયસર મતદાર યાદી સુધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ ઝુંબેશ અંતર્ગત જે યુવાઓ પહેલીવાર મતદાન કરવાના છે તેમને મતદાર યાદીમાં જોડવામાં આવશે. આ ઉપરાંત જૂની યાદીમાં રહેલી કોઈપણ પ્રકારની ભૂલોને સુધારીને વોટર લિસ્ટને એકદમ અપડેટ કરવામાં આવશે.

ચૂંટણી પંચની આ પ્રક્રિયા જે ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં યોજાશે તેમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર, ગોવા, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ, છત્તીસગઢ, કેરળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, આંદામાન અને નિકોબાર, લક્ષદ્વીપ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, ૪૦૩ બેઠકો ધરાવતી ઉત્તર પ્રદેશ વિધાનસભાની મુદત આવતા વર્ષે ૨૨ મેના રોજ પૂર્ણ થઈ રહી છે. જ્યારે મણિપુર (૬૦ બેઠકો), ગોવા (૪૦ બેઠકો), પંજાબ (૧૧૭ બેઠકો) અને ઉત્તરાખંડ (૭૦ બેઠકો) વિધાનસભાની મુદત માર્ચ ૨૦૨૭માં પૂર્ણ થશે.

ચૂંટણી પંચે જાહેર કરેલા ટાઈમટેબલ મુજબ, ૦૨ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં મતદાન મથકોનું તર્કસંગતીકરણ કે પુનઃગોઠવણ કરવામાં આવશે. ત્યારબાદ ૧૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ કાચી (ડ્રાફ્ટ) મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ યાદી પર દાવા અને વાંધા રજૂ કરવા માટે ૧૨ નવેમ્બરથી ૧૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીનો સમયગાળો આપવામાં આવ્યો છે. રજૂ થયેલા દાવા અને વાંધાઓનો નિકાલ ૨૮ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં કરી દેવામાં આવશે અને અંતે ૦૪ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ ફાઈનલ મતદાર યાદી જાહેર થશે.

૨૦૨૭માં ૧૮ વર્ષ પૂરા કરનારા યુવાનો કરી શકશે એડવાન્સ નોંધણી

ચૂંટણી પંચે આ વખતે યુવા મતદારો માટે એક મોટી સુવિધા આપી છે. ૧ જાન્યુઆરી ૨૦૨૭ ઉપરાંત તે પછીની અન્ય ત્રણ લાયકાતની તારીખો પણ નક્કી કરવામાં આવી છે. એટલે કે ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂરા કરનારા યુવાનો પણ મતદાર યાદી માટે અગાઉથી અરજી કરી શકશે. આ સુવિધાથી વર્ષની વચમાં લાયક બનતા યુવાનોને પણ મતદાનનો અધિકાર સરળતાથી મળી રહેશે.

બાકીના રાજ્યોમાં એસએસઆર કાર્યક્રમ પાછળથી કેમ જાહેર કરાશે?

જે રાજ્યોમાં હાલમાં એસઆઈઆર પ્રક્રિયા ચાલી રહી છે અથવા તાજેતરમાં પૂર્ણ થઈ છે, ત્યાં એસએસઆરનું સમયપત્રક પછીથી જાહેર કરવામાં આવશે. આવા રાજ્યોમાં મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક, હરિયાણા અને ઝારખંડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પહાડી વિસ્તારોમાં હવામાનની સ્થિતિને પણ ધ્યાનમાં લેવાશે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ જેવા વિસ્તારોમાં હવામાનને અનુકૂળ સમય મુજબ યોગ્ય સમયે સમયપત્રક જાહેર કરવામાં આવશે.

### એસએસઆર...

આ પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પોતે ઘરે-ઘરે જઈને તપાસ કરે છે. મતદાતા ત્યાં રહે છે કે નહીં તેની પુષ્ટિ કરીને મોટા પાયે ડેટા ઓડિટ કરવામાં આવે છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### હર્ષ સંઘવી...

પરિવારોની વ્યથા અને યાતનાના કિસ્સાઓનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે, આ પરિવારો જ્યારે ભારતમાં આવ્યા ત્યારે નવું જીવન મળ્યું હતું અને આજે ભારતીય નાગરિકતા પ્રમાણપત્રથી આ પરિવારોને તંદુરસ્ત નવું જીવન પ્રાપ્ત થયું છે. આ સાથે કહ્યું હતું કે, મા હિંગળાજે આશીર્વાદ આપીને તમને મા અંબા પાસે મોકલ્યા છે.

પાકિસ્તાનના થરપારકરમાં મહિલાઓ ઘરની બહાર પણ નીકળી શકતી નથી. ત્યારે ત્યાંથી સ્થળાંતરિત થયેલાં મોરબીનાં કવિતાબેન સહિતનાં બહેનો માટે આજના દિવસને નાયબ મુખ્યમંત્રીએ આઝાદીનો દિવસ ગણાવ્યો હતો. પાકિસ્તાનના હૈદરાબાદના રાણીબાગમાં ગોળીબાર વખતે જીવ બચાવવા હિન્દુ લોકોએ નામ બદલવા પડ્યા હતા. હવે આ ભારતીય નાગરિકો આજીવન વટભેર પોતાના સાચા નામ સાથે આ દેશમાં જીવી શકશે એવું પણ તેમણે જણાવ્યું હતું.

પાકિસ્તાનના પાસપોર્ટ કરતાં રાજકોટના ગરબાના પાસનું મૂલ્ય વધુ હોવાનો કટાક્ષ પણ તેમણે કર્યો હતો.

રાજકોટમાં ગતરાત્રે થયેલી સોનાની લૂંટ અને હત્યા કેસના આરોપીઓને અલગ અલગ દિશાઓમાંથી ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી લેવાની રાજકોટ શહેર પોલીસ કમિશનર, શહેર પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ તેમજ અન્ય જિલ્લાની પોલીસનો આભાર પણ નાયબ મુખ્યમંત્રીએ આ તકે વ્યક્ત કર્યો હતો.

આ સાથે તેમણે કહ્યું હતું કે, આરોપીઓને ૨૪ કલાકમાં પકડી લેવાના સંકલ્પ સાથે રાજકોટ પોલીસ તથા અન્ય જિલ્લાની પોલીસની ૫૦ જેટલી ટીમોએ રાતદિવસ કામ કર્યું છે. રાજકોટ પોલીસે ખડેપગે કામ કરીને નાગરિકોના ગરબાના આયોજનને પણ આંચ ન આવવા દીધી અને આરોપીઓને પણ પકડી લીધા. આ વિશેષ સફળતા બદલ તેમણે પોલીસને ખાસ બિરદાવી હતી.

ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર તમામ લોકોને તેમણે અભિનંદન પાઠવીને તેમના બાળકોના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પણ પાઠવી હતી.

ગુજરાતની દીકરીઓને સુરક્ષા પૂરી પાડવા બદલ આભારની લાગણી પ્રગટ કરતાં એક કિશોરીએ નાયબ મુખ્યમંત્રીના ભાલે કુમકુમ તિલક કરીને હાથમાં રાખડી બાંધી હતી.

આ અવસરે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ સી.એ.એ.ને કેન્દ્ર સરકારનો માનવતાવાદી અભિગમ ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ કાયદો કોઈની નાગરિકતા રદ કરવા માટે નહીં, પરંતુ વર્ષો પહેલાં વતનની વાટે આવ્યા બાદ નિરાધાર બની ગયેલા લોકોને પોતાના જ દેશમાં સન્માનભેર સમાવી લેવા માટેનો માનવતાપૂર્ણ કાયદો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જે લોકો ભૂતકાળમાં પડોશી દેશમાં અસહ્ય પીડા અને મુશ્કેલીઓ વેઠીને આપણા દેશમાં આવ્યા હતા, તે શરણાર્થીઓના જીવનમાં ભારતીય નાગરિકતા કાયદો ઉજાસ લઈને આવ્યો છે. આ માનવતાવાદી પહેલ બદલ તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહને અભિનંદન પાઠવ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ...

પાનશેરીયાએ જણાવ્યું હતું કે રાજ્યના નાગરિકોને પોતાના જ જિલ્લામાં આધુનિક ટેકનોલોજીથી સજ્જ તબીબી સારવાર ઉપલબ્ધ થાય અને સરકારી હોસ્પિટલોમાં નિષ્ણાત તબીબોની ઉપલબ્ધતા વધે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. જાહેર-ખાનગી ભાગીદારીના ધોરણે શરૂ થનારી આ ચાર મેડિકલ કોલેજોના પરિણામે ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં પણ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓનો વ્યાપ વધશે.

### અમિત શાહ...

વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે બપોરે ૩.૧૫ કલાકે ગચ્છાધિપતિ પ.પૂ. ઉદયપ્રભ સુરીશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે. ત્યારબાદ તેઓ સાંજે ૫.૪૫ કલાકે ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે શ્રી વરદાયિની માતાજીના મંદિરે માતાજીના દર્શન કરી પૂજા અર્ચના કરશે. ત્યારબાદ ભગવાન શિવની ૮૧ ફૂટ ઉંચી પ્રતિમાનો શિલાન્યાસ કરશે. સાંજે ૭.૧૫ કલાકે માણસામાં બહુચર માતાજીના મંદિરે માતાજીની આરતીમાં સામેલ થશે. આજના ગુજરાત પ્રવાસના અંતિમ કાર્યક્રમમાં કોલવડા સ્થિત નવરાત્રી ચોકમાં શ્રી રામજી મંદિર ખાતે નવરાત્રી યુવક મંડળ દ્વારા આયોજીત ગરબા મહોત્સવમાં હાજરી આપશે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** દશા સોરઠિયા વણિક રાજકોટ નિવાસી સુર્યકાંતભાઈ (નટુભાઈ) હરખચંદભાઈ સાંગાણી (ઉ.વ.૮૦) તે વનિતાબેન સાંગાણીના પતિ પ્રિતેશભાઈ સાંગાણી, ભાવિનીબેન ગગલાણી, તથા તૃપ્તિબેન માયાણીના પિતા જીજ્ઞા સાંગાણી અને સચિનભાઈ માયાણીના સસરા, હંસાબેન, ચંદ્રિકાબેન અને કુમુદબેનના ભાઈનું તા. ૧૫ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા આજે શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન શ્રી પંચશીલ કો.ઓ. હા.સો.લી. માલવિયાનગર ૨ નો છેડો દોશી હોસ્પિટલ પાસે ગોંડલ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# જૂનાગઢ મહાપાલિકાના જનરલ બોર્ડમાં હોબાળો: પત્રકારોને કવરેજથી દુર રખાતા ભાજપ-કોંગ્રેસ સામ-સામે

## સત્તાધીશોએ ફરી વિકાસ કાર્યોના બણગા ફૂંકયા, વિરોધ પક્ષ અને સતા પક્ષ વચ્ચે બોર્ડમાં ધબધબાટી

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**

જુનાગઢ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ ગઈકાલે લગભગ અઢી કલાક જેટલું લાંબુ ચાલ્યું હતું. અને આ જનરલ બોર્ડમાં શાસક ઉપર વિરોધ પક્ષ ભારી રહ્યું હતું. જો કે, અનેક વખતે બોર્ડની ગરિમાના ચીરહરણ થયા હતા અને ઠઠ્ઠા મશ્કરી પણ થવાની સાથે પત્રકારોને કવરેજ ન કરવા દેવાના મેયરના જીદ્દી વલણ સાથે પત્રકારોને હટાવવા માટે પોલીસને પણ બોલાવવામાં આવી હતી. ત્યારે વિરોધ પક્ષે વેલમાં બેસી જઈ, ભારે વિરોધ નોંધાવ્યો હતો. અને આ મામલો લગભગ અડધી કલાક જેવો લાંબો ચાલ્યા બાદ જનરલ બોર્ડ શરૂ થવા પામ્યું હતું.



જુનાગઢ મહાનગર પાલિકાનું જનરલ બોર્ડ મળ્યું હતું જેમાં પ્રજાલક્ષી પ્રશ્નો સાથે વિરોધ પક્ષ આકરા પાણીએ દેખાતું હતું. અને શહેરના રોડ-રસ્તા, ગટર અને પાણીના પ્રશ્નોને લઈને મનપાના અધિકારીઓ અને પદાધિકારીઓ પર પ્રશ્નોની જડી વરસાવી દીધી હતી. અને અનેક પ્રશ્નો, બાબતો પર મનપાના અધિકારીઓ, પદાધિકારીઓ પૂરતા જવાબ પણ આપી શક્યા ન હતા અને મેયર દ્વારા સેક્રેટરીને નેક્સ્ટ મુદ્દા પર ચર્ચા કરવા વારંવાર સૂચના આપી વિવાદો અને પ્રશ્નોને ટાળવાનો પ્રયત્ન કરવામાં આવ્યા હતા. પત્રકારોને કવરેજ કરવા હટાવવા પોલીસને જનરલ બોર્ડના સભાખંડમાં બોલાવી લેવાયા હતા. ત્યારે વિરોધ પક્ષના નેતા લલિત પરસાણા, કોંગ્રેસના કોર્પોરેટર મંજુલાબેન પરસાણા તેમજ અદ્રેમાન ભાઈ પંજા સહિતના વિરોધ પક્ષના સદસ્યો એ ભારે વિરોધ નોંધાવ્યા હતા. છતાં મેયર એકના બે ન થતા અંતે વિરોધ પક્ષ વેલમાં આવી બેસી જઈને બોર્ડ ચલાવવા જણાવ્યું હતું. જો કે, લગભગ ૨૦ થી ૨૫ મિનિટ ચાલેલા આ ડ્રામા બાદ અંતે મામલો થાડે પડ્યો હતો અને બોર્ડની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

### પ્રા. આરોગ્ય કેન્દ્રમાં ૨૩૬ પૈકી ૧૮૭ હંગામી જગ્યા મંજૂર

જૂનાગઢ મહાનગરપાલિકાના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં અમુક શાખાઓમાં વધુ ખર્ચ થવાની સંભાવના હોવાથી, બજેટના એક વિભાગમાંથી રકમ ઘટાડીને અન્ય વિભાગમાં ફંડ ટ્રાન્સફર કરવા અંગેની કમિશનરની દરખાસ્તને જનરલ બોર્ડ દ્વારા બહુમતીથી મંજૂર કરવામાં આવેલ. નવા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે, જેના માટે કુલ ૨૩૮ જગ્યાઓ અને તે પૈકી ૧૮૭ હંગામી જગ્યાઓ મંજૂર થયેલ છે.આ મંજૂર થયેલી જગ્યાઓ પર મહાનગરપાલિકાના નીતિ નિયમો અને પ્રવર્તમાન ભરતી પદ્ધતિ અનુસાર ભરતી પ્રક્રિયા હાથ ધરવા અંગે સ્થાયી સમિતિના ઠરાવને જનરલ બોર્ડ દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જૂનાગઢમાં સ્થાનિક સત્તા મંડળનાં પ્રતિનિધિ તરીકે સંજયભાઈ ધોરાજીયાની નિમણુંક બહુમતી કરવામાં આવેલ. જુનાગઢ મહાનગર પાલિકા વિસ્તારમાં નીલ ગગન એપાર્ટમેન્ટ સામે, નરસિંહ મહેતા સરોવરના બીજા ગેઈટની સામેના ચોકને ''વિકસિત ભારત સંકલ્પ સેવા ચોક નામકરણ કરવા અંગેના સ્થાયી સમિતિના ઠરાવને જનરલ બોર્ડ દ્વારા બહુમતીથી મંજૂર કરવામાં આવેલ.

# ડુમિયાણીની બી.આર.એસ. કોલેજ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આંતર-કોલેજ ખો-ખો સ્પર્ધા યોજાઈ

## ૧૬ કોલેજની ટીમોએ લીધો ઉત્સાહભેર ભાગ; જાફરાબાદની સરકારી કોલેજ પ્રથમ, રાજકોટની જસાણી કોલેજ દ્વિતીય અને યજમાન બી.આર.એસ. કોલેજ તૃતીય ક્રમે રહી

**અબતક, કિરીટ રાણપરીયા**
**ઉપલેટા**

વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલ સંચાલિત બી.આર.એસ. કોલેજ, ડુમિયાણી ખાતે તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની આંતર-કોલેજ ભાઈઓની ખોખો સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ કોલેજોની કુલ ૧૬ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ખેલાડીઓએ પોતાની ચપળતા, ટીમવર્ક, શિસ્ત અને ખેલદિલીનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રમતગમતના માહોલને જીવંત બનાવ્યો હતો.



કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલસચિવ ડો. અજયસિંહ જાડેજા તથા શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના ઓબ્ઝર્વર ડો. બુટાણી, બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્ય ડો. એચ.આર. ભાલિયા તથા સિલેક્શન કમિટીના સભ્યો ડો. સ્વજીભાઈ સરવૈયા અને ડો. સંદીપભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી ડો. સંજયભાઈ ખાનપરાએ પણ સમગ્ર કાર્યક્રમ દરમિયાન હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સ્પર્ધા દરમિયાન તમામ ટીમોએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. ખેલાડીઓ વચ્ચે રસાકસીભર્યા મુકાબલા જોવા મળ્યા હતા. સ્પર્ધાના અંતે સરકારી કોલેજ, જાફરાબાદે પ્રથમ ક્રમ મેળવી વિજય હાંસલ કર્યો હતો, જ્યારે જસાણી કોલેજ, રાજકોટ દ્વિતીય ક્રમે રહી હતી. યજમાન બી.આર.એસ. કોલેજ, ડુમિયાણીએ તૃતીય ક્રમ પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

કોલેજના ભૂતપૂર્વ આચાર્ય ડો. એન.એચ. ઝાટકિયા પણ ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તથા કોલેજના સ્પોર્ટ્સ ડિરેક્ટર મહેશભાઈ વસાવાની આયોજન અને સંકલનની કામગીરી પ્રશંસનીય રહી હતી.

આ સમગ્ર સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્ય ડો. ઘનશ્યામસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફે સહયોગ આપી સ્પર્ધાને સફળતાપૂર્વક સંપન્ન કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.આંતર-કોલેજ ખોખો સ્પર્ધાના આયોજનથી વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યેની રુચિ, શિસ્ત, સહકાર, સ્પર્ધાત્મક ભાવના અને ખેલદિલીને પ્રોત્સાહન મળ્યું હતું. યજમાન સંસ્થા બી.આર.એસ. કોલેજ, ડુમિયાણીએ સુંદર આયોજન દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આંતર-કોલેજ રમતગમત પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

# તાલાલાના મેંગો એક્સેલન્સ સેન્ટર ખાતે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતોને સર્ટિફીકેટ આપી કરાયા પ્રોત્સાહિત



**અબતક, અતુલ કોટેચા**
**વેરાવળ**

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે તથા પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોને પ્રમાણિત ઓળખ મળે તે હેતુથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતેથી નેચરલ ફાર્મિંગ સર્ટિફિકેટનું ઈ-વિતરણ કરાયું હતું. જેમાં ગીર સોમનાથ જિલ્લાના ૫૦ ખેડૂતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત તાલાલાના મેંગો એક્સેલન્સ સેન્ટર ખાતે ગીર સોમનાથ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા પાંચ જૂથના પ્રાકૃતિક કૃષિ કરતા ૫૦ ખેડૂતોને હાથોહાથ સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ખેડૂતોને ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેટ એજન્સી દ્વારા મંજૂર કરવામાં આવેલા નેચરલ ફાર્મિંગ સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં.આ સાથે જ સંબંધિત જૂથોના ગ્રુપ લીડરો તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સ્ટાફની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલા કાર્યક્રમો અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં જી.ઓ.પી.સી.એ. દ્વારા મંજૂર કરાયેલા આશરે ૪૦ જૂથના ૪૦૦ જેટલા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં.આ પ્રસંગે નાયબ બાગાયત નિયામક કે. પી. સોજીત્રા, જિલ્લા ખેતીવાડી અધિકારી વિમલ પટેલ, મદદનીશ બાગાયત નિયામક આશિત ટાંક, જૂથોના ગ્રુપ લીડરો તેમજ અન્ય ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતાં.

# સુત્રાપાડા: તાલુકા કક્ષાના ગણિત - વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા ૨૫ કૃતિઓ કરાઇ રજુ

## વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક પ્રતિભા અને સંશોધનવૃતિના પ્રદર્શન કરી મહાનુભાવોનું ધ્યાનાકર્ષિત કર્યું

**અબતક, રામસિંહ મોરી**
**સુત્રાપાડા**

સુત્રાપાડા સ્થિત ડો.ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ ખાતે આજે એસ.વી.એસ. કક્ષાના ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનો ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી તથા સંસ્થાના આદ્યસ્થાપક જશાભાઈ બારડના હસ્તે વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુત્રાપાડા તાલુકાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ પોતાની વૈજ્ઞાનિક પ્રતિભા, સર્જનાત્મકતા, સંશોધનવૃત્તિ અને નવીન વિચારોનું પ્રદર્શન કરી ઉપસ્થિત મહાનુભાવોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.આ પ્રદર્શનમાં સુત્રાપાડા તાલુકાની કુલ ૮ શાળાઓના



વિદ્યાર્થીઓ દ્વારા ૨૫ જેટલી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી છે. ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલી આ કૃતિઓમાં વિદ્યાર્થીઓની મહેનત, કલ્પનાશકિત અને વૈજ્ઞાનિક અભિગમની ઝલક જોવા મળી હતી. પ્રદર્શન બે દિવસ સુધી યોજાશે. આ પ્રદર્શનમાંથી પસંદગી પામેલી કૃતિઓ જિલ્લા કક્ષાએ યોજાનારા પ્રદર્શનમાં ભાગ લેશે. દરેક વિભાગમાંથી એક કૃતિની પસંદગી કરવામાં આવનાર હોવાથી વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.સમગ્ર કાર્યક્રમ દરમિયાન શિક્ષણ, વિજ્ઞાન અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. સુત્રાપાડાના ડો.ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયેલું આ પ્રદર્શન વિદ્યાર્થીઓની પ્રતિભાને યોગ્ય મંચ પૂરું પાડવાની સાથે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે નવી દિશા ચીંધનારું બની રહેશે.

# ધ્રાંગધ્રામાં ખેલ મહાકુંભમાં ભગવતધામ ગુરૂકુલનો ડંકો: કબડ્ડીમાં ચેમ્પિયન

## જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાન, રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા ખેલાડીઓ સજ્જ

**અબતક, સલીમ ઘાંચી**
**ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત યોજાયેલી કબડ્ડીની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભગવતધામ ગુરુકુલના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. લીંબડી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાની કબડ્ડી સ્પર્ધામાં ભગવતધામ ગુરુકુલની અંડર-૧૪ ટીમે પ્રથમ સ્થાન મેળવી જિલ્લા ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. તાજેતરમાં યોજાયેલી આ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ ચેમ્પિયન બન્યા બાદ ભગવતધામ ગુરુકુલની અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ ટીમોએ જિલ્લા કક્ષાએ ભાગ લીધો હતો. જેમાં અંડર-૧૪ ટીમે ઉત્કૃષ્ટ રમત, ટીમવર્ક, શિસ્ત અને મજબૂત મનોબળના આધારે પ્રતિસ્પર્ધી ટીમોને ટક્કર આપી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું.



આ સિદ્ધિથી શાળા પરિવાર તેમજ વિદ્યાર્થીઓમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ હતી વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ શાળાના સંચાલક દિવ્યદર્શન સ્વામી તથા તમામ સ્ટાફમિત્રોનું માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહયોગ મહત્ત્વપૂર્ણ રહ્યો હતો. જિલ્લા કક્ષાની જીત બાદ રાજ્ય કક્ષાએ પણ ભવ્ય સફળતા મેળવી સુરેન્દ્રનગર જિલ્લાનું નામ રોશન કરે તેવી આશા સાથે ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

### જનસમાજ સેવા સંઘ અને સ્વ.રમેશભાઇ મસાણી બ્લડ બેન્ક દ્વારા

# વેરાવળ: નેત્રયજ્ઞમાં ૧૬૫ દર્દીઓની આંખ તપાસ તબીબો દ્વારા માર્ગદર્શન અપાયું

**અબતક, રામસિંહ મોરી**
**સુત્રાપાડા**



જન સમાજ સેવા સંઘ - સ્વ.રમેશભાઈ મસાણી બ્લડ બેન્ક દ્વારા વેરાવળ ખાતે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય ઈન્ડિયન રેયોન જન સેવા ટ્રસ્ટ, દાતા શ્રીમતી રમાબેન અનિલભાઈ પારેખ તથા પારેખ પરિવારના ઉદાર સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.આ નેત્રયજ્ઞમાં વેરાવળ તથા આજુબાજુના ગામોના દર્દીઓએ લાભ લીધો હતો. વીરનગરના જાણીતા આંખરોગ નિષ્ણાત ડો.પંકજ ચૌહાણ દ્વારા દર્દીઓની વિગતવાર તપાસ અને નિદાન કરવામાં આવ્યું હતું. તપાસ બાદ જરૂરી દવાઓ દર્દીઓને વિનામૂલ્યે વિતરિત કરવામાં આવી હતી.૧૦ દર્દીઓને આંખના ઓપરેશનની જરૂરિયાત હતી, તેમને વીરનગર ખાતે મફત ઓપરેશન માટે લઈ જવામાં આવ્યા હતા. ઓપરેશન બાદ ત્રીજા દિવસે તેમને સુરક્ષિત રીતે વેરાવળ પરત લાવવાની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી.

# ધ્રાંગધ્રા નગરપાલિકા દ્વારા ૧૦૦ કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

## સ્વચ્છતા માર્શલની ૨૪ કલાક બાજનજર, નિયમ ભંગ કરનારાઓને રૂ.૭,૦૦૦નો દંડ

**અબતક, સલીમ ઘાંચી**
**ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા શહેરને સ્વચ્છ, સુંદર અને કચરામુકત બનાવવાના સંકલ્પ સાથે ધ્રાંગધ્રા નગરપાલિકાએ પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ અને ગેરકાયદે નિકાલ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. શહેરમાં જાહેર સ્થળોએ અને શેરીઓમાં કચરો ફેંકવાની પ્રવૃત્તિ અટકાવવા પાલિકા દ્વારા ખાનગી સિક્યુરિટી ગાર્ડ્સની 'સ્વચ્છતા માર્શલ' તરીકે નિમણૂક કરવામાં આવી છે, જેઓ શહેરના વિવિધ કચરા પોઈન્ટ પર ૨૪ કલાક સતત નજર રાખી રહ્યા છે. પાલિકાની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન અત્યાર સુધીમાં ૧૦૦ કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, સ્વચ્છતાના નિયમોનો ભંગ કરનારાઓ પાસેથી રૂ.૭,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

# રાણપુરની મોડેલ સ્કૂલની શૈક્ષણિક સિદ્ધિથી પ્રભાવિત થયા મંત્રી કુંવરજી બાવળિયા

## વર્ષ ૨૦૨૫-૨૬માં શ્રેષ્ઠ શાળા તરીકેની સિદ્ધિ બદલ શાળા પરિવારને પાઠવ્યાં અભિનંદન

**અબતક, વિપુલ લુહાર**
**રાણપુર**

બોટાદ જિલ્લાના રાણપુરની મોડેલ સ્કૂલે શિક્ષણ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિની નોંધ રાજ્યના મંત્રી કુંવરજી બાવળિયાએ લીધી હતી. મંત્રીએ શાળાની મુલાકાત લઈ શૈક્ષણિક વાતાવરણ, શાળાની કામગીરી અને શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતા પ્રયાસોનું નિરીક્ષણ કર્યું હતું. શાળાનું સુંદર વાતાવરણ અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા જોઈ તેઓ પ્રભાવિત થયા હતા અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં.મોડેલ સ્કૂલ રાણપુરે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન શ્રેષ્ઠ શાળા તરીકે સિદ્ધિ હાંસલ કરતાં શાળા પરિવાર માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. આ સિદ્ધિ



બદલ મંત્રી કુંવરજી બાવળિયાએ શાળા પરિવારને અભિનંદન પાઠવી શાળાની કામગીરીને બિરદાવી હતી. શાળાની પ્રગતિ પાછળ શિક્ષકોની મહેનત, વિદ્યાર્થીઓની લગન અને શાળા પરિવારના સંયુક્ત પ્રયાસો મહત્ત્વપૂર્ણ હોવાનું આ સિદ્ધિ પરથી સ્પષ્ટ થાય છે.

# “બિલાડીના ટોપ”ની જેમ ફૂટી નિકળેલા પત્રકાર અને પત્રકારત્વ વચ્ચેનો ભેદ ઉકેલવાનો સમય પાકી ગયો છે

## જો દરેક નાગરિક પત્રકાર બની જશે તો બધા માટે મુશ્કેલી ઊભી થશેઃ સુપ્રીમ કોર્ટનું લાલબત્તી સમાન અવલોકન



**અબતક, નવી દિલ્હી**

ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાના સહારે ગલીએ-ગલીએ ‘‘બિલાડીના ટોપ‘‘ની જેમ ફૂટી નીકળેલા સ્વયંભૂ પત્રકારો અને વાસ્તવિક પત્રકારત્વ વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરવાનો સમય હવે પાકી ગયો છે. સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ સુનાવણી દરમિયાન સાવચેતીનો સૂર ઉચ્ચારતાં ટિપ્પણી કરી છે કે, જો દેશનો પ્રત્યેક નાગરિક પત્રકાર બનવા લાગશે તો સમગ્ર સમાજ અને વ્યવસ્થા માટે ગંભીર મુશ્કેલીઓ ઊભી થશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની ખંડપીઠ સમક્ષ ફ્રીલાન્સર્સ, સ્વતંત્ર પત્રકારો અને સોશિયલ મીડિયા રીલ-મેકર્સને પ્રદર્શન સ્થળોએ કવરેજ દરમિયાન વિશેષ સુરક્ષા અને વાણી સ્વાતંત્ર્ય આપવાની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આપણે એક મૂળભૂત વાત ધ્યાને લેવી પડશે કે જો દરેક વ્યક્તિ પોતાની જાતને પત્રકાર માનવા લાગશે, તો તે સામાન્ય નાગરિકો અને સમગ્ર તંત્ર માટે મુશ્કેલીરૂપ બનશે. તેમણે ઉમેર્યું હતું કે અમુક ચોક્કસ કેટેગરીના પત્રકારોને વધારાનું કાનૂની રક્ષણ મળવું જોઈએ કે કેમ, તે અંગે હવે ઊંડાણપૂર્વક ચકાસણી થવી અનિવાર્ય છે.

અરજદાર પક્ષ તરફથી વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગે રજૂઆત કરી હતી કે વિરોધ પ્રદર્શનોના કવરેજ વખતે પોલીસ માત્ર પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો એક્રેડિટેશન ધરાવતા લોકોને જ મંજૂરી આપે છે અને અન્ય મીડિયાકર્મીઓને રોકે છે, જેથી સ્વતંત્ર રીતે ફિલ્ડમાં કામ કરતા પત્રકારો માટે રાષ્ટ્રીય સ્તરનો પ્રોટોકોલ હોવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે અધિકારોના નામે સનસનાટી ફેલાવતા તત્ત્વો અને જવાબદાર પત્રકારત્વ વચ્ચેનો તફાવત નક્કી કરવા માટે હવે કાયદાકીય માળખાનું વિગતવાર પરીક્ષણ કરવામાં આવશે.

### વાણી સ્વાતંત્ર્ય એટલે પત્રકારત્વનું લાઇસન્સ નહીં

જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ અવલોકન કર્યું હતું કે શું વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય દેશના દરેક નાગરિકને આપોઆપ ‘પત્રકાર’ બનાવી દે છે? માન્યતા પ્રાપ્ત (એક્રિડિટેડ) સંવાદદાતાઓ, રજિસ્ટર્ડ મીડિયા હાઉસ સાથે જોડાયેલા વ્યાવસાયિક પત્રકારો અને સોશિયલ મીડિયા પર વ્યૂઝ મેળવવા માટે ફરતા ફ્રીલાન્સર્સ, ઈન્ફ્લુએન્સર્સ કે રીલ-મેકર્સ વચ્ચે સુરક્ષા અને જવાબદારીના અલગ-અલગ માપદંડો હોવા જરૂરી છે. ’વર્કિંગ જર્નાલિસ્ટ્સ એક્ટ’ હેઠળ પત્રકારોનું વર્ગીકરણ સ્પષ્ટ છે, જેને ધ્યાને લેવું પડશે.

### રીલ્સ બનાવી સનસનાટી ફેલાવવી એ પત્રકારત્વ નથી

કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ડિજિટલ પ્લેટફોર્મ્સના દુરુપયોગ અંગે કોર્ટનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે, આજના સ્માર્ટફોન યુગમાં હાથમાં મોબાઈલ લઈને કોઈપણ વ્યક્તિ સ્વતંત્ર કે ફ્રીલાન્સ પત્રકાર હોવાનો દાવો કરવા લાગે છે. વાસ્તવમાં આવા મોટાભાગના લોકો ઘટનાસ્થળે માત્ર સોશિયલ મીડિયા પર લાઈક્સ, વ્યૂઝ અને પૈસા કમાવવા માટે રીલ્સ બનાવે છે અને અર્ધસત્ય કે સનસનાટીપૂર્ણ કન્ટેન્ટ પીરસીને માહોલ ડહોળે છે.

### શું ભારતમાં વિદેશી લોકો વિરોધ પ્રદર્શન કરી શકે?

# વિદેશી નાગરિકતા સ્વીકારનાર “અભિનેતા” ઈમરાનખાનને વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર ખરો!

## અભિનેતા ઈમરાન ખાનને ૨૮ ઓક્ટોબર સુધીમાં ભારત છોડવાના મુંબઈ પોલીસની નોટિસ સામે ઈમરાનના વકીલો હાઈકોર્ટ જવાની તૈયારીમાં

**અબતક, રાજકોટ**

ભારતમાં રહેતા વિદેશી નાગરિકો અને ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા કાર્ડધારકોને કયા કાનૂની અને બંધારણીય અધિકારો મળે છે તે મુદ્દે હાલ મોટો વિવાદ ઊભો થયો છે. બોલિવૂડના જાણીતા અભિનેતા અને સુપરસ્ટાર આમિર ખાનના ભત્રીજા ઈમરાન ખાન મુંબઈમાં એક રાજકીય આંદોલનમાં જોડાતાં જ કાનૂની અડચણોમાં સપડાયા છે. વિદેશી નાગરિક હોવા છતાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ તેમને કેન્દ્ર સરકાર તરફથી ’ભારત છોડવાની’ નોટિસ ફટકારવામાં આવી છે, જેનાથી દેશમાં નવો બંધારણીય જંગ શરૂ થયો છે.

આ સમગ્ર ઘટનાની શરૂઆત ૧૦ ઓક્ટોબરના રોજ થઈ હતી, જ્યારે ઈમરાન ખાન મુંબઈના ઐતિહાસિક ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે યોજાયેલા એક વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. આ પ્રદર્શન મહાત્મા ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીના નેતૃત્વ હેઠળના ’હમ ભારત કે લોગ’ જૂથ દ્વારા મતદાર યાદીઓના વિશેષ તીવ્ર સુધારણામાં કથિત અનિયમિતતાઓ સામે અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે યોજવામાં આવ્યું હતું.

આ આંદોલનમાં ઈમરાન ખાન તેમની પાર્ટનર લેખા વોશિંગ્ટન, માતા નુસ્રત અને પિતરાઈ ભાઈ ઝૈન મરી ખાન સાથે હાજર રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન મુંબઈ પોલીસ દ્વારા સેંકડો લોકો સાથે તેમની પણ અટકાયત કરવામાં આવી હતી. પોલીસ વાનમાંથી ફોટો શેર કરતા ઈમરાન ખાને લખ્યું હતું કે, ‘‘દેખીતી રીતે હું ડ્રાઈવ પર જઈ રહ્યો છું.‘‘ પોતાની હાજરી અંગે સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું હતું કે, તેઓ કોઈ ચોક્કસ માંગ સાથે નહીં, પરંતુ એક નાગરિક તરીકે લોકોના અવાજ અને હિલચાલની સ્વતંત્રતાને દબાવાતી અટકાવવાના સમર્થનમાં આવ્યા છે.

આ ઘટના બાદ રાજકારણ ગરમાયું હતું અને ભાજપના નેતા કિરીટ સોમૈયાએ ગામદેવી પોલીસ સ્ટેશનમાં ઈમરાન ખાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે અમેરિકી નાગરિકત્વ ધરાવતા અભિનેતાએ વિદેશી નાગરિકો માટેના નિયમોનું




અનાદર કરીને રાજકીય પ્રદર્શનમાં ભાગ લીધો છે, જે દેશમાં અરાજકતા ફેલાવવાના મોટા પ્લાનનો ભાગ છે. આ સામે તુષાર ગાંધીએ સોમૈયા પર પક્ષપાતી રાજકારણ કરવાનો અને મુસ્લિમ હોવાના કારણે ઈમરાન ખાનને નિશાન બનાવવાનો આક્ષેપ કર્યો હતો.

દરમિયાન, બુધવારે મુંબઈ પોલીસના ફોરેનર્સ રીજનલ રજીસ્ટ્રેશન ઓફિસ દ્વારા ઈમરાન ખાનને નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં તેમને ૨૮ ઓક્ટોબર સુધીમાં ભારત છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ નોટિસમાં ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટની કલમ ૭(૨)(સી) અને કલમ ૨૯ નો ઉલ્લેખ કરાયો છે, જે સરકારને વિદેશી નાગરિકોની ગતિવિધિઓ પર અંકુશ મૂકવાની અને દેશ નિકાલ કરવાની સત્તા આપે છે.

બીજી તરફ, ઈમરાન ખાનના વકીલોએ આ દેશનિકાલના આદેશને અતિશય કઠોર ગણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે નોટિસમાં કયા ચોક્કસ નિયમનો ભંગ થયો છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. આથી, તેમની કાનૂની ટીમ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરવાની તૈયારી કરી રહી છે, જેમાં એવી દલીલ કરવામાં આવશે કે કાયદામાં ઓસીઆઈ કાર્ડધારકોને શાંતિપૂર્ણ વિરોધમાં ભાગ લેવાથી રોકતી કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી.

આ કેસે હવે મોટા બંધારણીય પ્રશ્નો ઊભા કર્યા છે. ભારતીય બંધારણની કલમ ૧૯ હેઠળ મળતી વાણી, અભિવ્યક્તિ અને શાંતિપૂર્ણ સભાની સ્વતંત્રતા માત્ર ભારતીય નાગરિકો માટે આરક્ષિત છે. વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીના મતે ઓસીઆઈ ધારકોને આ અધિકાર મળતો નથી. જોકે, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગનું માનવું છે કે કલમ ૧૯ નો સીધો દાવો ન કરી શકાય એનો અર્થ એ નથી કે વિદેશી નાગરિકનું પ્રદર્શનમાં જવું ગેરકાયદે બની જાય છે. આ સિવાય, કલમ ૧૪ (સમાનતાનો અધિકાર) અને કલમ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા) જેવા રક્ષણ વિદેશી નાગરિકોને પણ પ્રાપ્ત થાય છે, જે રાજ્યની મનસ્વી કાર્યવાહી સામે રક્ષણ આપે છે.

# આયાત-નિકાસ ખાધ ઘટીને રૂ.૫૦ હજાર કરોડે પહોંચી

## વિદેશી ભંડોળ અને એનઆરઆઈ ડિપોઝિટમાં તોતિંગ ઉછાળો આવતા બેલેન્સ ઓફ પેમેન્ટમાં જંગી સરપ્લસ નોંધાયો

**અબતક, નવી દિલ્હી**

દેશના અર્થતંત્ર માટે ઓગસ્ટ મહિનાના આંકડા અત્યંત રાહત આપનારા સાબિત થયા છે, જેમાં દેશની કરંટ એકાઉન્ટ ડેફિસિટમાં નોંધપાત્ર ઘટાડો થઈ ૫૦ હજાર કરોડે પહોંચી છે. ખાસ કરીને વિદેશમાં વસતા ભારતીયો દ્વારા મોટા પાયે જમા કરાવવામાં આવેલી રકમને કારણે એકંદર બેલેન્સ ઓફ પેમેન્ટ વિક્રમી સરપ્લસમાં પહોંચી ગયું છે. આ સમયગાળા દરમિયાન વેપાર અને સેવા ક્ષેત્રે પણ હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે, જ્યારે વિદેશી રોકાણમાં પણ આકર્ષક વધારો નોંધાયો છે. દેશના વિદેશી હૂંડિયામણને સુરક્ષિત રાખવા માટે તાજેતરમાં જ અમલમાં મૂકવામાં આવેલા નવા રિઝર્વ નિયમો બાબતે પણ મધ્યસ્થ બેંક દ્વારા વિસ્તૃત સ્પષ્ટતા કરવામાં આવી છે. આર્થિક મોરચે આવેલા આ સુધારા વિદેશી ભંડોળને આકર્ષવા માટે લેવાયેલા તાજેતરના પગલાંઓની મોટી સફળતા દર્શાવે છે.

તાજેતરના ડેટા અનુસાર, ઓગસ્ટ ૨૦૨૬માં ભારતનું એકંદર બેલેન્સ ઓફ પેમેન્ટ ૪૫.૪ બિલિયન ડોલર સરપ્લસ સાથે નોંધાયું છે, જે ગયા વર્ષે સમાન મહિનામાં ૫.૬ બિલિયન ડોલર ખાધ દર્શાવતું હતું. આટલા મોટા ઉછાળા પાછળ બેન્કિંગ કેપિટલ ઈનફ્લો મુખ્ય કારણ છે, જે ઓગસ્ટ ૨૦૨૫ના ૪.૭ બિલિયન ડોલરનો આઉટફ્લો સામે વધીને આ વખતે ૬૪.૭ બિલિયન ડોલર થઈ ગયો છે. જેમાં સૌથી મોટો ફાળો એનઆરઆઈ ડિપોઝિટનો છે, જે ગયા વર્ષના માત્ર ૧ બિલિયન ડોલરની સરખામણીએ જબરદસ્ત ઉછાળો મારીને ૮૩ બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. જુલાઈ મહિનામાં પણ બીઓપી સરપ્લસ ૨૦.૮ બિલિયન ડોલર નોંધાયો હતો, જે દર્શાવે છે કે દેશની બાહ્ય નાણાકીય સ્થિતિમાં મજબૂત સુધારો આવ્યો છે.

આ સાથે જ ભારતની કરંટ એકાઉન્ટ ડેફિસિટ ગયા વર્ષના ૬.૧ બિલિયન ડોલર ઘટીને ઓગસ્ટમાં ૫.૨ બિલિયન ડોલર થઈ ગઈ છે. જોકે, મર્ચેન્ડાઈઝ ટ્રેડ ડેફિસિટ હજુ પણ નોંધપાત્ર રહી છે અને તે ૨૬.૬ બિલિયન ડોલર નોંધાઈ છે, જે ગયા વર્ષે ૨૭.૬ બિલિયન ડોલર હતી. બીજી તરફ, સેવા ક્ષેત્ર (સર્વિસ ટ્રેડ) સતત અર્થતંત્રને મજબૂત ટેકો આપી રહ્યું છે. સેવાઓનો સરપ્લસ ગયા વર્ષના ૧૫.૬ બિલિયન ડોલર વધીને આ વર્ષે ૧૬.૫ બિલિયન ડોલર થયો છે. આ આંકડાઓ દર્શાવે છે કે વેપાર ખાધમાં સામાન્ય ઘટાડો અને સેવા ક્ષેત્રની મજબૂતીએ એકંદર ખાધ ઘટાડવામાં મદદ કરી છે.

વિદેશી રોકાણની વાત કરીએ તો, ઓગસ્ટમાં વિદેશી સીધું રોકાણ પણ સુધર્યું છે અને તેમાં ૩.૩ બિલિયન ડોલરનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો છે, જે ગયા વર્ષે ૦.૧ બિલિયન ડોલરનો આઉટફ્લો હતો. આ ઉપરાંત, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટમાં પણ ૧.૭ બિલિયન ડોલરનું નેટ રોકાણ આવ્યું છે. જોકે, એપ્રિલથી ઓગસ્ટના પાંચ મહિનાના સંચિત આંકડાઓ દર્શાવે છે કે કરંટ એકાઉન્ટ પર હજુ પણ દબાણ છે, જે આ સમયગાળા માટે વધીને ૧૮.૩ બિલિયન ડોલર થયું છે (ગયા વર્ષે ૧૨.૮ બિલિયન ડોલર હતું). તેમ છતાં, આ એપ્રિલ-ઓગસ્ટ દરમિયાન એકંદર બીઓપી સરપ્લસ વિક્રમી ૫૮ બિલિયન ડોલર નોંધાયો છે.

અલગથી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નવા ’ફોરેન એક્સચેન્જ રિસ્ક રિઝર્વ’ ની જરૂરિયાતો અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. રૂપિયા સામે વિદેશી ચલણની ખરીદી સાથે સંકળાયેલા નિર્દિષ્ટ ફોરેન એક્સચેન્જ ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સ પર જ આ નિયમો લાગુ પડશે. જો યુઝર્સ દેશી ચલણ સામે વિદેશી ચલણ વેચતા હશે તો આ રિઝર્વ નિયમ લાગુ પડશે નહીં. રૂપિયાના મૂલ્યમાં થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને ૧૦ ઓક્ટોબરના રોજ આ નિયમનકારી પગલાંની જાહેરાત કરવામાં આવી હતી. ૨ મિલિયન ડોલર સમકક્ષ અથવા તેનાથી ઓછી નોશનલ વેલ્યુ ધરાવતા કોન્ટ્રાક્ટ્સ આ નિયમની બહાર રહેશે, તેમજ ઓથોરાઈઝ્ડ ડીલરોને આ જોગવાઈઓથી બચવા માટે ટ્રાન્ઝેક્શનને ખોટી રીતે સ્ટ્રક્ચર ન કરવા આરબીઆઈ દ્વારા ચેતવણી પણ આપવામાં આવી છે.

# શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજકોટ સહિત ૨૮ જિલ્લાઓમાં ૧૦૧ નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ

## અમદાવાદના ચાણક્યપુરી ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા નવા કેન્દ્રનું લોકાર્પણ; બાંધકામ સાઈટ પર જઈને અત્યાર સુધી ૨૭ લાખ ભોજન પીરસાયા

**અબતક, રાજકોટ**

રાજ્યના બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારોને પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ મોટા પાયે વધારવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિત ૨૮ જિલ્લાઓમાં ૧૦૧ નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવા કેન્દ્રો સાથે સમગ્ર ગુજરાતમાં યોજના હેઠળના કુલ વિતરણ કેન્દ્રોની સંખ્યા વધીને ૩૭૨ થઈ જશે. આ વ્યાપ વધવાથી દરરોજ વધુ ૧૦,૦૦૦ ભોજનનો ઉમેરો થશે, જેનાથી પ્રતિદિન અંદાજે ૪૫,૦૦૦ બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનોને સીધો લાભ મળશે

સરકારી સત્તાવાર નિવેદન અનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના ચાણક્યપુરી ખાતે શુક્રવારે આ નવા કેન્દ્રનું વિધિવત ઉદ્ઘાટન કરશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા સંચાલિત આ યોજના હેઠળ બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનોને માત્ર ₹૫ પ્રતિ વ્યકિતના અત્યંત સબસિડી વાળા દરે પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. આ ભોજનમાં રોજિંદા ધોરણે રોટલી, શાક, દાળ, ભાત, અથાણું, મરચાં અને ગોળ પીરસવામાં આવે છે, જ્યારે અઠવાડિયામાં એક વાર સુખડી અથવા શીરો જેવી મીઠાઈ પણ આપવામાં આવે છે.

શ્રમિકો માટે ભોજન મેળવવાનું વધુ સરળ બને તે માટે કડિયાનાકા પરના સ્થિર કેન્દ્રો ઉપરાંત ’ડોરસ્ટેપ મીલ ડિલિવરી’ ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે બાંધકામ સાઈટ પર ૫૦થી વધુ શ્રમિકો સેવા મેળવવાનો વિકલ્પ પસંદ કરે છે, ત્યાં સીધું જ ભોજન પહોંચાડવામાં આવે છે. શ્રમિકોના જમાવડા વાળા સ્થળો સિવાય માત્ર બાંધકામ સાઈટ્સ પર જ સીધા ભોજન વિતરણની આ સુવિધા દ્વારા અત્યાર સુધીમાં અંદાજે ૨૭ લાખ ભોજન સફળતાપૂર્વક પીરસવામાં આવ્યા છે.

### ભૂલકાઓની માનસિક સ્થિતિ ક્યાં સુધી કથળી?!!!

# ૧૦ વર્ષની બાળકીએ ૧૮ મહિનાના બાળકને રમત રમતમાં છઠ્ઠા માટેથી ફેંકી દીધી !!

## બાળકી લાંબા સમય સુધી ન દેખાતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી, ત્યારે તેના ભાઈએ નીચે માસૂમની લાશ જોઈ

**અબતક, મુંબઈ**

આજનું આધુનિક અને ડિજિટલ યુગ બાળકોને ભલે વૈજ્ઞાનિક રીતે આગળ લઈ ગયું હોય, પરંતુ તેની સાથેસાથે બાળકોની માનસિકતામાં એક એવું ચિંતાજનક પરિવર્તન આવ્યું છે જેણે વાલીઓ, શિક્ષકો અને સમગ્ર સમાજને ઊંડા વિચારમાં મૂકી દીધા છે.

એક સમય હતો જયારે બાળકોનું વિશ્વ શેરીની રમતો, કુદરત, પરિવારના પ્રેમ અને નિર્દોષ મનોરંજનની આસપાસ ફરતું હતું. પરંતુ આજે, સ્માર્ટફોન, સોશિયલ મીડિયા, હિંસક વિડિઓ ગેમ્સ અને આ દોડધામ ભરેલા સ્પર્ધાત્મક માહોલે બાળકોના કોમળ મન પર એક અલગ જ અને ઘાતક છાપ છોડી છે.

બાળકી છઠ્ઠા માળના સામાન્ય કોરિડોરમાં રમી રહી હતી. ૧૦ વર્ષની સગીરાએ તેને ઉંચકીને સીડીના ડક્ટ વિસ્તારમાંથી નીચે ફેંકી દીધી. બાળકી લાંબા સમય સુધી ન દેખાતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી, ત્યારે તેના ભાઈએ નીચે માસૂમની લાશ જોઈ. બાળકીને ગંભીર ઈજાઓ થવાથી મૃત જાહેર કરાઈ. પોલીસે સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે અને મામલો ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કર્યો છે. ભારતીય કાનૂન મુજબ ૭ થી ૧૨ વર્ષના સગીરો માટે તેમની સમજશક્તિના આધારે કાર્યવાહી નક્કી થાય છે.આ ઘટના માત્ર એક ગુનો નથી, પરંતુ આપણા સમગ્ર સમાજ અને બાળ ઉછેર માટે એક ગંભીર ચેતવણી છે. માસૂમ બાળકોના કોમળ મનને યોગ્ય સંસ્કાર, પ્રેમ અને માર્ગદર્શન આપવું આપણી પ્રાથમિક જવાબદારી છે, જેથી ભવિષ્યમાં આવી અસહ્ય અને દર્દનાક ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

ઘણીવાર બાળકો તેમના પોતાના પર ધ્યાન કેન્દ્રિત કરવા કે અન્ય કોઈ અજ્ઞાત બાળમાનસિક કારણો કારણે આવું જોખમી પગલું ભરી બેસતા હોય છે. આજના સમયમાં ડિજિટલ માધ્યમો પર ઉપલબ્ધ હિંસક સામગ્રી ઘણીવાર નાની વયના બાળકોના કોમળ મન પર નકારાત્મક અને જોખમી અસર છોડે છે. બાળકના વર્તનમાં થતા ફેરફારોને સમયસર ન ઓળખી શકવાને કારણે આવી દુર્ઘટનાઓ સર્જાતી હોય છે.

# ડિજિટલ મીડિયાનું નવું રૂપઃ માત્ર શોખ નહીં પરંતુ હવે ક્રિએટર યુવાનો પોતાનું મીડિયા પાવરહાઉસ ખોલી રહ્યા છે

## ગૂગલ અને પબ્લિક ફર્સ્ટના રિપોર્ટ મુજબ એઆઈ ટૂલ્સના ઉપયોગથી ક્રિએટિવ વર્કર્ઝની પ્રોડક્ટિવિટીમાં ૨૦%નો વધારો થયો

**અબતક, નવી દિલ્હી**

ભારતનું ક્રિએટર ઈકોનોમી હવે માત્ર શોખ કે મનોરંજન પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તે એક મજબૂત મિડિયા પાવરહાઉસ અને મોટા આર્થિક એન્જિનમાં પરિવર્તિત થઈ ગયું છે. સીઆઈઆઈ બિગ પિક્ચર સમિટ ૨૦૨૬માં યુટ્યુબ ઈન્ડિયાના એમડી ગુજન સોનીએ ભારતીય ક્રિએટર્સની આ અદ્ભુત સફર, વૈશ્વિક સ્તરે વધી રહેલા પ્રભાવ અને ભવિષ્યની સંભાવનાઓ વિશે એક વ્યાપક વિઝન રજૂ કર્યું છે. ડિજિટલ કન્ટેન્ટ ક્રિએશનથી લઈને આર્થિક વિકાસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પ્રભાવ સુધીની આ મહત્વપૂર્ણ માહિતી મીડિયા જગત માટે એક નવો વળાંક સાબિત થઈ રહી છે. ૨૦૨૫માં યુટ્યુબના ક્રિએટિવ ઈકોનોમીએ ભારતના જીડીપીમાં ૧૮,૦૦૦ કરોડથી વધુનું યોગદાન આપ્યું છે અને અંદાજે ૧૦ લાખ લોકોને રોજગારી પૂરી પાડી છે. આશરે ૨૦૦,૦૦૦ ભારતીય ચેનલોએ પહેલીવાર મોનિટેશન શરૂ કર્યું છે, અને ૭-અંકની કમાણી કરનાર ક્રિએટર્સોની સંખ્યામાં ૨૦% નો વધારો થયો છે. મરાઠી ગીત ‘ગુલાબી સાડી’ જેવું લોકલ કન્ટેન્ટ હવે વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય દર્શકો સુધી ધૂમ મચાવી રહ્યું છે. રમતો અને ખેલાડીઓ પાછળની વાતો સાથે દર્શકોની સક્રિય ભાગીદારી વધી છે. ગૂગલ અને પબ્લિક ફર્સ્ટના રિપોર્ટ મુજબ એઆઈ ટૂલ્સના ઉપયોગથી ક્રિએટિવ વર્કર્ઝની પ્રોડક્ટિવિટીમાં ૨૦% નો વધારો થયો છે, જેનાથી ૭૫,૦૦૦ કરોડનું વધારાનું જીડીપી અને ૩૬૦,૦૦૦ નવી નોકરીઓનું સર્જન થઈ શકે છે.

દેશના નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારો સુધી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને સ્માર્ટફોન સરળતાથી ઉપલબ્ધ થવા. યુટ્યુબ જેવા પ્લેટફોર્મ્સ દ્વારા ક્રિએટર્સને તેમની પ્રતિભાના આધારે આર્થિક રીતે સધ્ધર બનવાની તકો મળી છે. વૈશ્વિક સ્તરે દર્શકો હવે પરંપરાગત મિડિયા કરતાં અનોખી, મૌલિક અને પ્રાદેશિક વાર્તાઓ માણવા વધુ આતુર છે. આધુનિક એડિટિંગ અને એઆઈ ટૂલ્સ સરળતાથી ઉપલબ્ધ થવાથી કન્ટેન્ટની ગુણવત્તા અને સ્પીડ બંને વધ્યા છે.

### ગુંજન જોશી કોણ છે?

ગુજન સોની હાલમાં યુટ્યુબ ઈન્ડિયાના કન્ટ્રી મેનેજિંગ ડિરેક્ટર તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. ટેક્નોલોજી, મિડિયા અને ઈ-કોમર્સ ક્ષેત્રે તેઓ બે દાયકા કરતાં વધુનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે. ગુજન સોની યુટ્યુબ ઈન્ડિયાના કન્ટ્રી મેનેજિંગ ડિરેક્ટર છે. આ પદ પર રહીને તેઓ ભારતમાં યુટ્યુબના વિકાસ, ક્રિએટર ઇકોનોમી અને ઇનોવેશનની ગતિને વેગ આપી રહ્યા છે. તેમણે ભોપાલની બરકતુલ્લાહ યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર સાયન્સમાં બેચલર ડિગ્રી મેળવી છે. ત્યારબાદ તેમણે પ્રખ્યાત સંસ્થા એક્સએલઆરઆઈ એક્સ એલ જામશેડપુરમાંથી ફાઈનાન્સમાં એમબીએ પૂરું કર્યું છે.

### આવું થવાનું કારણ શું છે?

દેશમાં સસ્તા સ્માર્ટફોન અને હાઇ-સ્પીડ ઇન્ટરનેટનો વ્યાપક ફેલાવો. અંદાજે ૨૦૦,૦૦૦ જેટલી નવી ભારતીય ચેનલોનું મોનિટેશન શરૂ થવું અને ૭-અંકની કમાણી કરનાર ક્રિએટર્સ વધવા. ‘ગુલાબી સાડી’ જેવા પ્રાદેશિક ગીતો અને સ્થાનિક વાર્તાઓનું વૈશ્વિક સ્તરે લોકપ્રિય થવું. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટૂલ્સ દ્વારા ક્રિએટિવ કામગીરીમાં ૨૦% સુધીનો પ્રોડક્ટિવિટી બૂસ્ટ મળવો.બીયુટ્યુબના ઇકોનોમી દ્વારા ભારતના જીડીપીમાં ૧૮,૦૦૦ કરોડથી વધુનું યોગદાન અને ૧૦ લાખથી વધુ લોકોને રોજગારી મળી છે. સેલ્ફી સ્ટિકથી વીડિયો બનાવનાર યુવાનો હવે પ્રોફેશનલ સ્ટુડિયો અને મિડિયા કંપનીઓના સીઇઓ બની રહ્યા છે. ભારતની સંસ્કૃતિ, સંગીત અને પ્રાદેશિક વાર્તાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે મજબૂત બ્રાન્ડ તરીકે ઉભરી રહી છે.

# સુભાષ માર્કેટનાં વેપારીને આંતરી ધોકા-પાઇપ વડે હુમલાની ઘટના : પોલીસની આખી રાત મેગા ડ્રાઇવ

### દુકાનની આગળ ડુંગળીની રેકડી નહી રાખવાનું કહેતા જ લાલા બંધુ ઉશ્કેરાયા : રસ્તામાં વાહન ઉભુ રખાવી ધોકા-પાઈપ વડે બેફામ માર મારી માથુ ફોડી નાખ્યું

જામનગરના સુભાષ શાક માર્કેટમાં નાના આશાપુરા મંદિર સામે લસ્સીની દુકાન આગળ ડુંગળીની રેકડી રાખવા દેવા મુદ્દે થયેલી માથાકૂટમાં ત્રણ શખ્સોએ વેપારી પર લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જામનગરના કાલાવડ નાકા બહાર સનમ સોસાયટીમાં રહેતા અને સુભાષ શાક માર્કેટમાં માલધારી લસ્સી સેન્ટર ચલાવતા ઈબ્રાહીમ ઈસ્માઈલભાઈ મતવા (ઉ.વ. ૨૬)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દુકાનની આગળ નઈમ યુસુફ લાલા અને તેનો ભાઈ શબીર યુસુફ લાલા ડુંગળીની રેકડી રાખતા હતા. આ રેકડીના કારણે દુકાનમાં આવવા-જવાનો રસ્તો બંધ થતો હોવાથી તેમણે રેકડી થોડી આગળ રાખવા જણાવ્યું હતું. આ બાબતનો ખાર રાખીને બંને ભાઈઓએ તેમના મિત્ર મહમદ લાલો ઉર્ફે હાંડી સાથે મળી હુમલો કર્યાનો આક્ષેપ છે.ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તા. ૧૩/૧૦/૨૦૨૬ના રોજ રાત્રિના સાડા નવેક વાગ્યે ઈબ્રાહીમભાઈ મોટરસાઈકલ પર દુકાનેથી ઘરે જઈ રહ્યા હતા, ત્યારે કાલાવડ નાકા બહારના પુલ પર પાછળથી આવેલા બર્ગમેન મોટરસાઈકલ પર સવાર ત્રણેય શખ્સોએ તેમને રોક્યા હતા. રેકડી રાખવા દેવા બાબતે બોલાચાલી કરી ગાળો આપ્યા બાદ નઈમે લાકડાના ધોકા વડે ઈબ્રાહીમભાઈના માથામાં કાન પાછળ ઘા ઝીંક્યો હતો. જ્યારે શબીર અને મહમદ લાલોએ લોખંડના પાઈપ વડે શરીરે આડેધડ માર માર્યો હતો અને ઢીકાપાટુનો માર પણ માર્યો હતો.હુમલામાં ઈબ્રાહીમભાઈને માથામાંથી લોહી નીકળતાં ચાર ટાંકા આવ્યા હતા તેમજ જમણા કાનમાં અને શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. બનાવ વખતે અન્ય લોકો આવી જતાં ત્રણેય શખ્સો ત્યાંથી નાસી ગયા હતા. જતાં પહેલાં નઈમે ફરીથી દુકાન આગળ રેકડી રાખવા દેવામાં નહીં આવે તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.ઈજાગ્રસ્ત વેપારીને તેમના ભાઈ શબીર ઈસ્માઈલભાઈ મતવા સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં લઈ ગયા હતા. સારવાર બાદ રજા મળતાં તેઓ ઘરે ગયા હતા. તેમની પત્નીને પ્રસૂતિ આવતાં ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.આ બનાવ અંગે ઈબ્રાહીમભાઈ મતવાની ફરિયાદના આધારે પોલીસે નઈમ યુસુફ લાલા, શબીર યુસુફ લાલા અને મહમદ લાલો ઉર્ફે હાંડી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વેપારી પર હુમલાને પગલે પોલીસ એકશન મોડમાં મેગા કોમ્બિંગમાં ત્રણ શખ્સો હથિયાર સાથે ઝડપાયા

### પાંચ વાહનો ડિટેઈન, વિજચોરોને રૂા. ૧.૬૦ લાકનો દંડ : પોલીસ અને પીજીવીસીએલની સંયુક્ત કાર્યવાહીથી અસામાજીક તત્વોમાં ફફડાટ

કાલાવડ શહેરમાં મારામારીના ગંભીર બનાવ બાદ પોલીસ તંત્ર એકશન મોડમાં આવ્યું છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ અસામાજિક તત્ત્વો અને ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શખસો પર અંકુશ લાવી શકાય તે માટે જામનગર જિલ્લા પોલીસ વડાની સૂચનાથી કાલાવડ પોલીસ, સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ)ની ટીમ દ્વારા સંયુક્ત રીતે કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન શંકાસ્પદ ઈસમો, અસામાજિક તત્ત્વો અને રીઢા ગુનેગારોનાં રહેઠાણો પર સઘન ચેકિંગ તથા સર્ચ કરવામાં આવ્યું હતું.

કાલાવડમાં હાથ ધરવામાં આવેલી આ સંયુક્ત કાર્યવાહીમાં પોલીસની ટીમો દ્વારા શંકાસ્પદ વ્યકિતઓની તપાસ અને રહેઠાણોની ચકાસણી કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાને પડકારતી પ્રવૃત્તિઓ પર નજર રાખવા તેમજ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્ત્વો સામે કાર્યવાહી કરવાના ભાગરૂપે કોમ્બિંગ હાથ ધરાયું હતું. પોલીસની આ કામગીરી દરમિયાન ગેરકાયદે હથિયારો મળી આવતાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ત્રણ ગુના નોંધવામાં આવ્યા હતા.

બીજી તરફ, વીજચોરી અને ગેરકાયદે વીજજોડાણો સામે કાર્યવાહી કરવા પીજીવીસીએલની ટીમને પણ કોમ્બિંગમાં જોડવામાં આવી હતી. વીજ કંપનીની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરાતાં ગેરકાયદે વીજજોડાણો સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને વીજ નિયમોના ભંગ બદલ કુલ રૂ. ૧,૬૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત પોલીસ દ્વારા વાહન ચેકિંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી, જેમાં જરૂરી દસ્તાવેજો ન ધરાવતાં પાંચ વાહનો ડિટેઈન કરવામાં આવ્યાં હતાં.

કાલાવડમાં મારામારીના ગંભીર બનાવ બાદ પોલીસ અને પીજીવીસીએલ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલી આ કામગીરીમાં ગુનાખોરી, ગેરકાયદે હથિયારો, વીજચોરી અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્દઢ બને તે માટે પોલીસ તંત્ર કટિબદ્ધ હોવાનું જણાવાયું છે. કાયદો હાથમાં લેનાર અને ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્ત્વો સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

# સિક્કામાં રાજકીય વોર : પાલિકાની ચૂંટણીમાં ફોર્મ ભર્યાનો ખાર રાખી ત્રણ યુવાનો પર હુમલો

### કારમાં ધસી આવેલી પાંચ શખ્સોની ટોળકી ધોકા, પાઈપ, છરી વડે તુટી પડી, ફોર વ્હીલમાં પણ તોડફોડ : રાયોટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો

સિક્કા નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રક ભરવાના મુદ્દે થયેલા વિવાદની અદાવત રાખીને એક જૂથના શખ્સોએ એકસંપ થઈ ધોકા, લોખંડના પાઈપ અને છરી વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. આ હુમલામાં ફરિયાદીને માથા અને ગરદનના ભાગે ઈજાઓ થઈ હતી, જ્યારે એક સાહેદને હાથની કલાઈ પાસે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચી હતી. ફરિયાદીના ભાઈને પણ છરી વડે ગાલના ભાગે ઈજા પહોંચાડવામાં આવી હતી.પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદી તુષાર હસમુખભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૦)- અભ્યાસ) નાં માતા બીનાબેને સિક્કા નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રક ભર્યું હતું, જે બાબત આરોપી મુકેશ પરમારને પસંદ ન હોવાથી અગાઉ ફરિયાદીના પિતા સાથે બોલાચાલી થઈ હતી. આ અગાઉના ઝઘડાની અદાવત રાખીને આરોપીઓએ ભેગા મળી હુમલો કર્યાનો આક્ષેપ છે.

ફરિયાદ મુજબ ભરત મેહુલભાઈ પરમાર, કરણ તુલસીભાઈ પરમાર, મુકેશ મંગાભાઈ પરમાર, અર્જુન તુલસીભાઈ પરમાર અને ભરત ઉર્ફે ટકો પરમાર વગેરે આરોપીઓ સફેદ રંગની નંબર પ્લેટ વગરની ગ્લાન્ઝા કારમાં હથિયારો સાથે આવ્યા હતા. ભરતભાઈએ મેહુલભાઈ પરમારના હાથમાં લાકડાનો ધોકો અને લોખંડનો પાઈપ આપ્યો હતો તેમજ કરણ તુલસીભાઈ પરમાર લાકડાનો ધોકો લઈને આવ્યો હતો. ભરતભાઈએ અન્ય એક આરોપી અર્જુનભાઈ પરમારને પણ લાકડાનો ધોકો આપ્યો હતો.

ત્યારબાદ કરણે લાકડાના ધોકાથી ફરિયાદીના માથા અને ગરદનના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. ભરતભાઈએ લોખંડના પાઈપ વડે એક સાહેદને માર મારતાં તેના ડાબા હાથની કલાઈ પાસે ફ્રેક્ચરની ગંભીર ઈજા થઈ હતી. જ્યારે મુકેશ પરમારે છરી વડે ફરિયાદીના ભાઈના જમણા ગાલ પર હુમલો કરતાં બે ટાંકા લેવા પડ્યા હતા.આરોપીઓએ ફરિયાદી અને સાહેદોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, ફરિયાદીની બલેનો કારના પાછળના કાચને ધોકા વડે તોડી નુકસાન પહોંચાડી આરોપીઓ નાસી છૂટ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. આ બનાવ અંગે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૭(૨),૧૧૮(૧), ૧૧૫(૨), ૩૨૪ (૪), ૩૫૨, ૩૫૧(૨),૧૮૯(૨), ૧૮૯(૪),૧૯૦ અને ૧૯૧(૩) તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જોડીયા અને ધ્રોલમાંથી પકડાયેલા દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી દેવાયું

### રૂ.૧૦.૬૭ લાખની કિંમતની ૪૦૫૮ બોટલ દારૂનો નાશ કરાયો: પ્યાસીઓની મધલાળ ટપકી

**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**



રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવની 'ઝીરો ટોલરન્સ અગેન્સ્ટ પ્રોહિબિશન' નીતિ અન્વયે તેમજ જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ દારૂબંધીના કડક અમલ માટે સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ધ્રોલ એસ.ડી.એમ. ગૌતમ એમ. લોદલિયાના અધિકારક્ષેત્ર હેઠળ આવતા જોડિયા અને ધ્રોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા ત્રણ માસ દરમિયાન પ્રોહિબિશનના અલગ-અલગ દરોડામાં જપ્ત કરાયેલા વિદેશી દારૂના મુદ્દામાલનો વિધિવત નાશ કરવામાં આવ્યો હતો.

જોડિયા અને ધ્રોલ પોલીસ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં પકડવામાં આવેલ કુલ ૪,૦૫૮ બોટલ વિદેશી દારૂ (જેની અંદાજિત કિંમત રૂ.૧૦.૬૭ લાખ) નામદાર કોર્ટની કાયદેસરની પરવાનગી તથા ધ્રોલ એસડીએમની મંજૂરી મેળવીને ખુલ્લા મેદાનમાં રોડ રોલર ફેરવીને સંપૂર્ણ નાશ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી ધ્રોલ પ્રાંત અધિકારી ગૌતમ એમ. લોદલિયા માર્ગદર્શન હેઠળ જામનગર ગ્રામ્ય ડીવાયએસપી પિયુષ વાંદા, ધ્રોલ પી.આઈ. પી.એન. ખાચર, જોડીયા પી.આઈ. જે.પી. સોઢા તેમજ નશાબંધી અધિકારી વાળા સહિતના પોલીસ અને આબકારી વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં નિયમાનુસાર હાથ ધરવામાં આવી હતી.

# કાલાવડમાં સિંચાઈ મંડળીઓ માટે વિવિધ યોજના અંગે સેમિનાર યોજાયો

**અબતક,રાજુ રામોલિયા**
**કાલાવડ**



કાલાવડ ખાતે જામનગર જિલ્લાની સિંચાઈ મંડળીઓને સરકારની ખગછ-૧૦ યોજના હેઠળ સહાય મળી રહે અને યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થાય તે હેતુથી ગુજરાત રાજ્ય ઉદ્વહન પિયત સહકારી સંઘ લિ., ગાંધીનગર તથા જામનગર જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓના સંયુકત ઉપક્રમે સેમિનાર યોજાયો હતો.આ પ્રસંગે કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા રજિસ્ટ્રાર અધિકારી સીધપરા, સંઘના વાઈસ ચેરમેન સંજયભાઈ ડોબરિયા, ડિરેક્ટર ગાંડુભાઈ ડાંગરીયા, ગોપાલભાઈ શિંગાળા, ગોવિંદભાઈ રાણપરિયા, રમેશભાઈ પનારા, મોહનભાઈ પરમાર અને મેનેજર પંકજભાઈ ચોવટિયા સહિત ખેડૂત આગેવાનો, સિંચાઈ મંડળીઓના હોદ્દેદારો, સભ્યો તથા ભાજપના જિલ્લા અને તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જગત મંદિરે શરદપૂર્ણિમાએ જામશે રાસોત્સવનો રંગ

### ૨૫ ઓક્ટોબરે રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી રાસોત્સવનું આયોજન, પૂર્ણિમાના દિવસે સવારે ૬:૩૦ વાગ્યે મંગલા આરતી

યાત્રાધામ દ્વારકામાં શરદપૂર્ણિમા નિમિત્તે આગામી તા. ૨૫ ઓક્ટોબર, રવિવારના રોજ દ્વારકાધીશ મંદિરમાં રાસોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે શ્રીજીના દર્શન માટેનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. મંદિરના વહીવટદાર અને નાયબ કલેક્ટર વાય.પી. ગઢવી દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, રવિવારે સવારે ૬:૩૦ વાગ્યે મંગલા આરતી યોજાશે, જ્યારે રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.રાસોત્સવના દિવસે સવાર અને સાંજના અન્ય દર્શનનો ક્રમ નિત્યક્રમ મુજબ રહેશે. ત્યારબાદ તા. ૨૬ ઓક્ટોબર, સોમવારના રોજ પૂર્ણિમાના દિવસે સવારે ૬ વાગ્યે મંગલા આરતી યોજાશે. આ દિવસે પણ સવાર અને સાંજના અન્ય દર્શનનો ક્રમ નિત્યક્રમ મુજબ રહેશે. દ્વારકાધીશ મંદિર દ્વારા સર્વે વૈષ્ણવોને જાહેર કરાયેલા સમયપત્રક મુજબ દર્શનનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. દર્શનના સમય સહિતની વધુ માહિતી મેળવવા માટે મંદિરનાં અધિકૃત સોશિયલ મીડિયા માધ્યમોનો ઉપયોગ કરવા તથા જાહેર કરવામાં આવેલા ક્યૂઆર કોડને સ્કેન કરવા જણાવાયું છે.

# કોમી એકતાનું અનોખું ઉદાહરણ: મુસ્લિમ ચિત્રકારે કેનવાસ પર સાકાર કરી માઁ આદ્યશક્તિની છબી

### ચિત્રકાર કે.એફ. અલીએ ૧૫ દિવસની મહેનતથી તેલચિત્રમાં કંડાર્યું માતાજી ધરતી પર પધારતાં હોય તેવું મનમોહક દશ્ય



'છોટીકાશી' તરીકે ઓળખાતા જામનગરમાં નવરાત્રિના પાવન પર્વે કલા અને ભક્તિ દ્વારા કોમી એકતાનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું છે. જામનગરના જાણીતા ચિત્રકાર ખૂંભીયા ફખરૂદ્દિન અલી ઉર્ફે કે.એફ. અલીએ મા આદ્યશક્તિની મનમોહક પ્રતિકૃતિ તેલચિત્રના માધ્યમથી તૈયાર કરી છે. આ ચિત્રમાં માતાજી જાણે સાક્ષાત ધરતી પર પધારી રહ્યાં હોય તેવું ભાવવાહી દશ્ય કંડારવામાં આવ્યું છે.

# લીમડા લાઈનની ગરબીમાં પૌરાણિક સંસ્કૃતિનાં દર્શન: જીવંત થયા રામાયણ-મહાભારતનાં પાત્રો

### પૌરાણિક પાત્રોની વેશભૂષા બને છે આકર્ષણનું કેન્દ્ર; છ દાયકાથી વધુ સમયથી પરંપરા, સંસ્કૃતિ અને ભક્તિનો અનોખો સંગમ



નવરાત્રિ એટલે મા આદ્યશક્તિની આરાધના, રંગબેરંગી પરંપરાગત પોશાક અને ગરબાના તાલે ઝૂમતા ખેલૈયાઓનો ઉત્સવ. પરંતુ જામનગરની લીમડા લાઈન, શેરી નંબર-૩માં યોજાતી ગરબી આ બધાથી કંઈક અલગ અને વિશેષ છે. અહીં છેલ્લા ૬૬ વર્ષથી ચાલી આવતી પરંપરામાં રામાયણ, મહાભારત સહિતનાં પૌરાણિક ગ્રંથોનાં પાત્રોને જીવંત સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. ભગવાન ગણેશ, ભગવાન શંકર સહિત વિવિધ દેવી-દેવતાઓનાં દિવ્ય સ્વરૂપો અહીં શ્રદ્ધાળુઓ અને દર્શકો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે.

આ ગરબીની વિશેષતા એ છે કે અહીં પૌરાણિક કથાઓ માત્ર શબ્દો દ્વારા રજૂ થતી નથી, પરંતુ વિવિધ પાત્રો ભજવતા કલાકારોના માધ્યમથી તેને જીવંત બનાવવામાં આવે છે. ભગવાન ગણેશ, ભગવાન શંકર સહિત વિવિધ દેવી-દેવતાઓનાં સ્વરૂપો ધારણ કરીને કલાકારો ગરબીમાં જોડાય છે. આ દશ્યો નિહાળવા માટે આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે અને પૌરાણિક પાત્રોનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

# હાલારમાં વીજચોરો સામે પીજીવીસીએલની તવાઈ:૧૦૫ સ્થળેની વીજચોરી ઝડપાઈ

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજચોરી પકડાઈ; તમામ કિસ્સામાં પોલીસ ફરિયાદ બાદ આજે સઘન ચેકિંગ



જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજચોરી કરતા તત્ત્વો સામે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મંગળવારથી શરૂ થયેલી આ ઝુંબેશના પ્રથમ બે દિવસમાં બંને જિલ્લામાં કુલ ૧૦૫ સ્થળોએ વીજચોરી પકડી પાડવામાં આવી છે. વીજચોરીના તમામ કિસ્સાઓમાં સંબંધિત પોલીસ મથકોમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં વીજચોરી કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.વીજચોરીને અટકાવવા અને વીજળીના ગેરકાયદે ઉપયોગ સામે કાર્યવાહી કરવા પીજીવીસીએલની શહેર અને ગ્રામ્ય કચેરીઓ દ્વારા અલગ અલગ ચેકિંગ ટુકડીઓ બનાવી બંને જિલ્લામાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ઝુંબેશના પ્રથમ દિવસે મંગળવારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર સહિતના વિસ્તારોમાં વીજજોડાણોની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન ૪૨ સ્થળોએ વીજચોરી ઝડપાઈ હતી. તમામ કિસ્સાઓમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.ત્યારબાદ બુધવારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ વિસ્તારો તેમજ જામનગર તાલુકાના સાપર સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન વધુ ૬૩ સ્થળોએ વીજચોરી પકડી પાડવામાં આવી હતી. આમ, માત્ર બે દિવસમાં બંને જિલ્લામાં કુલ ૧૦૫ સ્થળોએ વીજચોરી ઝડપાતાં વીજચોરી કરનારાઓ સામે પીજીવીસીએલની કાર્યવાહી ચર્ચામાં આવી છે.

દરમિયાન, આજે ગુરુવારે જામનગર શહેરમાં પણ વીજચોરી સામે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. પીજીવીસીએલની વિવિધ ટુકડીઓ દ્વારા કાલાવડ નાકા સહિતના વિસ્તારો અને અલગ અલગ સોસાયટીઓમાં વીજજોડાણોની તપાસ કરવામાં આવી રહી છે.

# સત્ય, સાહસ અને સમર્પણના
# વધુ એક યશસ્વી વર્ષ
# બદલ અબતક સાંધ્ય દૈનિકને
# સ્થાપના દિવસની અનંત
# શુભેચ્છાઓ

## એક શુભેચ્છક

# એસએમસીના દરોડાના પગલે આડેસર પીઆઈ જે.બી. આચાર્ય લીવ રિઝર્વમાં

## બી.વી. બોરીસાગર બન્યા આડેસરના પીઆઈ, એસઓજીના એમ.સી. વાળાને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ

**અબતક, રાજકોટ**

પૂર્વ કચ્છ જિલ્લામા રાપર તાલુકાના ભીમાસર ગામે બંધ મકાન અને દુકાનમાં વિદેશી દારૂનો સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા ના પગલે ત્રણ પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલી કરવામાં આવી છે. સ્થાનિક પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આડેસર પોલીસ મથકના પીઆઈ જે.બી. આચાર્ય લીવ રિઝર્વમાં બદલી કરી તેમના સ્થાને બી.વી. બોરીસાગરની નિમણૂક કરવામાં આવી છે એસઓજી પીઆઈ એમ સી વાળાને સાયબર ક્રાઈમની વધારાની જવાબદારીની ફાળવણીનો હુકમ કરવામાં આવ્યો છે. વધુ વિગત મુજબ પૂર્વ કચ્છ જિલ્લા આડેસર પોલીસ મથક વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલે ૬૫.૯૫ લાખના વિદેશી દારૂના દરોડાના પગલે જિલ્લા પોલીસ વડા સાગર બાગમાર દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષાના ત્રણ અધિકારીઓની આંતરિક બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જેમાં આડેસર પોલીસ સ્ટેશનના પી.આઈ જે.બી. આચાર્યની લીવ રિઝર્વમાં બદલી કરવામાં આવી છે. તેમની જગ્યાએ હાલ પી.આઈ બી.વી. બોરીસાગરને આડેસર પોલીસ સ્ટેશનના પીઆઈ તરીકે નિમણૂક આપવામાં આવી છે.

# ગાંધીધામ: સ્પોર્ટસબાઈક ચોરી જનાર તસ્કર બેલડી ગણતરીની કલાકોમાં દબોચાઈ

## ચોરાઉ બાઈક કબ્જે: એ ડિવિઝન પોલીસની કાર્યવાહી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ એ ડિવિઝન પોલીસે બાઈક ચોરીના ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી બે આરોપીઓ અલ્તાફ ઈશાક પારેડી અને અક્ષય સાગરભાઈ જાટવને ચોરીના બાઈક સાથે ઝડપી પાડ્યા છે.

પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા અંજાર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે ખાનગી બાતમીના આધારે ખોડિયારનગર, ગાંધીધામ ખાતેથી




બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી યામાહા કંપનીનું બાઈક કિંમત રૂ. ૨૫,૦૦૦ કબજે કર્યું છે. આ મામલે ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બીએનએસ કલમ ૩૦૩(૨) હેઠળ નોંધાયેલા ગુનામાં બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ સફળ કામગીરી ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એમ.જે. રાઠોડ,પોલીસ સબ ઈન્સપેક્ટર કે.જે.વાઢેર તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# ગોંડલ: મોટા દડવા ગામે કંપનીના સુપરવાઈઝર પર કપાસની ગાંસડી પડતા મોત

## બ્રેઈનડેડ યુવકના માતા પિતાએ કઠણ કાળજું રાખી પુત્રના અંગોનું દાન કરી ૬ વ્યક્તિ નવું જીવન આપી દીકરાના અંગોને ધબકતા રાખ્યા

## અવધ એગ્રી એક્સપોર્ટમાં કામ કરતી વેળા સર્જાય દુર્ઘટના: આટકોટ પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના મોટા દડવા ગામે પાસે અવધ એગ્રી એક્સપોર્ટ કંપનીમાં કપાસની ગાંસડી ઉતારતી વેળાએ યુવાન પર ગાસળી પડતા ગંભીર રીતે ઘાયલ થયો હતો જેથી તેને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં લાંબી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું ઘટનાને પગલે આટકોટ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક ના માતા પિતા દ્વારા મૃતકના અંગોનું દાન કરી છ વ્યકિતઓને નવું જીવન અને પોતાના પુત્રના ઓર્ગન ધબકતા રાખ્યા હોવાની માહિતી મળી રહી છે. આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં સાધુ વાસવાણી રોડ પર રાજનગરમાં રહેતો રાજુભાઈ મહેશભાઈ ઢાલ ૨૩ વર્ષીય યુવક ગત તા ૯ ના રોજ ગોંડલ તાલુકાના મોટાદડવા ગામે અવધ એગ્રી એક્સપોર્ટમાં કામ કરતો તે સમયે કોઈ કારણોસર કપાસની ગાંસડી માથે પડી હતી જેથી ગંભીર રીતે યુવક ઘાયલ થતાં તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ગઈકાલે તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા આટકોટ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમઆર છે ખસેડવામાં આવ્યો હતો. મૃતક યુવાન મૂળ કચ્છનો વતની હોય હાલ રાજકોટ રહેતો અને કંપનીમાં કામ કરતી વેળાએ ગાંસડી માથે પડતા મોત થયાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે આ અંગે મૃતક ને બ્રેન્ડેડ થતા માતા-પિતા દ્વારા મૃતક ના છ અંગોનું ડોનેટ કરી અને પોતાના પુત્રના અંગો થી ૬ વ્યકિતને નવું જીવન મળ્યું અને તેમના પુત્રના ઓર્ગન કાયમ માટે ધબકતા રહે તેઓ નિર્ણય કરવામાં આવ્યો હતો જેથી અંગ ડોનટ માટેની યોગ્ય વ્યવસ્થાઓ સાથે અંગોને અન્ય વ્યકિતઓને અર્પણ કરવામાં આવ્યા હતા. મૃતક બે ભાઈ માં નાનો અને અપરણીત ના મોતથી પરિવારમાં હૈયાફાટ રુદનના રુદનના દ્રશ્યો સર્જાયા હતાઆ અંગે આટકોટ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી

# જૂનાગઢ: દોલતપરાનો પરિવાર ગરબી જોવા જતા તસ્કરો ત્રાટકયાઈ ત્રણ લાખની રોકડ ઉઠાવી ફરાર

## કલાકો માટે બંધ રહેલા મકાનના તાળા તોડી કબાટમાંથી રોકડની ચોરી: બે શકમંદોની પુછપરછ

**અબતક, દર્શન જોશી,જૂનાગઢ**

જૂનાગઢના દોલતપરાનો એક પરિવાર નવરાત્રી દરમિયાન રાત્રીના સમયે ગરબી જોવા ગયો હતો. ત્યારે તસ્કરોએ બંધ મકાનનું તાળું તોડી કબાટમાં રાખેલા રોકડા રૂ. ૩ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જૂનાગઢમાં દોલતપરા વિસ્તારમાં ઈન્દ્રેશ્વર રોડ વાસમાં રહેતા મનુબેન જયેશભાઈ સાગઠીયાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમની ૧૩ વર્ષની દીકરી સાથે નવરાત્રી હોવાથી મકાનને તાળું મારી, ગરબી જોવા ગયા હતા, અને રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં તેઓ ઘરે પરત આવતા, મકાનનું તાળું તૂટેલું હતું, અને ઘરમાં તપાસ કરતા મકાન લેવા માટે ભેગા કરેલા રોકડા રૂપિયા ૩ લાખ કબાટ માંથી ગાયબ હતા.

આ સાથે ફરિયાદી મહિલા એ જૂનાગઢના ૬૬ કેવી પાસે રહેતા કીરણ અને સુનીલ નામના બે શખ્સો સામે શંકા વ્યક્ત કરતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગીર સોમનાથ: રામપરા ગામે યુવતીએ અગમ્ય કારણોસર ઝેરી પી જીવન ટૂંકાવ્યું

## પ્રભાસ પાટણ પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી: પરિવારમાં આભ ફાટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા

**અબતક રાજકોટ**

વેરાવળ તાલુકાના રામપરા ગામે રેતી ૧૮ વર્ષીય યુવતીએ ગત તા ૧૦ ના રોજ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ. વેરાવળ બાગ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સૂકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે આ અંગે મળતી માહિતી



મુજબ ગીર સોમનાથના વેરાવળ તાલુકાના રામપરા ગામે રેતી આરતીબેન માનસિંગભાઈ મેર ઉંમર વર્ષ ૧૮ વર્ષ યુવતીએ ગત તા ૧૦ ના રોજ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ વેરાવળ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ટૂંકી સારવાર દરમિયાન આજે તેમનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતાં પાટણ વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે. મૃતક બે બેન એક ભાઈ છે પિતા શ્રમિક કામ કરતા હોય અને માતા પિતાના હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ચોટીલાના રાજપરા ગામેથી ૭૨૦ કિલો એલ્યુમિનિયમ વાયર સાથે તસ્કર ત્રિપુટી ઝડપાઈ

## સુરેન્દ્રનગર એલસીબી ટીમની કાર્યવાહી: રૂ.૧.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

સુરેન્દ્રનગર જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને વણઉકેલાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા માટે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી દરમિયાન લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ને સફળતા મળી છે. પોલીસે એલ્યુમિનિયમના ઈલેક્ટ્રિક વાયરની ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી આશરે ૭૨૦ કિલોગ્રામ એલ્યુમિનિયમનો ઈલેક્ટ્રિક વાયર, જેની કુલ કિંમત ₹૧,૮૦,૦૦૦ થાય છે, તે મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસની મળતી માહિતી મુજબ, રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક કનકલિપ્ર રાય (આઈપીએસ)ની સૂચના અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ (આઈપીએસ)ના માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તથા વણઉકેલાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ દરમિયાન લોકલ ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ મુન્નાભાઈ રાઠોડ અને પોલીસ કોન્સ્ટેબલ કુલદીપભાઈ બોરીચાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચોટીલા તાલુકાના રાજપરા ગામે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જુગેશભાઈ બાવળીયાની કબજા-ભોગવટાવાળી વાડીના શેઢેથી એલ્યુમિનિયમના ઈલેક્ટ્રિક



વાયરના બંડલો, કાપેલા વાયરના બાંધેલા જથ્થા તેમજ છૂટા વાયરના ટુકડાઓ મળી આવ્યા હતા.

પોલીસે આશરે ૭૨૦ કિલોગ્રામ વજનનો અને કુલ ₹૧.૮૦ લાખની કિંમતનો એલ્યુમિનિયમ વાયર કબજે કરી ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા.

ઝડપાયેલા ત્રણ શખ્સોનાં નામ જુગેશભાઈ વિહાભાઈ બાવળીયા, રહે. રાજપરા, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર, કિશનભાઈ વેલાભાઈ ધોરિયા, રહે. વિનયગઢ, તા. વાંકાનેર, જિ. મોરબી અને રણજીતભાઈ બચુભાઈ ગણાદીયા, રહે. વિનયગઢ, તા. વાંકાનેર, જિ. મોરબી છે.

આ સમગ્ર મામલે આણંદપુર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૨૧૧૦૫૯૨૬૦૪૧૨/૨૦૨૬ મુજબ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધાયેલો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી બાદ વધુ તપાસ માટે તેમને આણંદપુર પોલીસ સ્ટેશનને સોંપ્યા છે.

આ કામગીરી એલસીબી પીઆઈ બી.એચ. શીંગરખીયા, પીએસઆઈ આર.જે. ગોહિલ, પેરોલ ફ્લો સ્કવોડના પીએસઆઈ એન.એ. રાયમા તથા પોલીસ સ્ટાફના હેડ કોન્સ્ટેબલ મુન્નાભાઈ રાઠોડ, હેડ કોન્સ્ટેબલ દેવરાજભાઈ જોગરાજીયા, પોલીસ કોન્સ્ટેબલ કુલદીપભાઈ બોરીચા, વાભાઈ સાનિયા અને જિતેશભાઈ ડાભી સહિતની ટીમે કરી હતી.

### વિદેશથી ડાયમંડ નેકલેસ મોકલવાની લાલચે ફસાવી

# ગોંડલની પરિણીતા પાસે સાયબર માફીયાઓએ બે લાખ પડાવ્યા: ત્રાસથી કંટાળી મહિલાએ આપઘાત કર્યો

## પરિણીતાએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો: પોલીસે આઠ વિદેશી નંબરના ધારકો સામે ગુનો નોંધી તપાસ આદરી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ના ગુંદાળા રોડ પર આવેલ શાંતિનગરમાં રહેતી પરણિતાને સોશિયલ મીડિયા એપ્લિકેશન 'થ્રેડ્સ' મારફતે સંપર્કમાં આવેલા શખ્સોએ વિદેશથી મોંઘો ડાયમંડ નેકલેસ સેટ મોકલવાની લાલચ આપી રૂ. ૨,૦૧,૧૦૦ નો સાયબર ફ્રોડ આચર્યો હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સાયબર ઠગોએ પાર્સલનો કસ્ટમ ટેક્સ ભરવા અને કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી વધુ પૈસાની સતત માંગણી ચાલુ રાખતા, માનસિક ત્રાસથી કંટાળીને પરણિતાએ ઘરમાં જ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. આ બનાવ અંગે ગોંડલ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૮ આંતરરાષ્ટ્રીય વોટ્સએપ નંબર ધારકો વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણા અને સાયબર ફ્રોડનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદની વિગતો અનુસાર ગુંદાળા ચોકડી પાસે પાન-બીડીની હોલસેલ એજન્સી ચલાવતા હિમેનભાઈ હેમંતભાઈ ઘેટિયાની પત્ની નિમિષાબેન ઉં.વ. ૩૭ આશરે પંદરેક દિવસ પહેલાં સોશિયલ મીડિયા એપ થ્રેડ્સ દ્વારા એક અજાણ્યા શખ્સના સંપર્કમાં આવ્યા હતા. ઠગે પોતાની વિદેશી મિત્ર તરીકે ઓળખ આપી નિમિષાબેન માટે ડાયમંડનો નેકલેસ સેટ ગિફ્ટમાં મોકલ્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ અલગ-અલગ આંતરરાષ્ટ્રીય વોટ્સએપ નંબરો પરથી કોલ અને મેસેજ કરી પાર્સલનો ટેક્સ ભરવા અને જો પૈસા નહીં ભરે તો વિદેશથી પાર્સલ મંગાવવાના ગુનામાં પોલીસ કેસ થશે અને જેલ ભેગા થઈ જશો તેવી ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. ધમકીથી ડરી ગયેલા નિમિષાબેને પોતાના ગળાનો સોનાનો નેકલેસ ગીરો મૂકી રૂ. ૧,૦૦,૦૦૦ ની ગોલ્ડ લોન લીધી હતી તથા હાથની વીંટી અને બ્રેસલેટ વેચીને તેમજ પિતાજી પાસેથી પૈસા મેળવી અલગ-અલગ યુપીઆઈ આઈડી પર કુલ રૂ. ૨,૦૧,૧૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા.

તારીખ ૭ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રાત્રે પતિ હિમેનભાઈએ શંકા જતાં નિમિષાબેનનો મોબાઈલ ચેક કર્યો ત્યારે આ સમગ્ર સાયબર ફ્રોડ અને ટ્રાન્સફર કરેલા નાણાંના સ્ક્રીનશોટ સામે આવ્યા હતા. તે વખતે નિમિષાબેને રડીને બધી હકીકત જણાવી હતી. ત્યારબાદ તા. ૮ ઓગસ્ટની વહેલી સવારે નિમિષાબેને પોતાના ઘરના ગેસ્ટ રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. ઘટના બાદ મોબાઈલ ચેટ ચેક કરતાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, આત્મહત્યા કરતા પહેલાં જ નિમિષાબેને સાયબર ઠગને મેસેજ કર્યો હતો કે, ''કિતના ચાહીયે મે મરને જા રહી હું''.

આ ઉપરાંત ઠગો પૈકીના એક શખ્સે પોતાની પ્રોફાઈલમાં ડીએસપી મનોજ કુમાર લખીને ક્યુઆર કોડ મોકલી રૂપીયા પડાવ્યા હતા.

મૃતક નિમિષાબેનના પતિ હિમેનભાઈ ઘેટિયાની ફરિયાદના આધારે ગોંડલ બી-ડિવિઝન પોલીસે રાધાકૃષ્ણ મંદિર સામે બનેલા આ બનાવ અંગે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૮, ૩૫૧(૨) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ ૬૬(ડી) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ૨.૦૧ લાખના સાયબર ફ્રોડમાં +૯૨, +૪૪ અને +૯૭૧ સિરીઝના કુલ ૮ આંતરરાષ્ટ્રીય વોટ્સએપ નંબરોનો ઉપયોગ થયો હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે, જેની સઘન તપાસ ગોંડલ બી-ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર ગોપાલ ગઢવી ચલાવી રહ્યા છે.

# ધ્રાંગધ્રા: કુડા ચોકડી નજીક જાહેરમાં જુગટુ રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા કુડા ચોકડી નજીક જાહેરમાં જુગાર રમતા શખ્સો સામે તાલુકા પોલીસે લાલ આંખ કરી છે કુડા ચોકડી નજીક ભોલે સ્ટોનપાર્ક પાછળ જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા પોલીસની આ કાર્યવાહીમાં રોકડા રૂ. ૧૫,૧૮૦, પાંચ મોબાઈલ ફોન અને ગંજીપત્તા સહિત કુલ રૂ. ૪૦,૧૮૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે બાતમીના આધારે ભોલે સ્ટોનપાર્ક પાછળ દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં જુગાર રમતા પાંચ શખ્સો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પાંચ શખ્સો પોલીસની પકડમાં પોલીસે ઝડપી પાડેલા શખ્સોમાં વિઠલભાઈ રામજીભાઈ લકુમ,નવઘણભાઈ ગેલાભાઈ મુંધવા,મહેશભાઈ રમેશભાઈ ડાભી, રામશંકર સુખરામ કુસવાહ અને પંચામભાઈ બાબુભાઈ સમાવેશ થાય છે આ તમામ ધ્રાંગધ્રા શહેરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. રૂ. ૪૦,૧૮૦નો મુદ્દામાલ જપ્ત કરી ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# કેશોદ: દુષ્કર્મ કેસમાં આરોપીને આજીવન કેદ, એક લાખનો દંડ

## પીડિતાનો દેહ ચૂંથી ગર્ભવતી બનાવી દેનાર શખ્સ સામે એડી. સેશન્સ કોર્ટનો ચૂકાદો: ચાર આરોપીઓનો છુટકારો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

કેશોદની એડિશ્નલ સેશન્સ કોર્ટના જજ હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી દ્વારા ચોરવાડ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૫માં નોંધાયેલા ગંભીર દુષ્કર્મ કેસમાં મહત્વનો ચૂકાદો આપવામાં આવ્યો છે. ગડુ ગામની ભોગ બનનાર યુવતીની માતાની ફરિયાદના આધારે મુખ્ય આરોપી મહમદ ઉર્ફે ભુરો હુશેનભાઈ સફીયા સામે કલમ ૩૭૬ હેઠળ ગુનો સાબિત થતાં અદાલતે તેને આજીવન સખત કેદ અને રૂ. ૧ લાખના દંડની સજા ફટકારી છે. જ્યારે પુરાવાના અભાવે અન્ય ચાર આરોપીઓને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા છે. કેસમાં સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી. ડી. સી. ઠાકર એ દલીલો કરી હતી. બનાવની વિગત મુજબ, આરોપી મહમદે ભોગ બનનાર સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધતા યુવતી સગર્ભા બની હતી. લગ્નનો ઈનકાર અને માનસિક આઘાતના કારણે યુવતીએ એસિડ પી લીધું હતું, જેથી તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાદમાં હાઈકોર્ટની મંજૂરીથી ગર્ભપાત કરાવાયો હતો. તપાસ કરનાર પોલીસ અધિકારીઓ ડી.બી. શુકલ અને એન.ડી. પાંડેની તપાસ દરમિયાન લેવાયેલા ભ્રૂણ અને આરોપીના ડી.એન.એ. સેમ્પલ મેચ થઈ જતાં વૈજ્ઞાનિક પુરાવો નિર્ણાયક સાબિત થયો હતો. અદાલતે દંડની રકમ પીડિતાને વળતર તરીકે આપવા તેમજ પીડિત વળતર યોજના હેઠળ પણ સહાય ચૂકવવા આદેશ કર્યો છે.

# જામજોધપુરના ધુનડા ગામે નવોઢાનો અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાત

**અબતક, રાજકોટ**

જામનગર જામજોધપુર તાલુકાના ધુનડા ગામે રહેતી પ્રેમ લગ્ન કરનાર ૨૦ વર્ષીય નવોઢાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ગઈકાલે રાત્રે તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે જામજોધપુર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે મૃતકે દોઢ વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હોય અને હજુ સુધી આપઘાતનું કારણ અકબંધ છે

આ અંગે મળતી માહિતી મુજબ જામનગરના જામજોધપુર તાલુકાના ધુનડા (ગોપ) ગામે રહેતી પાયલબેન પિતા શુક્લભાઈ જોશી ઉંમર વર્ષ ૨૦ વર્ષીય નવોઢાએ ગત તા ૨૬ ના રોજ અગમ્ય કારણોસર પોતાના ઘરે ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલના ખસેડવામાં આવી હતી જ્યાં લાંબી સારવાર બાદ ગઈકાલે રાત્રે તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાના પગલે જામજોધપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે મૃતકે ૧.૫ વર્ષ પહેલ લગ્ન થયા હતા તેમજ બે ભાઈની એકની એક બેન ના મોત થી પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે જામજોધપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર એ વાઘ વધુ તપાસ ચલાવી રહ્યાં છે

# ઉના: નવાબંદર નજીક માછીમારી બોટનો ખલાસી દરિયામાં પડયો: શોધખોળ

## ૩૦ વર્ષિય યુવાન અકસ્માતે સમુદ્રમાં પડયો: પુત્રની ભાળ નહી મળતા પરિજનો ચિંતામાં ગરકાવ

**અબતક, ઉના**

આ વખતે માછી મારો માટે સીઝન ખલાસી ઓ માટે ભારે હોય તેમ વારંવાર અકસ્માત અને પડી જવાના ડૂબી જવાના બનાવો વધેલ છે. વધુ એક બનાવ બનેલ છે. નવાબંદર દરિયા કિનારે થી બે દિવસ પહેલા પુનાભાઈ ચીના ભાઈ બામભણીયા ની સોનપરી નામની બોટ મા ટંડેલ સહીત ખલાસીઓ માછી મારી કરવા દરિયા મા ગયેલ હતા નવાબંદર જેટી થી ૧૯ નોટિકલ માઈલ દુર બોટ ઉભી હતી



ત્યારે વહેલી સવારે બોટ નો એક ખલાસી સુરેશભાઈ બાલાભાઈ મંજીઠીયા ઉ. વ. ૩૦ રે. કાળા પાણ તા. ઉના બોટ ના પાટિયા ઉપર લઘુ શઁકા કરવા ઉભો હતો ત્યારે અકસ્માતે બોટ માંથી દરિયા મા પડી ગયો હતો. અન્ય ખલાસીઓ ખુબ શોધ ખોળ કરવા છતાં મળી આવેલ નહી. ડુબી ગયો હોય. નવાબંદર મરીન પોલીસ સ્ટેશન મા ગુમ થઈ ગયા ની જાહેરાત કરી હતી. સુરેશભાઈ મંજીઠીયા ના પરિવાર ચિંતા મા પડી ગયો છે. વહેલી તકે સુરેશભાઈ મળી જાય તેવી પ્રાર્થના કરી રહીયા છે.

# ગીર સોમનાથ, બોટાદ, મહિસાગર અને ખેડામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ સ્થપાશે

## ડાયાલિસિસ માટે ઓછામા ઓછી ૧૦ પથારી ધરાવતું યુનિટ રાખવું પડશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં તબીબી શિક્ષણનો વ્યાપ વધારવા અને આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડા, મહીસાગર, બોટાદ અને ગીર-સોમનાથ જિલ્લાની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને ત્યાં આધુનિક સુવિધાઓથી સજ્જ બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજો સ્થાપવા માટે સંબંધિત સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી છે.



આ યોજના હેઠળ ખેડા જિલ્લામાં ગયાપ્રસાદ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. મહીસાગર જિલ્લામાં શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુલ, કલોલ (સ્વામિનારાયણ યુનિવર્સિટી), ગીર-સોમનાથ જિલ્લામાં ચાણક્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાવળ તથા બોટાદ જિલ્લામાં ડેલ્ટા મિલેનિયમ મેડિકેર પ્રાઈવેટ લિમિટેડ, ભડિયાદ (મોરબી) દ્વારા આધુનિક મેડિકલ કોલેજો અને હોસ્પિટલો વિકસાવવામાં આવશે.

આ અંગે આરોગ્ય મંત્રી પ્રફુલ

(અનુ. આઠમા પાને)

### હાલની નિઃશુલ્ક સુવિધાઓ યથાવત જ રહેશે

પસંદગી પામેલી સંસ્થાઓએ સંબંધિત હોસ્પિટલોમાં નાગરિકોને હાલ આપવામાં આવતી તમામ નિઃશુલ્ક સુવિધાઓ યથાવત રાખવાની રહેશે. આ ઉપરાંત, સગર્ભા મહિલાઓને પ્રસૂતિ બાદ તથા ૨૦ દિવસથી એક વર્ષ સુધીનાં બાળકોને સંપૂર્ણ નિઃશુલ્ક સારવાર પૂરી પાડવાની રહેશે. ડાયાલિસિસ સેવાઓ માટે ઓછામાં ઓછા ૧૦ પથારી ધરાવતું યુનિટ કાર્યરત કરવાનું રહેશે. તેમજ ટ્રોમા અને અકસ્માતના દર્દીઓને તાત્કાલિક નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ કરાવવાની રહેશે,

### રોગી કલ્યાણ સમિતિની રચના કરાશે

દર્દીલક્ષી સેવાઓના સુચારુ સંચાલન અને આયોજન માટે સંબંધિત જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં નવી રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવશે. આ પ્રોજેક્ટના અમલીકરણથી સ્થાનિક સ્તરે તબીબી શિક્ષણની બેઠકોમાં વધારો થવાની સાથે નાગરિકોને આધુનિક આરોગ્ય સેવાઓનો લાભ વધુ સરળતાથી મળી રહેશે, તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતુ.

# ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતમાં: વરદાયિની માતાજીના દર્શન કરશે



## માણસામાં બહુચર માતાજીના મંદિરે આરતીમાં સામેલ થશે

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ આજે એક દિવસ માટે ગુજરાતના પ્રવાસે છે તેઓ બપોરથી રાત્રી સુધી ૭ કલાકના રોકાણ દરમિયાન અલગ અલગ પાંચ કાર્યક્રમોમાં હાજરી આપશે.

આજે બપોરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહનું ગુજરાતમાં આગમન થશે તેઓ સૌ પ્રથમ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા પ્રેરણાતીર્થ દેરાસર ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. નરરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે ત્યારબાદ પાલડી સ્થિત શ્રી

(અનુ. આઠમા પાને)


RKUNIVERSITY
इलेक्ट्रॉनिकी एवं सूचना प्रौद्योगिकी मंत्रालय
MINISTRY OF ELECTRONICS AND INFORMATION TECHNOLOGY
MeitY Startup Hub
Digital India
KSPCFE | RKU
K S Patel Centre for Entrepreneurship

CALL FOR APPLICATIONS
MeitY GENESIS Pilot 2.0

Turn Your Solution Into Real-World Impact
Funding Up To
Rs. 40 Lakh
Pilot POs/WOs per Startup
To register, visit:
www.rku.ac.in/cfe/cfa26
Scan QR Code for Registration:
Last date to submit application: October 30, 2026
Contact: +91 93289 03508
Email: cfe@rku.ac.in



BEST COMPLIMENTS
ABTAK NEWSPAPER
VAGHANI
SHARES AND SECURITIES PVT. LTD





JEET VAGHANI
(DIRECTOR)
Mo.8320673366 / 9408894614
311, Jasal Comlex, 150 Feet Ring Road, NanaVati Chaok, Opp. Sterling Hospital, Rajkot - 360005



અબતક સાંધ્ય દૈનિક
સફળતાના શિખરો સર કરે તેવી
જન્મદિને હાર્દિક શુભેચ્છા...





RPBC
પરિવાર



સફળતાના 15 વર્ષ પૂર્ણ કરી 16 મા વર્ષમાં
મંગલ પ્રવેશ પ્રસંગે સાંધ્ય દૈનિક ન્યૂઝ પેપર
અબતક સાંધ્ય દૈનિક ને હાર્દિક શુભેચ્છા
MUTUAL FUNDS Sahi Hai





SIP KARO MAST RAHO
ભરોસા માં રોકાણ અને રોકાણ પર ભરોસો





SINCE : 2000
શ્રી મેહુલ એમ. રવાણી
અરિહંત ઈન્વેસ્ટમેન્ટ
રાજકોટ
Mob. 98258 82579 Customer Care No.: 98258 82539
Mutual Fund Investments Are Subject To Market Risks.
Please Read All Schemes Related Documents Carefully Before Investing.


